ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

24
MARCH, 2026
TUESDAY

પેજ 2

ડભોઈ મુખ્ય માર્ગો પર BSNLની જર્જરિત ટેલિફોન પેટીઓ બની 'મોતનો ફાંસો', તંત્ર ઘોર નિદ્રામાં

પેજ 3

શૈક્ષણિક મંચની નવમી સંગોષ્ઠિ ફોરમ એવોર્ડ અને અધ્યાત્મ સંવાદ સાથે સંપન્ન

પેજ 7

નંબર-1નો તાજ જાળવી રાખવા કમિશનરી એમ નાગરાજને કમર કસી

પેજ 5

અડાલજના બટર ફ્લાય બ્રિજ નીચે અકસ્માતમાં બાઈક સવાર દંપતીનું મોત

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 08 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

### ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન વાતચીત માટે ઉત્સુક છે અને જલ્દી સમજૂતી કરવા માંગે છે

# મુજતબા ખામેનીનું મોત નથી ઈચ્છતો, ઈરાનમાં નવી સરકાર બનશે : ટ્રમ્પ


**ટ્રમ્પ અનુસાર, અમેરિકા ઈરાનમાં નવી રાજકીય વ્યવસ્થાના વિકલ્પો પર કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે વેનેઝુએલાની જેમ કોઈ નવો નેતા સામે લાવી શકાય છે અથવા પછી અમેરિકા સાથે મળીને જોઈન્ટ લીડરશિપનું મોડેલ પણ અપનાવી શકાય છે**

• અમેરિકા

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેનીનું મૃત્યુ નથી ઈચ્છતા. તેમણે એમ પણ કહ્યું કે તેઓ નથી જાણતા કે મુજતબા જીવિત છે કે નહીં. ફ્લોરિડામાં પત્રકારો સાથેની વાતચીતમાં ટ્રમ્પે કહ્યું કે ઈરાનમાં સત્તા પરિવર્તન થઈ શકે છે અને આ દિશામાં એક ખાસ વ્યક્તિ સાથે વાતચીત ચાલી રહી છે. ટ્રમ્પ અનુસાર, અમેરિકા ઈરાનમાં નવી રાજકીય વ્યવસ્થાના વિકલ્પો પર કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે વેનેઝુએલાની જેમ કોઈ નવો નેતા સામે લાવી શકાય છે અથવા પછી અમેરિકા સાથે મળીને જોઈન્ટ લીડરશિપનું મોડેલ પણ અપનાવી શકાય છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન વાતચીત માટે ઉત્સુક છે અને જલ્દી સમજૂતી કરવા માંગે છે. તેમણે કહ્યું કે 5 દિવસ કે તેનાથી ઓછા સમયમાં આ ડીલ થઈ શકે છે.

વર્તમાન સમયમાં મિડલ ઈસ્ટ દેશોમાં ચાલી રહેલી યુદ્ધની સ્થિતિને કારણે વૈશ્વિક સ્તરે તેની અસરો જોવા મળી રહી છે. આ કટોકટીની સીધી અસર હવે કચ્છના પરિવહન ક્ષેત્ર પર પણ પડી છે. કંડલા મુન્દ્રા કન્ટેનર ટ્રાન્સપોર્ટ વેલફેર એસોસિએશન-KMCTWA દ્વારા એક 'ટ્રેડ નોટિસ' જાહેર કરીને ટ્રાન્સપોર્ટેશનના દરોમાં ધરખમ વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે.

એસોસિએશનના જણાવ્યા અનુસાર, મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિને કારણે રિટેલ પંપો પર ડીઝલનો પુરવઠો મર્યાદિત થઈ ગયો છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા ઈન્ડસ્ટ્રિયલ ડીઝલના ભાવ વધારીને રૂ. 112 પ્રતિ લિટર કરી દેવામાં આવ્યા છે. ટાયર કંપનીઓ અને સ્પેરપાર્ટ્સના વેપારીઓએ પણ તેમના ભાવમાં 3 થી 4 ટકાનો વધારો કર્યો છે. વાંચો સંપૂર્ણ સમાચાર



વિદેશ મંત્રી એસ. જયશંકરે સોમવારે અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો સાથે ફોન પર વાતચીત કરી હતી. આ દરમિયાન વેસ્ટ એશિયા (પશ્ચિમ એશિયા) માં ચાલી રહેલા સંઘર્ષ અને તેની વૈશ્વિક અર્થવ્યવસ્થા પર પડનારી અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ઊર્જા સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો.

જયશંકરે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે વાતચીતમાં વેસ્ટ એશિયાની સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર પર તેની અસર વિશે વિગતવાર ચર્ચા થઈ હતી. બંને નેતાઓએ ભવિષ્યમાં પણ સંપર્કમાં રહેવા માટે સંમતિ દર્શાવી હતી.

આ દરમિયાન, જયશંકરે ખાડી સહયોગ પરિષદ (GCC) ના સભ્ય દેશો - સૌદી અરેબિયા, UAE, ઓમાન, કતાર, બહેરીન અને કુવૈતના રાજદૂતો સાથે પણ મુલાકાત કરી હતી. બેઠકમાં વેસ્ટ એશિયાની સ્થિતિ અને ત્યાં રહી રહેલા ભારતીયોને મળી રહેલા સહયોગ અંગે ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત, જયશંકરે શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથ અને જર્મનીના વિદેશ મંત્રી જોહાન વાડેફુલ સાથે પણ વાત કરી હતી. આ તમામ ચર્ચાઓમાં વેસ્ટ એશિયાની સ્થિતિ અને તેની અસરો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

લેબનાનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, 2 માર્ચથી શરૂ થયેલા ઈઝરાયલના હુમલામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 1,039 લોકોના મોત થયા છે, જ્યારે 2,876 લોકો ઘાયલ થયા છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે માત્ર છેલ્લા 24 કલાકમાં જ દેશભરમાં 10 લોકોના મોત થયા છે અને અન્ય 90 લોકો ઘાયલ થયા છે. UAEની સરકારી તેલ કંપની ADNOCના પ્રમુખ સુલતાન અહેમદ અલ જાબેર દ્વારા હોર્મુઝ સ્ટ્રેટને નિશાન બનાવવાની ઘટનાને 'આર્થિક આતંકવાદ' ગણાવવામાં આવી છે. તેમણે કહ્યું કે હોર્મુઝને હથિયાર બનાવવું એ કોઈ એક દેશ વિરુદ્ધનું પગલું નથી, પરંતુ તે સમગ્ર વિશ્વ વિરુદ્ધ એક આર્થિક હુમલો છે. કોઈપણ દેશને હોર્મુઝ જેવા મહત્વના માર્ગને બંધક બનાવવાની મંજૂરી આપવી જોઈએ નહીં. વાસ્તવમાં, અમેરિકા-ઈઝરાયલની કાર્યવાહી બાદ ઈરાન પર હોર્મુઝ દ્વારા દબાણ બનાવવાનો આરોપ લાગ્યો છે, જેના કારણે તેલ પુરવઠો પ્રભાવિત થયો છે અને કિંમતોમાં વધારો થયો છે.




## નારોલ પોલીસની રહેમનજર હેઠળ 'મિનિ ગોવા'નો ખેલ!

### મીડિયાના નામે હપ્તા ઉઘરાવતો શખ્સ પણ સક્રિય!

# નારોલમાં PI ગઢવીના રાજમાં દારૂ-જુગારની રેલમછેલ: ૪ 'વહીવટદારો' ના નેટવર્કનો પર્દાફાશ

• અમદાવાદ

ગુજરાત મોડેલ અને દારૂબંધીના દાવાઓ વચ્ચે અમદાવાદનો નારોલ વિસ્તાર હાલમાં જાણે કાયદાથી પર હોય તેમ લાગી રહ્યું છે. નારોલ પોલીસ સ્ટેશનમાં નવા PI કે.એ. ગઢવીના આગમન બાદ ગુનાખોરી ડામવાને બદલે દારૂ અને જુગારના અડ્ડાઓ જાણે સત્તાવાર પરવાનો મળ્યો હોય તેમ ધમધમી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કાળા કારોબારને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે ૪ 'ખાસ' વહીવટદારોની નિમણૂક કરવામાં આવી છે. વહીવટદારોની ચોકડી અને લાખોનો હપ્તો નારોલ વિસ્તારમાં અંદાજે ૩૦ થી ૪૦ જેટલા ગેરકાયદેસર અડ્ડાઓ પરથી રોજનો લાખો રૂપિયાનો વહીવટ ઉઘરાવવાની જવાબદારી જીતેન્દ્ર સિંહ મંડોલા નામના શખ્સે સંભાળી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. નવાઈની વાત એ છે કે, આ નેટવર્કમાં પોલીસ ખાતાના ૩ કર્મચારીઓ ઉપરાંત એક પબ્લિકનો માણસ અને સૌથી આઘાતજનક બાબત એ છે કે મીડિયાના ઓઠે વહીવટ કરતો વિરેન્દ્ર ત્રિવેદી નામનો શખ્સ પણ સામેલ હોવાની વિગતો પોલીસ બેડામાં ચર્ચાઈ રહી છે.

રિપોર્ટ: પાક્કો ગુજરાત ન્યૂઝ, અમદાવાદ

#### પોલીસ સ્ટેશનની પાછળ જ દારૂના હાટડા! (એક્સક્લુઝિવ લિસ્ટ)

'પાક્કો ગુજરાત' ની તપાસમાં સામે આવેલા મુખ્ય અડ્ડાઓ:

* પોલીસ સ્ટેશનની બિલકુલ પાછળ: પૂજા (દેશી દારૂ) - ભારત નગર.
* પોલીસ ચોકીની પાછળ: જુબૈર (ઇંગ્લિશ દારૂ) - કર્ણાવતી પોલીસ ચોકી પાસે.
* શાળા-હોસ્પિટલની ગરિમાને નેવે મૂકી: એન્સ સ્કૂલ પાસે નીતા (દેશી દારૂ) અને વિનસમ હોટલ પાછળ ટાંકુ (દેશી દારૂ) ના અડ્ડાઓ.
* અન્ય મુખ્ય સ્પોટ: આઝાદ નગરમાં આઈશા, તલાવડી પાસે ટાંકી અને ધમો (ઇંગ્લિશ દારૂ) તેમજ સુશીલા અને સુનીતા (દેશી દારૂ).

#### તપાસના નામે મીંડું: PI ગઢવીનો મૌન સ્વીકાર?

જ્યારે 'પાક્કો ગુજરાત' ની ટીમે આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અંગે PI ગઢવીને ટેલિફોનિક જાણ કરી, ત્યારે કાર્યવાહી કરવાને બદલે તેમણે મૌન સેવી લીધું હતું. હવે તો સ્થિતિ એવી છે કે સાહેબ મીડિયાના ફોન ઉપાડવાનું પણ ટાળી રહ્યા છે. બીજી તરફ, સત્ય છાપ્યા પછી કથિત વહીવટદારો દ્વારા 'સેટલમેન્ટ' કરવા માટે ફોન આવવાના શરૂ થયા છે, જે સાબિત કરે છે કે પોલીસ અને બુટલેગરો વચ્ચેની સાંઠગાંઠ કેટલી ઉંડી છે.

#### શું મુખ્યમંત્રી અને ગૃહમંત્રી લાલ આંખ કરશે?

અમદાવાદમાં લઠ્ઠાકાંડની દહેશત વચ્ચે નારોલ પોલીસની આ બેદરકારી સરકારની છબી ખરડી રહી છે. ટૂંક સમયમાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ આવી રહી છે, ત્યારે શું ભાજપ સરકાર આવા ભ્રષ્ટ અધિકારીઓ અને વહીવટદારોના નેટવર્કને તોડશે? શું SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ) આ 'મિનિ ગોવા' બનેલા નારોલમાં દરોડા પાડવાની હિંમત બતાવશે?

### 'PI સાહેબ, વહીવટદારોના નામે ચાલતો આ ખેલ ક્યારે બંધ થશે?'

## ન્યૂયોર્ક એરપોર્ટ પર વિમાન-ટ્રકની ટક્કર, બંને પાયલોટના મોત

• ન્યૂયોર્ક


અમેરિકાના ન્યૂયોર્કમાં લા ગાર્ડિયા એરપોર્ટ પર રવિવારે રાત્રે (સ્થાનિક સમય મુજબ) એર કેનેડા એક્સપ્રેસનું એક વિમાન લેન્ડિંગ સમયે રનવે પર ફાયર ટ્રક સાથે અથડાયું. આનાથી વિમાનનો આગળનો ભાગ સંપૂર્ણપણે નાશ પામ્યો. આ દુર્ઘટનામાં પાયલટ અને કો-પાયલટનું મૃત્યુ થયું, જ્યારે ટ્રકમાં સવાર બે લોકો ઘાયલ થયા. જાઝ એવિએશન અનુસાર, આ ફ્લાઈટ મોન્ટ્રિયલથી આવી રહી હતી. CRJ-900 વિમાનમાં કુલ 72 મુસાફરો અને 4 ક્રૂ મેમ્બર સવાર હતા. ટક્કરના તરત જ બાદ રનવે 4 બંધ કરી દેવામાં આવ્યો. એરપોર્ટ પર ઈમરજન્સી લાગુ કરીને તમામ ફ્લાઈટ ઓપરેશન રોકી દેવામાં આવ્યા અને આવનારી ફ્લાઈટ્સને ડાયવર્ટ કરવામાં આવી. દુર્ઘટના પહેલા એર ટ્રાફિક કંટ્રોલરે વિમાન અને ગ્રાઉન્ડ વાહન બંનેને રોકાવા માટે કહ્યું હતું અને 'સ્ટોપ-સ્ટોપ' બૂમો પાડતો રહ્યો, પરંતુ તેમ છતાં ટક્કર થઈ. શરૂઆતી રિપોર્ટ મુજબ, આ પ્લેન એર કેનેડા એક્સપ્રેસની ફ્લાઈટ AC8646 હતી, જે એક બોમ્બાર્ડિયર CRJ-900 જેટ છે. તેને જાઝ એવિએશન ઓપરેટ કરે છે. જણાવવામાં આવી રહ્યું છે કે પ્લેન રનવે 4/22 પાસે એક ટેક્સીવેને પાર કરતી વખતે ફાયર ટ્રક સાથે અથડાયું. ઘટનાસ્થળેથી મળેલા પ્રારંભિક ફોટામાં પ્રાદેશિક જેટના આગળના ભાગને ઘણું નુકસાન દેખાઈ રહ્યું છે, જે દર્શાવે છે કે ટક્કર જોરદાર હતી. ઈમરજન્સી ટીમો પહોંચતા જ મુસાફરોને પ્લેનમાંથી ઉતાવામાં આવ્યા. ઓનલાઈન વાઈરલ થઈ રહેલી એર ટ્રાફિક કંટ્રોલ (ATC)ની રેકોર્ડિંગમાં ટક્કરના બરાબર પહેલા ટ્રકને 'રોકો' (stop)ની ચેતવણી આપવામાં આવી રહી છે.

### હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજ લઇ જવા માટે 18.8 કરોડનો ટોલ ટેક્સ નાખ્યો

## યુદ્ધ વચ્ચે ઓઈલ-ગેસથી ઈરાનની રેકોર્ડ કમાણી: ખાડી દેશોનું ઉત્પાદન 70% સુધી ઘટ્યું

• દુબઈ/તેહરાન

અમેરિકા-ઈઝરાયલ સાથેના યુદ્ધને ઈરાને એક તકમાં બદલી નાખ્યું છે. અમેરિકાએ ખાર્ગ આઈલેન્ડ નજીક સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા, પરંતુ વૈશ્વિક ઓઈલ સંકટના ડરથી ઓઈલ ટર્મિનલને સીધું નિશાન બનાવ્યું ન હતું. આનો ફાયદો ઉઠાવતા ઈરાને ખાર્ગ ટર્મિનલ ચાલુ રાખ્યું અને 'ઘોસ્ટ ફ્લીટ' દ્વારા ચીનને સપ્લાય ચાલુ રાખી છે. તેણે વૈશ્વિક દરિયાઈ વેપારના મહત્ત્વપૂર્ણ સાંકડા માર્ગ હોર્મુઝ જળસંધિમાંથી પસાર થવા બદલ કેટલાક જહાજો પાસેથી 20 લાખ ડોલર (લગભગ 18.8 કરોડ રૂપિયા) લેવાનો નિર્ણય કર્યો છે. આ ભારે ટેક્સ પહેલેથી જ લાગુ કરવામાં આવ્યો છે. ઈરાનના સાંસદ અલાઉદ્દીન બોરુજેર્દી, જે સંસદની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિના



સભ્ય છે, એ ઈરાનના સરકારી બ્રોડકાસ્ટર ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન બ્રોડકાસ્ટિંગ (IRIB) ને આ વાત કહી છે. આ રિપોર્ટ ઈરાન ઈન્ટરનેશનલે છાપ્યો છે. સાઉથ પારસ ગેસ ફિલ્ડ પરના હુમલાથી નિકાસ પ્રભાવિત થઈ, પરંતુ ગેસ સપ્લાય સંપૂર્ણપણે બંધ થઈ ન હતી. રિપોર્ટ છે કે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા વિદેશી જહાજો પાસેથી ઈરાન પ્રતિ જહાજ લગભગ 18.8 કરોડ રૂપિયા 'વોર ટેક્સ' પણ વસૂલી રહ્યું છે. બોરુજેર્દી અનુસાર, આ પગલું ઘણા દાયકાઓ પછી જળસંધિમાં એક નવા "સાર્વભૌમ શાસન" ને દર્શાવે છે. બોરુજેર્દીએ કહ્યું કે જળસંધિમાંથી પસાર થતા કેટલાક જહાજો પાસેથી 20 લાખ ડોલરનો પારગમન શુલ્ક (ટ્રાન્ઝિટ ફી) લેવો એ ઈરાનની તાકાત દર્શાવે છે.

### કામગીરી ચાલુ; 1 કિમી સુધી ફેલાયો એમોનિયા ગેસ

## પ્રયાગરાજમાં કોલ્ડ સ્ટોરેજ ધરાશાયી, 4નાં મોત : 20 દટાયા હોવાની આશંકા

• પ્રયાગરાજ

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં સોમવારે બપોરે લગભગ દોઢ વાગ્યે કોલ્ડ સ્ટોરેજની એક ઈમારત ધરાશાયી થઈ ગઈ. કાટમાળ નીચે લગભગ 20 મજૂરો દટાઈ ગયા. પ્રશાસન 5 જેસીબી વડે બચાવ કામગીરી ચલાવી રહ્યું છે. એસડીઆરએફ અને એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે હાજર છે. અત્યાર સુધીમાં 9 લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. 4 લોકોના મોત થયા છે. જોકે, પ્રશાસને હજુ સુધી મૃત્યુની પુષ્ટિ કરી નથી. દુર્ઘટના બાદ કોલ્ડ સ્ટોરેજમાંથી એમોનિયા ગેસ લીક થવા લાગ્યો. લગભગ 1 કિલોમીટર સુધી ગેસની દુર્ગંધ ફેલાઈ ગઈ છે. મોટા ભા ગના લોકોએ મોં પર કપડું (રૂમાલ , ગમછો) બાંધ્યું છે. આ દુર્ઘટના ફાફામઉ વિસ્તારમાં બની હતી. ઘટનાને લઈને લોકો ગુસ્સામાં છે. પોલીસને પણ વિરોધનો સામનો કરવો પડ્યો. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે પહેલા કોલ્ડ સ્ટોરેજમાં ધમાકો થયો, પછી ઈમારત ધડાકાભેર ધરાશાયી થઈ ગઈ. આદર્શ કોલ્ડ સ્ટોરેજ નામની આ ઈમારત સપા નેતા અને પૂર્વ મંત્રી અંસાર અહેમદની છે. કોલ્ડ સ્ટોરેજ લગભગ 5 હજાર સ્ક્વેર ફૂટ જમીન પર બનેલું છે. તેનો લગભગ 1500 સ્ક્વેર ફૂટનો ભાગ ધરાશાયી થયો છે. અહીં 100થી વધુ લોકો કામ કરે છે. પોલીસે કોલ્ડ સ્ટોરેજના મેનેજર અને અંસાર અહેમદના પરિવારના ઘણા સભ્યોને કસ્ટડીમાં લીધા છે. આદર્શ કોલ્ડ સ્ટોરેજ નામની આ ઈમારત સપા નેતા અને પૂર્વ મંત્રી અંસાર અહેમદની છે. કોલ્ડ સ્ટોરેજ લગભગ 5 હજાર સ્ક્વેર ફૂટ જમીન પર બનેલું છે. તેનો લગભગ 1500 સ્ક્વેર ફૂટનો ભાગ ધરાશાયી થયો છે.

## હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાનું સ્વીકાર્ય નથી: કોરોનાની જેમ કસોટીનો સમય, ધીરજ રાખી : PM મોદી

### એકથઇને લાંબો સમય લડવાની તૈયારી કરો; વાતચીતથી જ ઉકેલ આવશે

• નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં સંઘર્ષની પરિસ્થિતિ પર પીએમ મોદીએ પહેલીવાર સંસદમાં સંબોધન કર્યુ. મોદીએ કહ્યું- હું આ ગૃહમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને ભારત પર તેની અસર અંગે ચર્ચા કરવા આવ્યો છું. ત્યાંની પરિસ્થિતિ હાલમાં ચિંતાજનક છે. લોકસભામાં 25 મિનિટના ભાષણમાં તેમણે કહ્યું કે તણાવનો અંત આવવો જોઈએ. વાતચીત જ એકમાત્ર ઉકેલ છે. પીએમએ કહ્યું, સરકાર દેશમાં તેલ અને ગેસ સંકટને રોકવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે, અમે હવે 27 દેશોને બદલે 41 દેશોમાંથી આયાત કરી રહ્યા છીએ. પશ્ચિમ એશિયામાં એક કરોડ ભારતીયો રહે છે. તેમની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે 3.75 લાખ ભારતીયો સુરક્ષિત રીતે દેશમાં પાછા ફર્યા છે. હજારો લોકો ફક્ત ઈરાનથી જ સુરક્ષિત રીતે પાછા ફર્યા છે. તેમાં 700થી વધુ યુવાનો મેડિકલનો અભ્યાસ કરનાર છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ અંગે પીએમ મોદીએ સોમવારે લોકસભામાં કહ્યું કે ત્યાંની સ્થિતિ હાલમાં ચિંતાજનક છે. સરકાર દેશમાં તેલ અને ગેસ સંકટ ટાળવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે, અમે હવે 27 ને બદલે 41 દેશોમાંથી આયાત કરી રહ્યા છીએ. મોદીએ કહ્યું- કોરોનાકાળની જેમ હાલમાં પણ એકજુથ થઈને પરિસ્થિતિનો સામનો કરવાનો સમય છે. પીએમ મોદીએ લોકસભામાં જણાવ્યું હતું કે ઈરાન-ઈઝરાયલ યુદ્ધની અસરો લાંબા સમય સુધી રહી શકે છે. આપણે કોરોના સંકટની જેમ તૈયાર રહેવું પડશે. જોકે, ભારતની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે અમે વૈકલ્પિક ઉકેલો પણ શોધી રહ્યા છીએ.

મોદીએ કહ્યું, 1 કરોડ ભારતીયો ત્યાં રહે છે અને કામ કરે છે. ત્યાં જતા જહાજોમાં મોટી સંખ્યામાં ભારતીય ક્રૂ સભ્યો હોય છે. પરિણામે, આપણી ચિંતા સ્વાભાવિક છે. આ યુદ્ધ શરૂ થયું ત્યારથી, અસરગ્રસ્ત દેશોમાં દરેક ભારતીયને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી છે. મેં તેમની સાથે ફોન પર બે વાર વ્યક્તિગત રીતે વાત કરી છે. બધાએ ભારતીયોની સુરક્ષાની ખાતરી આપી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# ડભોઈ મુખ્ય માર્ગો પર BSNLની જર્જરિત ટેલિફોન પેટીઓ બની 'મોતનો ફાંસો', તંત્ર ઘોર નિદ્રામાં

## ડભોઇ શહેરના વિવિધ વિસ્તારોમાં શોભાના ગાંઠિયા સમાન બનેલી પેટીઓ ગમે ત્યારે મોટી જાનહાનિ સર્જી શકે તેવી ભીતિ

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ મુખ્ય માર્ગો પર BSNLની જર્જરિત ટેલિફોન પેટીઓ બની 'મોતનો ફાંસો', તંત્ર ઘોર નિદ્રામાં ડભોઈ શહેરના વિવિધ વિસ્તારોમાં શોભાના ગાંઠિયા સમાન બનેલી પેટીઓ ગમે ત્યારે મોટી જાનહાનિ સર્જી શકે તેવી ભીતિ; સ્થાનિકોમાં રોષ ડભોઈ શહેરમાં ટેકનોલોજીના બદલાતા યુગ સાથે લેન્ડલાઈન ફોનનો વપરાશ ઘટ્યો છે, પરંતુ તેની પાછળ રહી ગયેલા અવશેષો હવે રાહદારીઓ માટે જીવનું જોખમ બની રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગો અને મહોલ્લાઓમાં આવેલી BSNLની ટેલિફોન પેટીઓ (DP Box) હાલ અત્યંત બિસ્માર અને જર્જરિત હાલતમાં જોવા મળી રહી છે મુખ્ય



સમસ્યાઓ અને જોખમો:

તૂટી ગયેલા સ્ટેન્ડ: મોટાભાગની પેટીઓ નીચેથી સડી ગઈ છે અથવા તેના લોખંડના સ્ટેન્ડ તૂટી ગયા છે, જે ગમે ત્યારે રસ્તા પર પસાર થતા વાહનો કે રાહદારીઓ પર પડી શકે છે શોભાના ગાંઠિયા: મોબાઈલ ક્રાંતિ બાદ લેન્ડલાઈન જોડાણો ઓછા થતા આ પેટીઓ હવે બિનઉપયોગી બની ગઈ છે અને માત્ર 'શોભાના ગાંઠિયા' સમાન લટકી રહી છે.

અકસ્માતનો ભય: ડભોઈના વ્યસ્ત ગણાતા મેન રસ્તાઓ પર આ પેટીઓ નમેલી હાલતમાં હોવાથી ટ્રાફિક અને ખાસ કરીને નાના બાળકો માટે મોટું જોખમ ઉભું થયું છે સ્થાનિકોની માંગ નગરજનોનું કહેવું છે કે જો આ પેટીઓ હવે કોઈ કામની ન હોય, તો BSNL તંત્ર દ્વારા તેને તાત્કાલિક અસરથી હટાવી લેવી જોઈએ. કોઈ મોટી જાનહાનિ કે ગંભીર અકસ્માત સર્જાયા બાદ તંત્ર જાગશે એવો પ્રશ્ન હાલ ડભોઈની જનતા પૂછી રહી છે રસ્તા વચ્ચે લટકતી આ લોખંડની પેટીઓ ગમે ત્યારે કોઈનો જીવ લઈ શકે છે. તંત્રએ જાગૃત થઈને સમયસર આ જોખમી પેટીઓ દૂર કરવી જોઈએ.

# SPHS 1973 ગ્રુપનું સ્નેહમિલન ઈડર ખાતે યોજાયું

ઈડરની ઐતિહાસિક સર પ્રતાપ હાઈસ્કુલ કે જેની સ્થાપના ૧૮૯૦ માં થઈ હતી. અને થોડાક વર્ષો પહેલા જેને ૧૨૫ વર્ષ પૂર્ણ થતાં સવા શતાબ્દી વર્ષની ઉજવણી કરાઈ હતી. આવી શાળામાં 1973 માં ઓલ્ડ એસએસસીમાં ભણેલ વિદ્યાર્થીઓ જેઓ આજે 70 વર્ષની આસપાસના થઈ ગયા છે તેઓનું એક ગ્રુપ 3- 8 -2019 ના રોજ બનાવ્યું હતું. આ ગ્રુપના સદસ્યો ખેડબ્રહ્મા, વડાલી, ઈડર તાલુકાના ગામોમાં, હિંમતનગર, અમદાવાદ જેવા અલગ વિસ્તારોમાં રહે છે. ચંદ્રકાંતભાઈ પી. પટેલ નામના સદસ્ય અમેરિકા રહે છે. કેટલાક નોકરીમાંથી નિવૃત્ત થયેલ છે. કેટલાક ધંધામાંથી નિવૃત્ત થયેલા છે કેટલાક ધંધામાં તથા અન્ય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત છે. આ આ ગ્રુપ બનાવ્યા પછી પહેલું ગેધરેસન 4-7-21 ના રોજ જલમંદિર ઈડરમાં, બીજું કર્ણવનાથ મંદિરે 25-2-22 ના રોજ, ત્રીજુ કર્ણવનાથ મંદિર ઈડર માં 12- 3- 23 ના રોજ, ચોથું 17-3 -24 ના , રોજ નાના પોશિના જૈન મંદિર ખાતે યોજાયું હતું અને પાંચમું ગેધરેસન કુબેર પ્લાઝા હોલ ઈડર ખાતે તારીખ 22-3-26 રવિવારના રોજ સવારે 10:30 કલાકથી 3 કલાક વચ્ચે યોજાયું.

**યોજાયો** જેસીઆઈ શાહિબાગ અમદાવાદનો 26મો શપથ ગ્રહણ સમારોહ ધામધૂમથી યોજાયો

# 2026 માટે અનિલ જીવાવતએ અધ્યક્ષ તરીકે શપથ લીધી; વિમલ બાગરેચા સચિવ અને અંકિત કોઠારી ખજાનચી તરીકે નિમાયા

## અતિથિઓનું સંસ્થાની તરફથી પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું

અમદાવાદ : યુવાનોના વ્યક્તિત્વ વિકાસ અને નેતૃત્વ તાલીમ માટે કાર્યરત અંતરાષ્ટ્રીય સામાજિક સંસ્થા જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલના શાહિબાગ અમદાવાદ ચેપ્ટરનો શપથ ગ્રહણ સમારોહ વૈષ્ણોદેવી સર્કલ નજીક ધ રોયલ પેવેલિયન બેન્ક્વેટ હોલ ખાતે યોજાયો હતો. સંસ્થાના પૂર્વ અધ્યક્ષ મુકેશ આર. ચોપડાએ પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવ્યું કે રવિવાર (22-03-2026) સાંજે 7:30 વાગ્યે જેસીસ ગીત સાથે કાર્યક્રમનો શુભ આરંભ થયો.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે દિનેશ કુમાર વિજય (દેવ આમ્રકુંજ પ્લેટિનમ બિલ્ડકેપ), કી નોટ સ્પીકર તરીકે જેસી લલિત બલડાનિયા (જેસીઆઈ ઝોન 8 અધ્યક્ષ) તથા વિશિષ્ટ અતિથિ તરીકે દિનેશ જૈન (ડિરેક્ટર: રાજરત્ન ઈલેક્ટ્રિકલ પ્રા. લિ.) અને જેસી યોગેશ્વરી રાઠોડ (જેસીઆઈ ઝોન 8 ઉપાધ્યક્ષ),

જેસીઆઈ શાહિબાગના સ્થાપક અધ્યક્ષ જેસી અશોક બાફના, નિવર્તમાન અધ્યક્ષ જેસી અલ્કેશ બાગરેચા, અધ્યક્ષ જેસી આકાશ મહેતા, સચિવ જેસી અનિલ જીવાવત તથા ખજાનચી સુમિત જૈન સહિતે દીપ પ્રજ્વલન કરીને મંચ પર સ્થાન ગ્રહણ કર્યું। તમામ



અતિથિઓનું સંસ્થાની તરફથી પુષ્પગુચ્છ અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું હતું .

વર્ષ 2025ના અધ્યક્ષ આકાશ મહેતાએ તમામ આગંતુકોનું સ્વાગત કરીને પોતાના કાર્યકાળનો અહેવાલ રજૂ કર્યો તેમજ વર્ષ દરમિયાન થયેલા કાર્યક્રમોનો સુંદર વિડિયો પણ રજૂ કર્યો, જેને સૌએ પ્રશંસા કરી।

ત્યારબાદ વર્ષ 2008ના જેસીઆઈ શાહિબાગના ઊર્જાવાન અધ્યક્ષ અને પ્રભાવશાળી વક્તા દિનેશ શ્રીશ્રીમાલે વર્ષ 2026ના અધ્યક્ષ અનિલ જીવાવતનો પરિચય આપ્યો અને સભામાં ઉત્સાહનું માહોલ સર્જ્યો।

પછી વર્ષ 2026ના અધ્યક્ષ જેસી અનિલ જીવાવત, સચિવ વિમલ બાગરેચા અને ખજાનચી અંકિત કોઠારીને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યા તથા જેસીઆઈ પિનથી સન્માનિત કરવામાં આવ્યા।

નવનિયુક્ત અધ્યક્ષ અનિલ જીવાવતે સંસ્થાએ તેમને આ જવાબદારી સોંપવા બદલ આભાર વ્યક્ત કર્યો અને સમગ્ર કાર્યકાળ દરમિયાન સૌના સહકારની અપેક્ષા વ્યક્ત કરી। ત્યારબાદ તેમણે વર્ષ 2026ની સંપૂર્ણ ગવર્નિંગ ટીમને ગોપનીયતાની શપથ અપાવી તથા નવા સભ્યોને શપથ જેસીઆઈ ઝોન 8ના અધ્યક્ષ જેસી લલિત બલડાનિયા દ્વારા અપાવવામાં આવી।

મંચાસીન અતિથિઓએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે જેસીઆઈ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં વ્યક્તિત્વ વિકાસ સાથે સમાજસેવાના ઉત્તમ કાર્યો કરી રહી છે। શિક્ષણ, આરોગ્ય, સમાજ, રાષ્ટ્ર, રમતગમત, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સંસ્થા સમર્પણભાવથી સેવાકાર્ય કરી રહી છે, જે પ્રશંસનીય છે।

સ્થાપક અધ્યક્ષ અશોક બાફનાએ જણાવ્યું કે તેઓ નવી નિયુક્ત કાર્યકારિણી પાસેથી આશા રાખે છે કે તેઓ વર્ષ 2026ને યાદગાર બનાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે।

સ્થાપક અધ્યક્ષ જેસી અશોક બાફનાએ યુવા વયે સુંદર મંચ સંચાલન કરવા બદલ યુવિકા મુકેશ ચોપડાની પ્રશંસા કરી અને ઝોન અધ્યક્ષ સાથે પુષ્પગુચ્છથી સન્માનિત કરીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી।

કાર્યક્રમ દરમિયાન વિવિધ સંસ્થાઓ અને સમાજમાંથી પધારેલા મહાનુભાવોનું સન્માન પૂર્વ અધ્યક્ષ રાણમલ તાતેડ દ્વારા ગૌરવપૂર્ણ શબ્દોમાં કરવામાં આવ્યું।.

પ્રોજેક્ટ ચેરપર્સન ડૉ. સિદ્ધાર્થ ગોકાણીએ જણાવ્યું હતું કે લોકો પરંપરાગત રાજકારણથી કંટાળી ગયા છે

# પોરબંદરમાં આમ આદમી પાર્ટી દ્વારા અનોખું 'ટેલેન્ટ હન્ટ'નું સફળ આયોજન : વિજેતાઓને પ્રોત્સાહિત કરાયા

**પોરબંદર ટેલેન્ટ હન્ટ** ૧૫૦થી વધુ એન્ટ્રીઓમાંથી ૪૫ પસંદ – બાળકો અને યુવાનોની પ્રતિભાનો રંગીન મહોત્સવ

• ગોસા(ઘેડ) તા.૨૩

આમ આદમી પાર્ટી પોરબંદર દ્વારા તા.૨૨ માર્ચના રોજ ખીજડી પ્લોટ, નટવરસિંહજી બાગ ખાતે અનોખા "પોરબંદર ટેલેન્ટ હન્ટ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ શહેરના બાળકો અને યુવાનોમાં રહેલી વિવિધ પ્રતિભાઓને મંચ પૂરું પાડવાનો અને તેમને પ્રોત્સાહિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં આશરે ૧૫૦થી વધુ એન્ટ્રીઓ મળી હતી, જેમાંથી પસંદગી કરીને ૪૫ પ્રતિભાશાળી સ્પર્ધકોને કાર્યક્રમમાં સ્થાન આપવામાં આવ્યું હતું. આ ટેલેન્ટ શો પોરબંદરવાસીઓ માટે યાદગાર બની રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ડાન્સ, સિંગિંગ, શાયરી તેમજ



સૌરાષ્ટ્રની પરંપરાગત કલાઓ જેવા કે મણિયારો રાસનું સુંદર પ્રદર્શન થયું હતું. શાસ્ત્રીયથી લઈને વેસ્ટર્ન ડાન્સ, લોકગીતોથી લઈને બોલિવૂડ ગીતો અને શાયરો માટે ખાસ મંચ તૈયાર કરવામાં આવ્યો હતો, જેને દર્શકો તરફથી ભારે પ્રશંસા મળી હતી. ૧૧ થી ૧૭ વર્ષના બાળકો તેમજ ૧૮ વર્ષથી ઉપરના યુવાનો- યુવતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની કળા દ્વારા પોરબંદરના નાગરિકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના તમામ કાર્યકરો હાજર રહ્યા હતા અને સૌએ મળીને આ આયોજનને સફળ બનાવવામાં મહેનત કરી હતી. સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી રાજુભાઈ બોરખતરીયા તથા તેમની ટીમ પણ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમના અંતે રાજુભાઈ બોરખતરીયાએ જણાવ્યું હતું કે રાજકારણની સાથે આવી સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવું એ ખૂબ જ અનોખી બાબત છે અને ગુજરાત આમ આદમી પાર્ટી માટે આ એક નવી પહેલ છે.

સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાઓને ટ્રોફી અને પ્રોત્સાહન ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા.

પ્રોજેક્ટ ચેરપર્સન ડૉ. સિદ્ધાર્થ ગોકાણીએ જણાવ્યું હતું કે લોકો પરંપરાગત રાજકારણથી કંટાળી ગયા છે અને હવે હકારાત્મક તથા નવી પ્રવૃત્તિઓ તરફ આકર્ષાય છે. આથી જ બાળકો અને યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર આયોજન આમ આદમી પાર્ટી પોરબંદર ટીમ તથા ટીમ ધન્યતા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે જાહેર નાગોરી અને ચાંદનીબેન મલકાણે સેવાઓ આપી હતી, જ્યારે કાર્યક્રમનું સંચાલન ડૉ. સિદ્ધાર્થ અને નેહા અટારા દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગણપત યુનિવર્સિટીમાં એનિમિયા ટેસ્ટ અને સારવાર કેમ્પનું સફળ આયોજન થયું !

## સહાયરૂપ બનેલી રાજકોટની બી. ટી. સવાણી કિડની હોસ્પિટલનો સાંપડ્યો મૂલ્યવાન સહયોગ

ભારતમાં એનિમિયા એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા છે અને ખાસ કરીને મહિલાઓમાં લગભગ 70 ટકા સુધી આયર્નની ઉણપ જોવા મળે છે એટલે એ દિશામાં એક નમ્ર કોશિશના ભાગરૂપે ગણપત યુનિવર્સિટીએવિદ્યાર્થીઓ અને કર્મચારીઓના આરોગ્ય કલ્યાણ માટે રાજકોટની બી. ટી. સવાણી કિડની હોસ્પિટલના સહયોગ સાથે તાજેતરમાં યુનિવર્સિટીના આંગણે એનિમિયા ટેસ્ટ અને સારવાર કેમ્પનું આયોજન કર્યું હતું. રાજકોટની બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ છેલ્લા 25 વર્ષથી સમાજના વિવિધ સ્તરે એનિમિયા નિવારણ માટે કાર્યરત છે અને વિવિધ સ્ક્રીનિંગ તથા સારવાર કાર્યક્રમો દ્વારા અત્યાર સુધીમાં દસ લાખથી વધુ લોકો સુધી પહોંચ્યા છે. સવાણી હોસ્પિટલના શ્રી ભાણજીભાઈ કુંડારિયા અને શ્રી કિશોરભાઈ કુંડારિયા ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપત દાદાના મિત્રો છે જેમના સૌજન્યથી આ સેવા યજ્ઞનું આયોજન શક્ય બન્યું હતું.

કેમ્પનો પ્રારંભ સવારથી થયો હતો જેમાં શરૂઆતમાં એનિમિયા, કેન્સર તથા કિડનીના




રોગો વિષે જાગૃતિ ઊભી કરવાથી થઈ હતી. આ અવસરે વિદ્યાર્થીઓ અને કર્મચારીઓને એનિમિયાના કારણો, સમયસરની તપાસ અને નિવારણ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, ત્યારબાદ સમગ્ર યુનિવર્સિટીની વિવિધ કોલેજો અને સ્કૂલોમાં કેમ્પ દરમિયાન 3300થી વધુ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓનું વિનામૂલ્યે હિમોગ્લોબીન ટેસ્ટિંગ થયું અને આરોગ્યની તપાસ કરવામાં આવી. આ કેમ્પ દ્વારા ગણપત યુનિવર્સિટીએ શિક્ષણ જગતમાં એનિમિયા અંગે જાગૃતિ, વહેલી તપાસ અને યોગ્ય સારવારને પ્રોત્સાહન આપવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કર્યો છે. આ પ્રયસમાં કુંડારિયા ફેમિલી રિસોર્સ ફાઉન્ડેશન ( અમેરિકા ) તેમજ ભારતની અનેક સંસ્થાઓ જેવી કે શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ, અણમોલ એજ્યુકેશન ટ્રસ્ટ, બોલબાલા ટ્રસ્ટ, ગીરગંગા ફોઉન્ડેશન, સૌરાષ્ટ્ર સર્વોદય ટ્રસ્ટ, લાઈફ ફાઉન્ડેશન, દિવાળીબેન ટ્રસ્ટ અને રાજકોટ કેન્સર સોસાયટી વગેરેનો પણ સહયોગ રહ્યો છે. ઉપરાંત વૃક્ષારોપણ અને વૃધ્ધાશ્રમ જેવી સામાજિક પ્રવૃત્તિઓ કરતું રાજકોટનું સદભાવના ટ્રસ્ટ પણ આ પ્રવૃત્તિમાં સહયોગ આપે છે.

# પોરબંદરના સાંદીપનિ વિદ્યાનિકેતનના ઋષિકુમારોની રાષ્ટ્રીય સ્તરે ઝળહળતી સિદ્ધિ

## અખિલ ભારતીય શાસ્ત્રીય સ્પર્ધામાં સુવર્ણ અને રજત ચંદ્રક મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું

• ગોસા(ઘેડ) તા.૨૩

પોરબંદરમાં પૂજ્યભાઈ રમેશભાઈ ઓઝા દ્વારા સ્થાપિત સાંદીપનિ વિદ્યાનિકેતન ખાતે આવેલ શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય ના ઋષિકુમારોએ રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર સિદ્ધિ હાંસિલ કરી છે. તમિલનાડુના કાંચીપુરમ ખાતે યોજાયેલ ૬૩મી અખિલ ભારતીય શાસ્ત્રીય સ્પર્ધામાં તેમણે સુવર્ણ અને રજત ચંદ્રક મેળવી સાંદિપની સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ પૂજ્ય ભાઈશ્રીએ ઋષિકુમારોને આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા હતા. ગૃહપતિ હરિપ્રસાદ બોબડેજી, પ્રધાનાચાર્ય બિપિનભાઈ જોષી તથા તમામ અધ્યાપકમંડળે પણ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

ભારતભરના વિવિધ સંસ્કૃત મહાવિદ્યાલયો અને ગુરુકુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દર વર્ષે રાજ્ય અને ત્યારબાદ રાષ્ટ્રીય સ્તરે શાસ્ત્રીય સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ વર્ષે કાંચીપુરમ સ્થિત શ્રી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી વિશ્વમહાવિદ્યાલય ખાતે તા.૧૦ થી ૧૩ માર્ચ દરમિયાન યોજાયેલી સ્પર્ધામાં દેશના ૨૬ રાજ્યોમાંથી ૭૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં સાંદીપનિ સ્થિત શ્રી બાબડેશ્વર સંસ્કૃત મહાવિદ્યાલય ના ઋષિકુમારોએ પણ અખિલ ભારતીય શાસ્ત્રીય સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ૨૬ રાજ્યોના સ્પર્ધકો સાથે સ્પર્ધા કરીને આ સ્પર્ધામાં સાંદીપનિના ઋષિકુમારો એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. સ્ફૂર્તિ (સંસ્કૃત શાસ્ત્ર ક્વિઝ) સ્પર્ધામાં તેરૈયા પાર્થ અને તુષાર જોશીએ પ્રથમ સ્થાન મેળવી સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો હતો, જ્યારે કાવ્ય શલાકા ચંપૂરામાયણ વિષયમાં રક્ષિત જોશીએ તૃતીય સ્થાન મેળવી રજત ચંદ્રક હાંસિલ કર્યો હતો.

આ સિદ્ધિ બદલ પૂજ્ય ભાઈશ્રીએ ઋષિકુમારોને આશીર્વાદ સાથે અભિનંદન પાઠવ્યા હતા. ગૃહપતિ હરિપ્રસાદ બોબડેજી, પ્રધાનાચાર્ય બિપિનભાઈ જોષી તથા તમામ અધ્યાપકમંડળે પણ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# ગંભીર બેદરકારી ભીલાપુર ઓવરબ્રિજ પાસે રેલિંગનું મોટું ધોવાણ

• ફકીરા ખત્રી ડભોઈ

ગંભીર બેદરકારી ભીલાપુર ઓવરબ્રિજ પાસે રેલિંગનું મોટું ધોવાણ, તંત્ર કોઈ હોનારતની રાહ જોઈ રહ્યું છે ડભોઈ તાલુકાના ભીલાપુર ગામ પાસેથી પસાર થતા અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા મુખ્ય માર્ગ પર તંત્રની ઘોર બેદરકારી સામે આવી છેગત ચોમાસા દરમિયાન ઢાઢર નદી પાસેના ઓવરબ્રિજની રેલિંગમાં મોટું ધોવાણ થયું હતું, જેને આજે મહિનાઓ વીતી ગયા હોવા છતાં રિપેર કરવામાં આવ્યું નથી. મુખ્ય સમસ્યાઓ અને ગંભીરતા જોખમી સ્થિતિ: ચોમાસું પૂરું થઈ ગયું અને ઉનાળાના પણ બે મહિના વીતવા આવ્યા છે ઓ રેડિયમ વાળા બોર્ડ પર લગાવવામાં આવ્યા નથી છતાં તંત્ર દ્વારા માત્ર બે થાંભલા મૂકીને સંતોષ માની લેવાયો છે. વ્યસ્ત માર્ગ: આ માર્ગ વિશ્વપ્રસિદ્ધ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' તરફ જતો મુખ્ય રસ્તો છે. ડભોઈ, રાજલી અને ભીલાપુર વચ્ચે ઓવરબ્રિજનું કામ ચાલતું હોવાથી અહીં ટ્રાફિકનું ભારણ સતત રહે છે. અકસ્માતનો ભય: રોજના હજારો વાહનો અહીંથી પસાર થાય છે. જો કોઈ વાહન ચાલક અંધારામાં કે ભૂલથી આ ધોવાણ વાળા ભાગ તરફ જાય, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી શક્યતા છે. એસી કેબિનમાં બેઠેલા અધિકારીઓ ક્યારે જાગશે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે સ્ટેટ હાઈવેના અધિકારીઓ માત્ર એસી ચેમ્બરમાં બેસીને ઓર્ડર આપે છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર આવીને પરિસ્થિતિની ગંભીરતા જોવાની તસ્દી લેતા નથી સવાલ એ છે કે: શું કોઈ નિર્દોષનો જીવ જશે ત્યારે જ તંત્રની ઊંઘ ઉડશે? જો કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તો તેનો જવાબદાર કોણ તંત્ર પાસે તાત્કાલિક માંગ: ઢાઢર નદી પાસેની રેલિંગનું યુદ્ધના ધોરણે પાકું રિપેરિંગ કરવામાં આવે.

૫૦ થી ૧૦૦ ગંભીર બીમારીવાળા દર્દીઓને મોંઘી સારવાર કે ઓપરેશનમાં મદદ કરી શકાય

# ભક્તિના ભભકા કે ગરીબના આંસુ લૂછવા?

• [અમદાવાદ / રાજકોટ - પાક્કો ગુજરાત એડિશન]

આજે ગુજરાતમાં ઠેર-ઠેર ભવ્ય કથાઓના આયોજન થાય છે. લાખોના મંડપ, કરોડોની દક્ષિણા અને લાખોના પ્રસાદના જમણવાર. પણ શું સાચે જ ભગવાન આ ભૌતિક ખર્ચથી રાજી થાય છે?

કડવું પણ સત્ય: આંકડાની નજરે

જો એક સરેરાશ કથા પાછળનો ખર્ચ ૫૦ લાખ ગણીએ, તો તે રકમથી નીચે મુજબના કાર્યો થઈ શકે:

* ૨૫૦ થી ૫૦૦ બાળકોની આખા વર્ષની પ્રાઈવેટ સ્કૂલની ફી ભરી શકાય.

* ૫૦ થી ૧૦૦ ગંભીર બીમારીવાળા દર્દીઓને મોંઘી સારવાર કે ઓપરેશનમાં મદદ કરી શકાય.

* ૧૦ થી ૧૫ વિધવા કે અનાથ પરિવારોને નાનો ધંધો કરી પગભર બનાવી શકાય.

આયોજકોને 'પાક્કો ગુજરાત'ના સીધા સવાલ:

૧. જે પ્રભુના ગુણ ગાઓ છો, શું એ પ્રભુ ગરીબના ભૂખ્યા પેટ કરતા રેશમી મંડપમાં વધારે રાજી થાય?




૨. સાત દિવસના ઉત્સવ પછી જે મંડપ ઉતરી જાય છે, તેના બદલે જો કોઈ ગામની સરકારી હોસ્પિટલમાં એક 'ડાયાલિસિસ મશીન' મુકાવ્યું હોત તો એ પુણ્ય કાયમી ના ગણાત?

૩. વ્યાસપીઠ પરથી 'માનવતા'ની વાતો થાય છે, પણ શું એ રકમનો સાચો ઉપયોગ 'માનવતા' માટે થાય છે ખરો?

સાચી ભક્તિનું નવું મોડેલ:

અમે કથાના વિરોધી નથી, પણ અમે 'સેવા-લક્ષી કથા' ના સમર્થક છીએ.

* નવો વિચાર: કથા કરો, પણ મંડપ સાદો રાખો. જે પૈસા બચે એ રકમ જે-તે વિસ્તારના જરૂરિયાતમંદ પરિવારોના ભણતર અને આરોગ્ય પાછળ સીધી વાપરો.

* ઈશ્વરનો સાચો વાસ: જ્યારે કોઈ માનો દીકરો સારવારના અભાવે મરતો બચે, કે કોઈ દીકરી ફી ના કારણે ભણવાનું ના છોડે, ત્યારે સમજજો કે એ કથા સફળ થઈ ગઈ.

» 'કરોડોના ખર્ચે થતી કથાઓ કરતા, એક ગરીબના ચહેરા પરનું સ્મિત ભગવાનને વધુ પ્રિય છે.'

# પોરબંદરમાં શ્રીરામ જન્મોત્સવ નિમિત્તે ત્રી દિવસીય ભવ્ય કાર્યક્રમો અને શોભાયાત્રા યોજાશે

## ૨૪ થી ૨૬ માર્ચ સુધી યજ્ઞ, કથા અને રામધુન સાથે ભક્તિમય માહોલ સર્જાશે

• ગોસા(ઘેડ) તા.૨૩

પોરબંદર ખાતે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના પાવન જન્મોત્સવ નિમિત્તે તા. ૨૪ માર્ચથી ૨૬ માર્ચ ૨૦૨૬ દરમિયાન વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ તથા સમગ્ર સનાતન હિન્દુ સમાજ દ્વારા ભવ્ય અને દિવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણી અંતર્ગત તા. ૨૬ માર્ચ ૨૦૨૬ના રોજ ભગવાન શ્રી રામચંદ્રજીની ભવ્ય શોભાયાત્રા યોજાશે. આ વર્ષે વિશેષ આકર્ષણ તરીકે ભગવાન શ્રી રામજીની પાલખી અયોધ્યા સ્થિત શ્રી રામ મંદિરની થીમ પર તૈયાર કરવામાં આવી રહી છે, જે ભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બનશે.

કાર્યક્રમ મુજબ તા. ૨૪ માર્ચે સવારે ૮:૦૦ વાગ્યે શ્રી રામ યજ્ઞ યોજાશે. તા. ૨૫ માર્ચે સાંજે ૪:૦૦ વાગ્યે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તથા રાત્રે ૯:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન રામધુનનું આયોજન કરવામાં આવ્યું છે.વધુ માહિતી માટે મુરુભાઈ ઓડેદરા (જિલ્લા મંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ) મો. નં.૯૪૨૭૨ ૨૮૩૧૭,બાબુભાઈ ગોરાણીયા (જિલ્લા સહમંત્રી) -મો. નં. ૭૯૮૪૧ ૦૪૦૩,જયેશભાઈ જોષી (જિલ્લા સહમંત્રી) -મો. નં. ૭૯૯૦૩ ૭૩૮૭૮નો સંપર્ક કરી શકાય છે.






તા. ૨૬ માર્ચે બપોરે ૨:૦૦ વાગ્યે શોભાયાત્રા શ્રી રામજી મંદિર, જાનકી મઠ, શીતળા ચોકથી પ્રસ્થાન કરશે. યાત્રા શીતળા ચોક, ભાવના ડેરી, રામટેકરી રોડ, પારસ ડેરી, એમ.જી. રોડ, સુદામા ચોક, માણેક ચોક, સ્વસ્તિક હોલ, બંદર રોડ, પાલાનો ચોક અને શહીદ ચોક સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ અંતે શ્રી જાનકી મઠ ખાતે ભગવાન શ્રી રામજીની આરતી સાથે પૂર્ણ થશે.

આ પવિત્ર પ્રસંગે સમગ્ર નગરજનોને પરિવાર સાથે જોડાઈ ભક્તિમય વાતાવરણમાં સહભાગી થવા માટે હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.વધુ માહિતી માટે મુરુભાઈ ઓડેદરા (જિલ્લા મંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ) મો. નં. ૯૪૨૭૨ ૨૮૩૧૭,બાબુભાઈ ગોરાણીયા (જિલ્લા સહમંત્રી) -મો. નં. ૭૯૮૪૧ ૦૪૦૩,જયેશભાઈ જોષી (જિલ્લા સહમંત્રી) -મો. નં. ૭૯૯૦૩ ૭૩૮૭૮નો સંપર્ક કરી શકાય છે.

અંતમાં સૌને આહ્વાન કરવામાં આવ્યું છે કે ભગવાન શ્રી રામના આ પાવન જન્મોત્સવને ભવ્યતા અને દિવ્યતાથી ઉજવી ધર્મલાભ મેળવે.

---

**સંપન્ન** સાધનાની સિદ્ધિ માટે સ્થાન, સમય અને હેતુ મહત્વના: પૂ. પંકજભાઈ વ્યાસ

# શૈક્ષણિક મંચની નવમી સંગોષ્ઠિ ફોરમ એવોર્ડ અને અધ્યાત્મ સંવાદ સાથે સંપન્ન

## વિભિન્ન વિવિધ પ્રકલ્પોમાં શિક્ષકોને પ્રોત્સાહન,ગુણવત્તા સુધાર અને સંવાદથી શ્રેષ્ઠતાની સફર જેવા હેતુઓ લઈને આ સંસ્થા કાર્યરત છે

• ભાવનગર

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ હવે શિક્ષણની એક અલગ પરિપાટી ધરાવતી શૈક્ષણિક સંસ્થા તરીકેનો વિશ્વાસ મજબૂત કરી રહી છે. છેલ્લાં પાંચ વર્ષથી થઈ રહેલાં વિભિન્ન વિવિધ પ્રકલ્પોમાં શિક્ષકોને પ્રોત્સાહન,ગુણવત્તા સુધાર અને સંવાદથી શ્રેષ્ઠતાની સફર જેવા હેતુઓ લઈને આ સંસ્થા કાર્યરત છે. દર છ મહિને યોજાતી શૈક્ષણિક સંગોષ્ઠિનો નવમો મણકો આદિજાતિ વિસ્તારમાં તેની સંવેદનાને સ્પર્શવા ધરમપુરના ઊંડાણના ચાસ માંડવા ગામમાં યોજાઈ ગયો. ગુજરાતભરના વિવિધ જિલ્લાઓના સમર્પિત શિક્ષણ સાધકો અનેક આવાગમનની સમસ્યાઓ હોવા છતાં પહોંચ્યા ત્યાં હતા. તારીખ 20 ના રોજ શ્રી મહેશભાઈ ટંડેલના નેતૃત્વમાં કંરજવેરી પ્રાથમિક શિક્ષણ વિદ્યાલયની મુલાકાત કરીને એ સંસ્થાના શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.21 માર્ચના રોજ સવારે પક્ષીવિદ શ્રી પરેશભાઈ રાવલ સાથે સૌએ પક્ષી દર્શન કર્યું હતું.ત્યાર પછી સવારના ઉદ્ઘાટન સત્ર અને સ્વ. આલાબાપુ સાંડસુર ફોરમ શ્રેષ્ઠ શિક્ષક પુરસ્કાર કાર્યક્રમને સંબોધિત કરતા જાણીતા ભાગવતાચાર્ય પૂ. પંકજભાઈ વ્યાસે કહ્યું કે કોઈપણ સાધના પછી તે કર્મ સાધના હોય તો પણ ભલે અને અન્ય કોઈ માર્ગ હોય તો પણ ભલે તેમાં સિદ્ધિ મેળવવા દરેક વ્યક્તિએ સ્થાન, સમય અને હેતુને મહત્વ આપવું જોઈએ.અહીં પુરસ્કાર પામેલા પાંચ મહાનુભાવો આ સિદ્ધિ સુધી પહોંચ્યા છે તેથી આજે આપણે તેની આરતી ઉતારી છે.શ્રી શ્યામજીભાઈ દેસાઈના પુસ્તક 'અધ્યાત્મ અને શિક્ષણ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આજે વિવિધ એવોર્ડ એનાયત થયાં જેમાં માંગરોળ જૂનાગઢના સમર્પિત અધ્યાપક કે જેમણે 40 વર્ષ સુધી શિક્ષણના ક્ષેત્રમાં અને સેવાના ક્ષેત્રમાં પોતાની જાતને આહુત કરી છે તેવા શ્રી પ્રશાંતભાઈ ચ્હાવાલાને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ થયો.જોડિયાની માધ્યમિક કન્યા વિદ્યાલયમાં કાર્યરત શ્રી મમતાબેન જોશી વીરનગરની પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી દેવકુબેન બોરીચા તથા સારસા ખેડાના શ્રી કિરીટભાઈ ચૌહાણ અને ભાવનગર પરવડીના શ્રી પરેશભાઈ હીરાણીને સ્વ આલાબાપુ સાંડસુર ફોરમ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જેમાં રોકડ રકમ, સૂત્ર માલા,પ્રશસ્તિપત્ર અને શાલ અર્પણ કરવામાં આવ્યા હતાં.વ્યાસ સત્રમાં 'મહાભારતની પાત્રસૃષ્ટિ અને મૂલ્ય શિક્ષણ' એ વિષય ઉપર પ્રા.કુમાર જૈમિનિ શાસ્ત્રીએ વ્યાખ્યાન આપ્યું હતું.બપોર બાદ યોજાયેલા વાલ્મિકી સત્રમાં મોટાપોન્ડા કોલેજના અધ્યાપક ડોક્ટર આશા ગોહિલે અધ્યાત્મ શિક્ષણ અને કર્મ એ વિષય પર અને પ્રજ્ઞેશભાઈ રાઠોડ એ 'અધ્યાત્મ અને વિજ્ઞાન'એ વિષય પર પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા.શિક્ષણ સંસ્થાઓની પરિક્રમા કરવાનો પણ ઉપક્રમ આ માધ્યમથી રહ્યો છે. જેમાં આ સ્થળથી મહારાષ્ટ્ર માત્ર સાત કિલોમીટર દૂર છે પરંતુ તેનાથી બીજા સાત કિલોમીટર દૂર નામના મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના ગુહુ ગામની અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક વિદ્યાલયની મુલાકાત યોજવામાં આવી હતી. વનવાસી કલ્યાણ સમિતિના માધ્યમથી સંચાલિત આ સંસ્થા અતિ જરૂરિયાતમંદ એવા બાળકો માટે સંજીવની રૂપ કામ કરી રહી છે. પહેલા બીજા ધોરણમાં ભણતી બાળકીઓ છાત્રાલયમાં રહેતી જોઈને ખૂબ આશ્ચર્ય થઈ રહ્યું હતું. વિદ્યાર્થી સભા અને શિક્ષક સભાનું આયોજન તેના પ્રધાનાચાર્ય શ્રી સુનિલ ગાવીત દ્વારા થયું હતું.રાત્રી બેઠકમાં બગસરાના પૂ હંસ ગીરી બાપુએ અધ્યાત્મ અને જીવન પર સુંદર વાતો કરી હતી. 22 ની સવારની તુલસી સત્ર બેઠકમાં 'માનસ: માનવ સર્જનનું મેનેજમેન્ટ' વિષય પર રામચરિત માનસની ઉપયોગીતા શ્રી તખુભાઈ સાંડસુર દ્વારા સિદ્ધ કરવામાં આવી હતી. ભગવદ્ ગીતા અને શિક્ષણ પર જાણીતા પ્રેરક પ્રવક્તા ડો. ધર્મેન્દ્ર કનાલાએ સુંદર રજૂઆત કરી હતી. વિવિધ સત્રોના સંચાલક તરીકે લોકસાહિત્યકાર શ્રી ભગવદ્ દાન ગઢવી, શ્રી વિમલભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ અને સુશ્રી દીપીકાબેન વાણીયાએ જવાબદારી ઉઠાવી હતી.બે દિવસની સંગોષ્ઠિની આભાર વિધિ શ્રી શ્યામજીભાઈ દેસાઈએ કરી હતી.સ્થાનિક આયોજન પત્રકાર, શિક્ષણવિદ શ્રી મહેશભાઈ ટંડેલ કરી રહ્યા હતાં.



---

સહભાગી નિરીક્ષણ અને પ્રાયોગિક શિક્ષણ

# VNSGUના સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓએ બારીપાડા ગામમાં 'સહભાગી નિરીક્ષણ' દ્વારા ટકાઉ વિકાસના મોડેલનો અભ્યાસ કર્યો

**સહભાગી નિરીક્ષણ** વિદ્યાર્થીઓએ નોંધ્યું કે બારીપાડામાં માત્ર આર્થિક જ નહી, પણ સામાજિક સ્તરે પણ ક્રાંતિ આવી છે

• સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ના સમાજશાસ્ત્ર વિભાગના એમ.એ. સેમેસ્ટર-4 ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં મહારાષ્ટ્રના સાક્રી તાલુકામાં આવેલા પ્રખ્યાત 'બારીપાડા' ગામની મુલાકાત લઈ ક્ષેત્રકાર્ય (Fieldwork) પૂર્ણ કર્યું છે. વિભાગાધ્યક્ષ ડૉ. એમ. એન. ગાયકવાડ અને ડૉ. જીતેન્દ્ર ડી. વસાવાના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલા આ અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી ક્ષેત્રમાં પર્યાવરણ સંરક્ષણ અને સામાજિક પરિવર્તનના પ્રાયોગિક પાસાઓને સમજવાનો હતો.



વિદ્યાર્થીઓએ 'સહભાગી નિરીક્ષણ' પદ્ધતિનો ઉપયોગ કરીને ગામના સામાજિક માળખા, જળ સંરક્ષણ અને જંગલ વ્યવસ્થાપનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. એક સમયે ગરીબી અને પાણીની તંગીથી ઝઝૂમતું આ ગામ આજે કેવી રીતે આત્મનિર્ભર બન્યું, તેની પ્રક્રિયા વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ નિહાળી હતી.

**પદ્મશ્રી ચૈત્રામ પવાર સાથે સંવાદ**

અભ્યાસ દરમિયાન વિદ્યાર્થીઓએ ગામના પ્રેરણાસ્તંભ અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા ચૈત્રામ દેવચંદ પવાર સાથે સીધો સંવાદ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને "જળ-જંગલ-જમીન-જનાવર-પશુધન" પર આધારિત વિકાસ મોડેલની સમજ આપી હતી. ગ્રામજનોના સહયોગથી આશરે 1100 હેક્ટર વિસ્તારમાં જંગલનું પુન:સ્થાપન અને 700થી વધુ ચેકડેમોના નિર્માણને કારણે આજે અહીંના ખેડૂતો વર્ષમાં ત્રણ પાક લઈ રહ્યા છે, જે સ્થળાંતર રોકવામાં સફળ રહ્યું છે.

**મુખ્ય તારણો અને વિશ્લેષણ**

વિદ્યાર્થીઓએ નોંધ્યું કે બારીપાડામાં માત્ર આર્થિક જ નહીં, પણ સામાજિક સ્તરે પણ ક્રાંતિ આવી છે.

* પર્યાવરણ: બાયોગેસ, સૌર ઊર્જા અને જૈવિક ખેતી દ્વારા ટકાઉ જીવનશૈલી.
* શિક્ષણ અને શિસ્ત: શિક્ષણ ક્ષેત્રે કડક નિયમો અને મહિલાઓની સક્રિય ભાગીદારી.
* સાંસ્કૃતિક વારસો: 'વનભાજી મહોત્સવ' જેવી પહેલ દ્વારા પરંપરાગત જ્ઞાનનું જતન.

આ અભ્યાસ પ્રવાસ વિદ્યાર્થીઓ માટે માત્ર શૈક્ષણિક ટર્મ પેપરનો ભાગ જ નહીં, પરંતુ ટકાઉ વિકાસના સિદ્ધાંતોને વાસ્તવિક જીવનમાં સમજવા માટેનો એક અનન્ય અનુભવ સાબિત થયો છે. યુનિવર્સિટીના આ પ્રયાસને શૈક્ષણિક જગતમાં બિરદાવવામાં આવ્યો છે.

---

# ડભોઈ ઉનાળાના પ્રારંભે જ ગરીબોના ફ્રીજ' ગણાતા માટલાના બજારમાં મંદીનો માહોલ

• ફકીરા ખત્રી ડભોઈ

આધુનિક ઉપકરણોના આક્રમણ વચ્ચે પરંપરાગત માટીકામનો વ્યવસાય સંકટમાં મહેનત વધી પણ વળતર ઘટ્યું માટી સાથેના અતૂટ નાતાની કલા ડભોઈ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ઉનાળાની દસ્તક સાથે જ માટીના વાસણો બનાવવાની પ્રક્રિયા તેજ બને છે. અહીંના કુશળ કારીગરો ખાસ પ્રકારની માટોડી (ચીકણી માટી) લાવી તેને પલાળી, ગુંદીને ચાકડા પર ચઢાવે છે. પોતાના અનુભવી હાથોના કસબથી તેઓ માટીને ગોળાકાર ઘાટ આપી સુંદર માટલાં તૈયાર કરે છે. આ માટલાં માત્ર માટીના વાસણ નથી, પરંતુ કુદરતી રીતે પાણીને ઠંડુ રાખવાનું શ્રેષ્ઠ માધ્યમ છે મોંઘવારી અને મહેનતનો બેવડો માર કારીગરો જણાવી રહ્યા છે કે માટલા બનાવવાની પ્રક્રિયા ખૂબ જ જહેમત માંગી લે તેવી છે. માટી લાવવાથી લઈને તેને પકવવા સુધીના ખર્ચમાં અને કાચા માલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. કલાકોની સખત મજૂરી બાદ તૈયાર થતા આ માટલાના વેચાણમાં આ વર્ષે શરૂઆતથી જ મંદી જોવા મળી રહી છે. ઉનાળો બરાબરનો જામ્યો હોવા છતાં ગ્રાહકોની પાંખી હાજરીને કારણે કુંભારોના ચાકડાની ગતિ તો ચાલુ છે, પણ આજીવિકા પર જોખમ વર્તાઈ રહ્યું છે.કેમ ઘટી રહ્યું છે માટલાનું ચલણ એક સમય હતો જ્યારે દરેક ઘરમાં માટીનું માટલું શાન ગણાતું, પરંતુ બદલાતા સમય સાથે ચિત્ર બદલાયું છે ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ક્રેઝ: ઘરે-ઘરે પહોંચેલા ફ્રીજ, ઠંડા કુલર અને વોટર પ્યુરિફાયરને કારણે લોકો માટીના માટલાથી દૂર થઈ રહ્યા છે આધુનિક જીવનશૈલી: શહેરીકરણ અને આધુનિક લાઈફસ્ટાઈલને કારણે પરંપરાગત વસ્તુઓનું સ્થાન ટેકનોલોજીએ લઈ લીધું છે માલ-મટીરીયલના ભાવ: કાચા માલના ભાવ વધવા છતાં સામે માટલાના યોગ્ય ભાવ ન મળતા કારીગરો નિરાશ છે દિવસ-રાત એક કરીને અમે આ માટલા બનાવીએ છીએ, પણ હવે લોકો ફ્રીજનું પાણી વધુ પસંદ કરે છે. ગરીબોનું ફ્રીજ ગણાતું આ માટલું હવે માત્ર શોભાની વસ્તુ બની રહ્યું હોય તેવું લાગે છે ડભોઈના આ પંથકમાં વર્ષોથી ચાલ્યો આવતો આ વ્યવસાય અત્યારે અસ્તિત્વની લડાઈ લડી રહ્યો છે. જો લોકો ફરીથી આરોગ્યપ્રદ અને કુદરતી ઠંડક આપતા માટીના વાસણો તરફ નહીં વળે, તો આ સુંદર કલા અને કારીગરો બંને ઈતિહાસના પાને વિલાઈ જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.ગમે તેમ પણ માનવી ને માટલા એક શીખ આપી જાય છે પ્રથમ ગુદાવુ પડે છે.



---

# ભાવનગર મંડળના 4 કર્મચારીઓ ડીઆરએમ સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

• ભાવનગર

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં સુરક્ષિત રેલ સંચાલનમાં ઉત્તમ યોગદાન આપનાર ચાર કર્મચારીઓને આજે મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા દ્વારા ડીઆરએમ સંરક્ષા પુરસ્કાર (DRM Safety Award)થી સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન સમારોહ મંડળ રેલ પ્રબંધક કચેરી, ભાવનગર પરા ખાતે યોજાયો હતો.

સન્માનિત કર્મચારીઓમાં કન્હૈયાલાલ કનાડા (પ્વાઈંટ્સમેન-ધોલકા), ઘનશ્યામ સી. (પ્વાઈંટ્સમેન-લાઠીદડ સ્ટેશન), સતીશ જી. (પ્વાઈંટ્સમેન-બોટાદ જંકશન) અને સત્યજીત પાંડે (પ્વાઈંટ્સમેન-અલમપર સ્ટેશન)નો સમાવેશ થાય છે. આ કર્મચારીઓએ પોતાની સતર્કતા, સમજદારી અને ઝડપી કાર્યવાહીથી સંભવિત અકસ્માતોને ટાળી રેલ સંરક્ષા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે મંડળ રેલ પ્રબંધકે પુરસ્કાર મેળવનાર કર્મચારીઓની પ્રશંસા કરી અને તેમને અન્ય કર્મચારીઓ માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા. તેમણે જણાવ્યું કે કર્મચારીઓની ઉચ્ચ પ્રતિબદ્ધતા અને કર્તવ્યનિષ્ઠા સુરક્ષિત રેલ સંચાલનની આધારશિલા છે.

ઘટનાઓનો સંક્ષિપ્ત વર્ણન:

* કન્હૈયાલાલ કનાડાએ 10 માર્ચ 2026ના રોજ ટ્રેન નંબર 20965 ગાંધીગ્રામ-ભાવનગર ઈન્ટરસિટી એક્સપ્રેસના એસએલઆરમાંથી ધુમાડો નીકળતો જોયો. તેમણે તરત જ ટ્રેન મેનેજર અને સ્ટેશન માસ્ટરને જાણ કરી, જેના પરિણામે ધોલકા સ્ટેશન પર સંબંધિત કોચને અલગ કરીને સંભવિત અકસ્માત ટાળી શકાયો. ઘનશ્યામ સી.એ 20 નવેમ્બર 2025ના રોજ લાઠીદડ સ્ટેશન પર એક માલગાડીના સાતમા અને આઠમા વેગનમાં હોટ એક્સલની ગંભીર સ્થિતિ નિહાળી. તેમણે તરત જ સ્ટેશન માસ્ટરને માહિતી આપી, ત્યારબાદ ટ્રેનને રોકી જરૂરી સુધારા કરીને સલામત રીતે આગળ મોકલવામાં આવી.
* સતીશ જી.એ 12 નવેમ્બર 2025ના રોજ બોટાદ જંકશન પર એક માલગાડીમાં લટકતો ભાગ (હેંગિંગ પાર્ટ) જોયો. તેમણે તરત જ લોકોપાયલટને જોખમનો સંકેત આપી ટ્રેન રોકાવી અને લટકતા ભાગને સુરક્ષિત કરીને ટ્રેનને આગળ વધારવામાં આવી.

---

# ડાંગ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ




• આહવા/ડાંગ

ડાંગ જિલ્લા સેવા સદન-આહવા ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને આજરોજ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા કરવામાં આવેલ ક્ષેત્રિય મુલાકાત દરમિયાન ધ્યાને આવેલ ક્ષતિઓની પૂર્તતા બાબતેની ચર્ચા કરી ગ્રામ્ય પ્રશ્નોનું નિરાકરણ લાવવાં અંગે વિવિધ વિભાગના અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, એ.જી.ઓડીટ, બાકી તુમાર/કેસો/પ્રકરણો, ગ્રામસભામાં ઉપસ્થિતિ થયેલ પ્રશ્નો, અધિકારી/કર્મચારીઓના પેન્શન કેસો, પી.જી.પોર્ટલ, જિલ્લા/રાજ્ય સ્વાગતની અરજીઓ, સી.એમ.ડેસબોર્ડ, સી.એમ.ડેસબોર્ડ ન્યુઝ એનાલીસીસ, એગ્રીસ્ટેક, તેમજ એસ્પિરેશનલ બ્લોક સુબીર અન્વયે સંપૂર્ણતા અભિયાન ૨.૦ વિગેરે તમામ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા ઝીણવટપૂર્ણ ચર્ચા કરીને તેના નિરાકરણ માટે અમલીકરણ અધિકારીઓને તાકીદ કરવામાં આવી હતી.


---

રેંગણથી રામપુરા ઘાટ સુધી આવવા માટે ધક્કામુક્કી નાં વરવા દ્રશ્યો સર્જાયા

# નર્મદા પરિક્રમાં શનિ રવિ રજામાં દોઢ લાખથી વધુ પ્રવાસીઓ ઉમટ્ટા અવ્યવસ્થા સર્જાતા અફરા તફરી નો માહોલ સર્જાયો

• રાજપીપલા તા 23

નર્મદા પરિક્રમાં એક તરફ ગરમી નો માહોલ વધી રહ્યો છે તો તરફ પરિક્રમાંવાસીઓનો ધસારો વધતો જઈ રહ્યો છે ત્યારે નર્મદા પરિક્રમાં માં શનિ રવિ રજામાં દોઢ લાખથી વધુ પ્રવાસીઓ ઉમટતા અવ્યવસ્થા સર્જાતા અફરા તફરી નો માહોલ સર્જાયો હતો. એક સાથે લાખો શ્રધ્ધાળુ આવી જવાના કારણે રેંગણથીં રામપુરા ઘાટ સુધી આવવા માટે બોટમાં બેસવા માટે લોકોને આકરી ગરમીમાં 2 કલાકથી વધુસમય રાહ જોવીપડી હતી.પરિક્રમા દરમિયાન પ્રથમ વખત એક સાથે 50 મુસાફરોને એક કિનારેથી બીજા કિનારે લઈ જઈ શકે તેવી ગોવાથી 15 સ્પીડબોટની સુવિધાકરવામાં આવી છે.



પરિક્રમાવાસીઓની સંખ્યાની સામે બોટ ઓછી પડવાથી અવ્યવસ્થા સર્જાઈ હતી.બોટમાં બેસવા માટેલોકોની ધકકામુકકી કરતાંનજરે પડયાં હતાં. આ પરિક્રમાંએક મહિનો ચાલવાની છે.જેમાંલાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓઉમટી પડતા હોય છે.જ્યારે ખાસ કરીને શનિવાર અને રવિવારના દિવસે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળતી હોય છે.

નર્મદાની પંચકોશી પરિક્રમા કરનારા લોકોની સંખ્યામાં દર વર્ષે વધારો થઈ રહયો છે. શનિવાર અનેરવિવારની રજામાં સુરતથી જ પરિક્રમાવાસીઓની 35 લકઝરી બસો આવી હતી. આ ઉપરાંત વડોદરા, અમદાવાદ, ભાવનગર, રાજકોટ અને પુણે થી ભક્તો આવ્યા હતા. પંચકોશી પરિક્રમાના અંતિમ ચરણમાં રેંગણથી નાવડીમાં બેસીને રામપુરા આવવું પડતું હોય છે. પરિક્રમાવાસીઓની સંખ્યાની સામે બોટ ઓછી પડતાં ધકકામુકકી થઈ હતી. એક બોટમાં ચઢતી વેળા વૃધ્ધ નીચે પાણીમાં પડી ગયાં હતાં પણ પાણી ઓછુ હોવાથી તેમનો બચાવ થયો હતો. નર્મદા જિલ્લામાં બપોરે તાપમાનનો પારો 35 થી 40 ડિગ્રી વચ્ચેહાલ રહે છે અને 12 વગ્યા પછીતાપ વધતો હોય છે. અગાઉના

વર્ષોમાં ગરમીમાંપરિક્રમા દરમિયાન લોકો બેહોશ થઈ જતાં હોવાના બનાવો બન્યાંહતાં. જેના પગલે છેલ્લા ત્રણવર્ષથી પરિક્રમાની પેટર્ન બદલાઈછે. પરિક્રમાવાસીઓ રાત્રિના 12કીડીમંકોડી ઘાટવાગ્યાથી ખાતેથી પરિક્રમા શરૂ કરે છે. 21 કિમીની આ પરિક્રમા લગભગ ચારથી પાંચ કલાકમાં પૂર્ણ થઈ જાય છે. શનિવારની રાત્રિએ પરિક્રમાવાસીઓની સંખ્યા વધી જવાથી રેંગણથી રામપુરા આવવા માટે લોકોને 2 કલાક બોટની રાહ જોવી પડી હોવાથી પરિક્રમા પૂર્ણ કરતાં 6 કલાકથી વધુનો સમય લાગ્યો હતો.

54

### ભાજપ સરકાર વિકાસના નામે આદિવાસી સમાજની જમીન ઝૂંટવે છેઃ રાહુલ ગાંધી

# ભાજપ સસરકાર અદાણીનું દેવું માફ કરે છે, પંરતુ એક પણ આદિવાસીનું દેવું માફ નથી કર્યુંઃ રાહુલ ગાંધી

## વિકાસના નામે આદિવાસી સમાજના ઘરો પર બુલડોઝર ફેરવી નાખ્યા, દિવસેને દિવસે આદિવાસી સમાજના હક્કો છીનવાઈ રહ્યા છેઃ રાહુલ ગાંધી

BJP અને RSS ઈચ્છે છે કે, આદિવાસી સમાજ 'વનવાસી બને', હક ન માંગો : રાહુલ ગાંધી

મોદીજીનો કંટ્રોલ ટ્રમ્પના હાથમાં,સમગ્ર દેશના ડેટા,કૃષિ ક્ષેત્ર અમેરિકાને આપી દીધું :રાહુલ ગાંધી

હું ગુજરાતના આદિવાસી સમાજ અને સામાન્ય લોકોનો અવાજ બુલંદ કરવા હંમેશા ખડે પગે ઉભો છું :રાહુલ ગાંધી

ભાજપના શાસનના ત્રણ દાયકામાં સૌથી વધુ અન્યાય આદિવાસી સમાજને થયો:અમિત ચાવડા

ભાજપ સરકારે 20 પછી પણ આદિવાસી સમાજને જળ, જંગલ અને જમીનના 50 ટકા અધિકાર નથી મળ્યા: અમિત ચાવડા

બીજી,ત્રીજી પાર્ટીઓ આવીને આદિવાસી સમાજના મતોનું વિભાજન કરવાનો પ્રયત્ન કરશે :તુષાર ચૌધરી

લોકસભા વિપક્ષના નેતા અને દેશની જનતાનો નીડર અવાજ જનનાયક રાહુલ ગાંધીજી સંસ્કારી નગરી વડોદરાના પ્રવાસે આવ્યા હતા. વડોદરા એરપોર્ટ પર તેમના સ્વાગત માટે મોટી સંખ્યામાં કાર્યકરો ઉમટી પડ્યા હતા.

એરપોર્ટ પર ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિકજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરી સહિત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ દ્વારા રાહુલ ગાંધીજીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડોદરા શહેરના આજવા ચોકડી નજીક આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનના ઑડિટોરિયમમાં રાહુલ ગાંધીજીની ઉપસ્થિતિમાં "આદિવાસી અધિકાર સંવિધાન સંમેલન" યોજાયું હતું. કાર્યક્રમ દરમિયાન તેમનું સ્વાગત પરંપરાગત આદિવાસી નૃત્ય દ્વારા કરવામાં આવ્યું હતું અને તેમણે નૃત્ય કલાકારો સાથે મુલાકાત પણ કરી હતી.

રાહુલ ગાંધીજીએ સંમેલનમાં આદિવાસી સમાજ સાથે સંવાદ કરતા પોતાના સંબોધનની શરૂઆત 'આદિવાસી" શબ્દથી કરી. તેમણે જણાવ્યું કે આ શબ્દનો અર્થ ખૂબ જ ઊંડો છે, આદિવાસી એટલે આ દેશના મૂળ નિવાસીઓ અને મૂળ માલિકો છે, હજારો વર્ષ પહેલાં દેશની મોટાભાગની જમીન આદિવાસીઓની માલિકીની હતી, જે ઐતિહાસિક સત્ય છે.તેમણે જણાવ્યું કે આદિવાસી સમાજનો ઈતિહાસ તેમના જળ, જંગલ અને જમીન ગુમાવવાનો ઈતિહાસ રહ્યો છે. સમય જતાં તેમની પાસેથી સંસાધનો છીનવાયા છે અને આજના સમયમાં "વનવાસી" જેવા શબ્દો દ્વારા તેમની ઓળખને બદલી દેવાનો પ્રયાસ થઈ રહ્યો છે. 'આદિવાસી" શબ્દ હક્ક અને માલિકી દર્શાવે છે, જ્યારે 'વનવાસી" શબ્દ આ હકીકતને નકારી કાઢે છે.




રાહુલ ગાંધીજીએ ભારપૂર્વક જણાવ્યું કે આદિવાસી સમાજ પર દેશનું ઋણ છે, કારણ કે તેમના જમીન, જંગલ અને પાણી તેમની પાસેથી છીનવાયા છે. તેમણે આ બાબતને મહાન આદિવાસી નેતા બિરસા મુંડાના વિચારો સાથે જોડતા જણાવ્યું કે આ પ્રકારના પ્રયાસો તેમના વિચાર પર પણ આક્રમણ સમાન છે.તેમણે આક્ષેપ કર્યો કે વિકાસના નામે વારંવારઆદિવાસીઓની જમીન કબજે કરવામાં આવે છે, પછી તે સ્મારકો માટે હોય કે ખનિજ પ્રોજેક્ટ્સ માટે હોય અને ઘણીવાર યોગ્ય વળતર પણ આપવામાં આવતું નથી.

રાહુલ ગાંધીજીએ જાતિ ગણતરી (કાસ્ટ સેન્સસ)ની આવશ્યકતા પર ભાર મૂક્યો અને જણાવ્યું કે દેશની વાસ્તવિક સામાજિક રચનાને સમજવા માટે તે જરૂરી છે. તેમણે જણાવ્યું કે દેશમાં આશરે 9-10% આદિવાસી, 15% દલિત, 50% અન્ય પછાત વર્ગ અને 15% અલ્પસંખ્યકોનો સમાવેશ થાય છે.તેમણે ખાનગીકરણની નીતિ પર પ્રશ્ન ઉઠાવતા જણાવ્યું કે તેનો લાભ મર્યાદિત લોકો સુધી જ સીમિત છે. સરકારી ક્ષેત્રમાં આરક્ષણ દ્વારા આદિવાસી, દલિત અને પછાત વર્ગોને તક મળતી હતી, જ્યારે ખાનગી ક્ષેત્રમાં તેમનું પ્રતિનિધિત્વ ખૂબ ઓછું છે.

રાહુલ ગાંધીજીએ કોર્પોરેટ ક્ષેત્રમાં અસમાનતા તરફ ધ્યાન દોર્યું અને જણાવ્યું કે દેશની ટોચની કંપનીઓમાં પછાત વર્ગ, આદિવાસી અને અલ્પસંખ્યકોનું પ્રતિનિધિત્વ નોંધપાત્ર રીતે ગેરહાજર છે. તેમણે જણાવ્યું કે મોટા ઉદ્યોગપતિઓના કર્જા સહેલાઈથી માફ થાય છે, જ્યારે સામાન્ય નાગરિકોને આવી રાહત મળતી નથી.તેમણે જી.એસ.ટી. મુદ્દે પણ પ્રશ્ન ઉઠાવ્યો અને જણાવ્યું કે સામાન્ય લોકો અને મોટા ઉદ્યોગપતિઓ પર સમાન દરે ટેક્સ લાગુ પડે છે, છતાં આવકમાં વિશાળ અસમાનતા છે. રાહુલ ગાંધીજીએ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અને આર્થિક નીતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે આક્ષેપ કર્યો કે દેશના મહત્વપૂર્ણ નિર્ણયો વિદેશી પ્રભાવ હેઠળ લેવાઈ રહ્યા છે. તેમણે જણાવ્યું કે 21મી સદીમાં 'ડેટા" સૌથી મહત્વપૂર્ણ સંપત્તિ છે અને તેનો નિયંત્રણ દેશના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ છે. તેમણે કૃષિ ક્ષેત્ર, આંતરરાષ્ટ્રીય વેપાર અને આર્થિક નીતિઓ અંગે સરકારની કામગીરી પર પ્રશ્ન ઉઠાવતા જણાવ્યું કે દેશના હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવવા જોઈએ.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ કાર્યક્રમને સંબોધન કરતા કહ્યું છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાતમાં ભાજપના શાસનમાં આદિવાસી સમાજને ભારે અન્યાય સહન કરવો પડી રહ્યો છે. 20 વર્ષ પછી પણ અનેક પરિવારોને જંગલ અધિકાર કાયદા હેઠળ તેમના હકો મળ્યા નથી.વિકાસના નામે તેમની જમીનો કબજે કરવામાં આવી રહી છે. જન આક્રોશ યાત્રા દરમિયાન વિવિધ વિસ્તારમાં જોવા મળ્યું કે, આદિવાસી સમાજના જંગલો છીનવાઈ રહ્યા છે અને ઘણા વિસ્તારોમાં લોકોના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યા છે. મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર થાય છે, જ્યારે "નલ સે જલ" જેવી યોજનાઓમાં પણ ગેરરીતિઓ જોવા મળી રહી છે.શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત સુવિધાઓની હાલત પણ ચિંતાજનક છે. આદિવાસી સમાજના અધિકારોનું સતત હનન થઈ રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું અગામી સમયમાં અંબાજીથી ઉમરગામ સુધી ફરીથી યાત્રાઓ યોજાશે, ઘર-ઘર જઈને લોકોના પ્રશ્નોને સાંભળવામાં આવશે અને દરેક આદિવાસી ભાઈ-બહેનનો અવાજ બુંલદ કરવામાં આવશે.

આદિવાસી અધિકાર સંવિધાન સંમેલનમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના મહામંત્રી અને ગુજરાત પ્રભારી શ્રી મુકુલ વાસનિકજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા, ઓલ ઈન્ડિયા આદિવાસી કોંગ્રેસના અધ્યક્ષ ડો. વિક્રાંત ભુરિયા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી સાથે કોંગ્રેસ પક્ષના વિરીષ્ઠ નેતા હાજર રહ્યા હતા.

---

### યુદ્ધની સ્થિતિ વચ્ચે પણ પેટ્રોલ- ડીઝલના ભાવ અંકુશ રાખવામાં દેશના વડાપ્રધાનની પ્રબર વિદેશ નીતિ- મુકેશ દલાલ

# બરબોધન ગામથી તાલુકામાં રૂ.૪૦ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ

**લોકાર્પણ**

### ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને સુરત સાંસદ મુકેશભાઈ દલાલની જોડીના વરદ્દહસ્તે કાર્યક્રમ

• ઓલપાડ,તા.23

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના બરબોધન ગામથી ધારાસભ્ય મુકેશભાઈ પટેલ અને સુરત સાંસદ મુકેશભાઈ દલાલના વરદહસ્તે તાલુકાના જુદા- જુદા ગામના રૂ.૪૦ કરોડના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહ યોજાયો હતો. ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન દ્વારા સુરત શહેરી વિકાસ સત્તામંડળ('સુડા')ની ગ્રાન્ટ માંથી તાલુકાના બરબોધન,કુંકણી, વડોદ,ભારૂંડી, કુડસદ અને કણાદ (કનાજ)ગામના જર્જરીત તળાવના નવીનિકરણ માટે રૂ.૨૮.૨૬ કરોડની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ હતી.આ ઉપરાંત 'સુડા'દ્વારા કાંઠાના તેના ગામ અને ઓલપાડ વિધાનસભા મતક્ષેત્રના મલગામા ગામમાં નવી સ્ટ્રીટ લાઈટની સુવિધા માટે રૂ.૧.૧૨ કરોડની ગ્રાન્ટ મંજુર થઈ હતી. જયારે સેગાવાછામા, અરીયાણા અને સોંસક ગામે રૂ. ૧૦.૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ તળાવનું કામ પૂર્ણ થતા કુલ રૂ.૪૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ ભાજપના ચૂંટાયેલા બંન્ને નેતાઓના વરદહસ્તે રવિવારે બરબોધન ગામેથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રી અને ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલે કહ્યું હતું કે, આ તળાવોના નવીનીકરણ પહેલા તળાવોમાં ગંદકીનું સામ્રાજ્ય હતું. પરંતુ જ્યારથી ઓલપાડ તાલુકાના અનેક ગામોનો 'સુડા'માં સમાવિષ્ટ થતા ઘણા ગામોમાં 'સુડા'ની ગ્રાન્ટમાંથી તળાવનું બ્યુટિફિકેશન કામ પૂર્ણ થયું છે,જયારે તાલુકાના બીજા છ ગામમાં તળાવ માટે ગ્રાન્ટ મંજુર થયેલ છે.આ ઉપરાંત 'સુડા'અને સરકાર ની અલગ- અલગ યોજનામાંથી ઘણા ગામોમાં નવી સ્ટ્રીટ લાઈટની સુવિધા પણ ઉપલબ્ધ થયેલ છે.જે સુવિધાઓથી ગામની રોનક બદલાતા આ ગામના લોકો શહેરી વાતાવરણનો અનુભવ કરી રહ્યા છે.તેમણે વધુ કહ્યું હતું કે,આવનારા દિવસોમાં આવી સુવિધાઓ બીજા ગામોનો પણ ઉપલબ્ધ કરાશે, જેની હું સૌને ખાત્રી આપું છું.આ કાર્યક્રમમાં તેમણે ગામના લોકો અને સરપંચોને વિનંતી કરી હતી કે, આપણા ગામમાં સરકારી ગ્રાન્ટમાંથી વિકાસના કામો થતા હોય,ત્યારે એ કામની ક્વોલિટી જોવાની જવાબદારી આપણા સૌની છે. જેથી ક્યાંય ગેરરીતિ કે ગફલત જણાય તો મને તરત જાણ કરવાની ફરજ તમારી છે.આ પ્રસંગે સુરત સાંસદ મુકેશભાઈ દલાલે કહ્યું હતું કે,ઈરાન- ઈઝરાઈલ અને અમેરિકા વચ્ચેના યુદ્ધના કપરી સ્થિતિ વચ્ચે પણ દેશમાં સામાન્ય વપરાશ કરતા પેટ્રોલ અને ડીઝલના ભાવને અંકુશ રાખવામાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રબર વિદેશ નીતિના કારણે શક્ય બન્યું છે. તેમણે ઓલપાડ તાલુકાની કાયપલત માટે ધારાસભ્ય મુકેશ પટેલને અભિનંદન આપી વધુ કહ્યું કે,કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની ગ્રાન્ટ નો સદઉપયોગ તમારા ગામના વિકાસમાં કરવા સહિત સરકારની વિવિધ લાભાર્થી યોજનાઓનો લાભ તાલુકાના છેવાડાના લોકો સુધી પહોંચાડવા હું ગામના સરપંચો અને કાર્યકર્તાઓને અપીલ કરૂં છું.

આ કાર્યક્રમમાં બરબોધન ગામના સરપંચ દિક્ષાન્ત પટેલે સ્વાગત પ્રવચન દ્વારા સૌને આવકારી ભાજપ સરકારમાં પોતાના ગામના વિકાસનો ચિતાર રજુ કર્યો હતો.આ પ્રસંગે ભાજપ સંગઠનની ટીમ,વિવિધ ગામના સરપંચો,ગ્રામજનો અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં.

---

# રીબડામાં ચાલતું ગેરકાયદેસર ગેસ રિફિલિંગનું રેકેટ ઝડપાયું

### એસઓજીના દરોડામાં ૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત

• રાજકોટ,

રાજકોટ ગ્રામ્ય એસઓજી એ ગોંડલ તાલુકાના રીબડા વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફિલિંગ અને કાળાબજારના રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે 'સાંઈપ્રેમ ગેસ એજન્સી' પર દરોડા પાડી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને કુલ ૭ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ એસઓજી સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ રણજીભાઈ ધાંધલ તથા વિપુલભાઈ ગોહેલને બાતમી મળી હતી કે, રીબડા ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ઉમિયા ગેટ નંબર ૪ પાસે આવેલી એજન્સી પર ડમી ગ્રાહક મોકલીને દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસમાં સામે આવ્યું કે અહીં સુરક્ષાના નિયમોનું પાલન કર્યા વિના જોખમી રીતે ગેસ રિફિલિંગ થતું હતું.

પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આ એજન્સી દ્વારા નિર્ધારિત બજાર કિંમત કરતાં ઊંચા ભાવે ગેસ સિલિન્ડરનું વેચાણ થતું હતું. ૪ કિલોના સિલિન્ડર રૂ. ૧૦૦૦ના બદલે રૂ. ૧૫૦૦માં, ૧૨ કિલોના સિલિન્ડર રૂ. ૧૫૦૦ના બદલે રૂ. ૨૫૦૦માં અને ૨૧ કિલોના મોટા સિલિન્ડર રૂ. ૩૫૦૦માં વેચવામાં આવતા હતા, જેના પર સીધો રૂ. ૧૦૦૦નો નફો કમાવવામાં આવતો હતો. પોલીસે સ્થળ પરથી કુલ ૧૬ લાખ રૂપિયાથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં એજીસ, રિલાયન્સ, ભારત ગેસ સહિતની જુદી જુદી કંપનીના ૬૦૦થી વધુ નાના- મોટા ગેસ સિલિન્ડર, એક ટાટા કંપનીનો ટ્રક, એક મારુતિ સુઝુકી કેરી વાહન, ગેસ રિફિલિંગ માટેની નોઝલ અને અન્ય સાધનોનો સમાવેશ થાય છે.આ કેસમાં પોલીસે સ્થળ પરથી ચાર આરોપીઓની ધરપકડ કરીછે.જેમાં પંકજભાઈ જેઠાભાઈ મકવાણા (મેનેજર), લખમણભાઈ ચનાભાઈ ચાવડા, રામભાઈ ચનાભાઈ ચાવડા અને રાકેશભાઈ અરવિંદભાઈ કુબાવતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, એજન્સીના માલિક બાબાભાઈ બગ્ગા, ભાગીદાર શૈલેષભાઈ ભાલાણી અને ગોડાઉન માલિક નિરવભાઈ ભીમાણીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે અને તેમને ઝડપી પાડવા માટે વધુ તપાસ ચાલી રહી છે.




---

# ધોળકાના ઈંગોલીમાં ફાયરિંગ, ક્રિકેટ રમતા રમતાં બે જૂથ વચ્ચે બબાલ થઈ

• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના ઈંગોલી ગામે રવિવારની રજામાં ક્રિકેટ રમી રહેલા બે જૂથો વચ્ચે મામલો બિચક્યો હતો. સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કરતા જાહેરમાં ફાયરિંગની ઘટના બની છે, જેના કારણે સમગ્ર પંથકમાં ભય માહોલ ફેલાયો હતો. ક્રિકેટ રમતા કોઈ બાબતે તકરાર થતા બંને પક્ષો સામસામે મળતી માહિતી અનુસાર, ઈંગોલી ગામે એક જ કોમના બે જૂથના યુવકો ક્રિકેટ રમી રહ્યા હતા. રમત દરમિયાન કોઈ બાબતે તકરાર થતા બંને પક્ષો સામસામે આવી ગયા હતા. આ બબાલ એટલી વધી ગઈ હતી કે ઉશ્કેરાયેલા વહિદખાન મજીદખાન પઠાણ નામના શખસે પોતાની પાસે રહેલા હથિયારમાંથી હવામાં ફાયરિંગ કર્યું હતું. જાહેરમાં થયેલા ફાયરિંગને પગલે અફરાતફરી મચી ગઈ હતી. DYSP સહિતનો કાફલો ઘટનાસ્થળે ઘટનાની જાણ થતા જ ધોળકા ડિવિઝનના ડીવાયએસપી (DySP), ધોળકા રૂરલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ અને એલસીબી સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક



ઈંગોલી ગામે દોડી ગયો હતો. પોલીસે ગામમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. ભોગ બનનાર પક્ષ દ્વારા ધોળકા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ દ્વારા ફાયરિંગ કરનાર વહિદખાન પઠાણ પાસે રિવોલ્વરનું માન્ય લાયસન્સ છે કે નહીં? જો લાયસન્સ હોય, તો કાયદાનો ભંગ કરીને જાહેરમાં હથિયારનો ઉપયોગ કરવા બદલ લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા. જો હથિયાર ગેરકાયદે હોય, તો તે ક્યાંથી લાવવામાં આવ્યું તે અંગેની પૂછપરછ કરાશે. હાલ ધોળકા પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીની અટકાયત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

---

# બોપલમાં વકીલ સાહેબ બ્રિજ પાસેથી SOGની ટીમે હાઈબ્રિડ ગાંજો ઝડપ્યો, બેની ધરપકડ અને એક ફરાર



• અમદાવાદ

અમદાવાદમાં SOGએ બોપલ વિસ્તારમાંથી હાઈબ્રિડ ગાંજાનો મોટો જથ્થો પકડ્યો છે. SOGએ વકીલ સાહેબ બ્રિજ પાસે આવેલા એક શોરૂમ પાસેથી હાઈબ્રિડ ગાંજા સાથે બે શખસોની ધરપકડ કરી છે. આ ઉપરાંત એક આરોપી ફરાર છે. મહત્ત્વનું છે કે, પોલીસે 9,05,660 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, SOGની ટીમે બાતમીના આધારે ગત મોડી રાતે બોપલમાં ગાંજો વેચવાની ફિરાકમાં આવેલા શખસો સામે કાર્યવાહી કરી છે. આ રેડ દરમિયાન નારોલમાં રહેતો શિવમસિંહ ભદોરિયા અને શાસ્ત્રીનગરમાં હેમંતકુમાર દેસાઈ પાસેથી 258.76 ગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો, જેની બજાર કિંમત અંદાજે 9,05,660 રૂપિયા જેટલી છે.

---

### દેલાડ અને કારેલી ગામની સીમમાંથી વિપુલ પ્રમાણમાં ગાંજાના જથ્થા સાથે આરોપીઓને દબોચી લીધા હતાં

# ઓલપાડ પોલીસ મથકમાં ફરજ બજાવતા અ.હે. કો.અશોક પટેલનું ગૃહમંત્રીના હસ્તે સન્માન

• ઓલપાડ,તા.૨૩

ઓલપાડ પોલીસ મથકમાં ફરજ બજાવતા અ.હે.કો.અશોક ગણપતભાઈ પટેલની પ્રસંશનીય કામગીરી બદલ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના વરદહસ્તે સન્માન કરી સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. જો કે ઓલપાડ પોલીસ મથકના પીઆઈ સી.આર.જાદવને પણ કેન્દ્ર અને રાજ્યના ગૃહ વિભાગ તરફથી તેમની પ્રસંશનીય કામગીરી બદલ અનેક વખત એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હોવાથી આ પોલીસ કર્મીના સન્માનથી પોલીસ મથકના ગૌરવની યશકલગીમાં વધુ એક મોરપિચ્છનો ઉમેરો થયો છે.



ગત તા.૨૭ મી ફેબ્રુઆરીના રોજ ઓલપાડ પોલીસ મથકના અ.હે.કો. અશોક ગણપતભાઈ પટેલે પેટ્રોલિંગ દરમ્યાન તાલુકાના કારેલી ગામથી ત્રણ ઈસમોને ૮૭.૪૪૨ કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે ઝડપી કુલ રૂ. ૫૧,૩૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ ઉપરાંત તેમણે ગત તા.૧૦ મી માર્ચના રોજ પણ ઉમરા- ગોથાણ રેલ્વે ઓવર બ્રીજથી દેલાડ ગામ તરફ જતા ત્રણ રસ્તા પાસેથી મો.સા. ઉપર જતા બે ઈસમોને ૩.૭૪૫ કિ.ગ્રા.ગાંજાના જથ્થા સાથે ઝડપી કુલ રૂ.૨,૪૭,૭૦૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

પોલીસ ફરજ દરમ્યાન અશોક પટેલે એન.ડી.પી. એસ.ના આ બંન્ને ગુનાઓ શોધી કાઢવાની પ્રસંશનીય કામગીરી પોલીસ ડિપાર્ટમેન્ટના ધ્યાને આવતા માંડવી ખાતેના નવનિર્મિત પોલીસ સ્ટેશનના લોકાપર્ણ સમારોહમાં અન્ય પોલીસ કર્મીઓની સાથે અ.હે.કો. અશોક ગણપત ભાઈ પટેલનું રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના વરદહસ્તે સન્માનપત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતાં.જેના પગલે અશોક પટેલ ઉપર પોલીસ બેડાએ અભિનંદન વર્ષા પાઠવી છે.

### સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે મનપાની ગાંધીગીરી

# વેપારીઓને ઈકો ફ્રેન્ડલી વિકલ્પો અપનાવવા માહિતી સાથે પેપર બેગનું વિતરણ કરાયું

• ગાંધીનગર

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવા અને પર્યાવરણના જતનના ઉમદા હેતુથી એક વિશેષ ગાંધીગીરી અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે દંડનીય કાર્યવાહીને બદલે પાલિકાએ આ વખતે સમજાવટ અને જાગૃતિનો માર્ગ અપનાવી શહેરના મુખ્ય બજાર વિસ્તારોમાં પ્લાસ્ટિક વિરુદ્ધ ઝુંબેશ હાથ ધરી છે. આ વિશેષ અભિયાનમાં સ્વસહાય જૂથની બહેનોએ ખભેખભા મિલાવીને સક્રિય ભૂમિકા ભજવી રહી છે. શહેરના ધમધમતા સેક્ટર-21, 24, સેક્ટર-7 અને મીના બજાર જેવા વિસ્તારોમાં આવેલી શાકમાર્કેટમાં



બહેનોએ રૂબરૂ મુલાકાત લઈ વેપારીઓ તેમજ ગ્રાહકોને સિંગલ યુઝ પ્લાસ્ટિકથી પર્યાવરણ અને સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

આ અભિયાનની ખાસિયત એ રહી કે વેપારીઓને માત્ર પ્લાસ્ટિક છોડવાની સલાહ જ નહીં પરંતુ તેના વિકલ્પ તરીકે પ્રતિકાત્મક રીતે પેપર બેગનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. પાલિકાની આ નવતર પદ્ધતિને કારણે વેપારીઓએ પણ હકારાત્મક પ્રતિસાદ આપતા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાની ખાતરી આપી હતી.મહાનગર પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય દંડ વસૂલવાને બદલે નાગરિકોમાં સ્વૈચ્છિક જવાબદારીની ભાવના કેળવવાનો છે. આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આ પ્રકારે ઈકો-ફ્રેન્ડલી વિકલ્પોના પ્રચાર-પ્રસાર માટે જાગૃતિ કાર્યક્રમો ચાલુ રાખવામાં આવશે જેથી ગાંધીનગરને સાચા અર્થમાં પ્લાસ્ટિક મુક્ત ગ્રીન સિટી બનાવી શકાય.

# 3 વર્ષથી ગુમ કિશોરની હત્યા મિત્રએ કર્યાની કબૂલાત છતાં ડેડબોડી ન મળી

• સુરત

સુરતના પુણા વિસ્તારમાં રહેતા એક પરિવારનો 17 વર્ષીય પુત્ર ત્રણ વર્ષ અગાઉ ઘર છોડીને ચાલ્યો ગયો હતો, જે આજદીન સુધી પરત આવ્યો નથી. કિશોરને તેનો પરિવાર પણ ભૂલી ગયો હતો, ત્યાં એક મિત્રએ કિશોરના ભાઈનો સંર્પક કરી તેને બે મિત્ર સાથે મળી કોશોરની હત્યા કરી જમીનમાં દાટી દીધો હોવાનું જણાવ્યું હતું. આ કેસમાં સુરત પોલીસ છેલ્લા બે મહિના કિશોરની ડેડબોડી શોધી રહી છે. પોલીસે બે મહિના સુધી 5000 સ્ક્વેર ફૂટ ગ્રાઉન્ડમાં પાંચ ફીટ અને અન્ય એક 45 ફૂટનો કૂવો ખોદ્યો છતાં ડેડબોડી નહિ મળતાં આખરે પોલીસને ત્રણેય મિત્ર વિરુદ્ધ અપહરણનો ગુનો નોંધવાની ફરજ પડી છે.

**સર્જાયો**

### 'બંને નિસ્તેજ લોહીલુહાણ હાલતમાં પડ્યા હતા'

# અડાલજના બટર ફલાય બ્રિજ નીચે અકસ્માતમાં બાઇક સવાર દંપતીનું મોત:કલોલથી પરત ફરતા હતા ને અજાણ્યા વાહને ટક્કર મારી

## બટર ફ્લાય બ્રિજ નીચે ગઈકાલે રવિવારે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો

• ગાંધીનગર

અમદાવાદ મહેસાણા હાઈવે અડાલજ બટર ફલાય બ્રિજ નીચે ગઈકાલે રવિવારે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં કલોલ ખાતે સંબંધીના ઘરે ખબર પૂછીને પરત અમદાવાદ જઈ રહેલા બાઈક સવાર દંપતીને અજાણ્યો વાહન ચાલક ટક્કર મારી નાસી ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત દંપતીનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અડાલજ બટર ફલાય બ્રિજ નીચે અકસ્માતમાં અમદાવાદના દંપતીનું મોત




અમદાવાદના કાંકરિયા પુરાણી હાઉસિંગ સોસાયટીમાં રહેતા વિજયભાઈ હરીશભાઈ શ્રીમાળી કઠવાડા ખાતે એલ્યુમીનીયમ ભંગારની દલાલીનુ કરે છે. જ્યારે તેમના નાના ભાઈ જયેશભાઈ અને તેની પત્ની શિલ્પાબેનને સંતાનમાં 12 વર્ષીય પુત્ર આલોક અને છ વર્ષીય પુત્ર કેવલ છે. ગઈકાલે રવિવારે બપોરના બંને ભાઈઓ પોતાની પત્નીઓ સાથે અલગ અલગ બાઈક લઈને કલોલ ખાતે રહેતા તેમના કાકાના ઘરે ખબર અંતર પૂછવા માટે ગયા હતા.

અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં બંને પટકાયા બાદમાં રાત્રિના સમયે ચારેય જણા ઘરે પરત જવા નીકળ્યા હતાં. તે વખતે આશરે રાત્રીના સવા દસેક વાગે મહેસાણાથી અમદાવાદ શેરથા ટોલટેક્ષ ઉપર ટ્રાફીક વધુ હોવાથી જયેશ અને શિલ્પાબેન બાઈક પર આગળ નીકળી ગયા હતાં. ત્યારે અડાલજ બટર ફલાય ઓવરબ્રિજ નીચે જયેશભાઈના બાઈકને કોઈ અજાણ્યા વાહન ચાલકે પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પર સવાર જયેશભાઈ અને તેમના પત્ની શિલ્પાબેન રોડ પર પટકાયા હતા.

આ દરમિયાન પાછળ આવી રહેલા વિજયભાઈએ ઘટનાસ્થળે પહોંચીને જોયું તો તેમના ભાઈ અને ભાભીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને બંને નિસ્તેજ લોહીલુહાણ હાલતમાં પડ્યા હતા. જ્યારે ટક્કર મારીને અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને અંધારાનો લાભ ઉઠાવી ફરાર થઈ ગયો હતો.મૃતદેહોને પીએમમાં ખસેડાયા, ગુનો નોંધાયો બાદમાં સ્થાનિક લોકોની મદદથી તાત્કાલિક સારવાર માટે પ્રયાસો હાથ ધરાયા હતા. પરંતુ પતિ પત્નીના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. બનાવની જાણ થતા અડાલજ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. અને મૃતક દંપતીના મૃતદેહોને અડાલજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે વિજયભાઈની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ખોટા ટુર પેકેજના નામે લાખો રૂપિયાની છેતરપીંડી – એલ.સી. બી.ની મોટી કાર્યવાહી

# પોરબંદરમાં છેતરપીંડીના કેસમાં ચાર વર્ષથી ફરાર આરોપી સુરતથી ઝડપાયો

**હોસ્પીટાલીટી**

### "ધ રોયલ રેજીસ હોસ્પીટાલીટી" નામની કંપની હેઠળ ખોટી ઓળખ આપી ટુર પેકેજની લાલચ આપી હતી

• ગોસા(ઘેડ) તા.૨૩

પોરબંદરમાં વર્ષ ૨૦૨૨માં નોંધાયેલા છેતરપીંડીના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી ફરાર આરોપીને પોરબંદર એલ.સી.બી. દ્વારા સુરતમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે. ફરિયાદી અવધેશકુમાર રઘુવંશકુમાર નિગમ, જે તે સમયે કોસ્ટગાર્ડમાં સીનીયર એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા, તેઓ દ્વારા કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં આરોપીઓએ એમ.જી. રોડ પર આવેલી કંસાર હોટલના મીટીંગ હોલમાં ફરિયાદી તથા અન્ય સાહેદોને બોલાવી "ધ રોયલ રેજીસ હોસ્પીટાલીટી" નામની કંપની હેઠળ ખોટી ઓળખ આપી ટુર પેકેજની લાલચ આપી હતી. આરોપીઓએ ખોટા એગ્રીમેન્ટ તૈયાર કરી તેમાં સહીઓ લઈ ક્રેડિટ કાર્ડ મારફતે કુલ અંદાજે રૂ.૩.૫૦ લાખની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ફરિયાદી તથા અન્ય લોકો સાથે છેતરપીંડી આચરી હતી. આ મામલે કમલાબાગ પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી, ૪૬૫, ૪૬૭ અને ૪૬૮ હેઠળ ગુનો નોંધાયો હતો સદરહુ ગુનામાં આ કામના આરોપીઓએ અગાઉથી નક્કી કર્યા મુજબ એમ.જી.રોડ પર આવેલ કંસાર નામની હોટલના મીટીંગ હોલમાં આ કામના ફરિયાદી તથા સાહેદોનો ટેલીફોનીક સંપર્ક કરી મીટીંગમાં બોલાવી ફરિયાદી તથા સાહેદોને ધ રોયલ રેજીસ હોસ્પીટાલીટી નામની કંપનીના નામ પર ખોટી ઓળખ આપી. ખોટી સ્કીમ બનાવી, ફરિયાદી તથા સાહેદોના ખોટા એગ્રીમેન્ટ બનાવી તેમા સહીઓ લઈ ક્રેડીટકાર્ટથી ઓનલાઈન રકમ ટ્રાન્સફર કરી ફરિયાદી તથા સાહેદોની અલગ-અલગ રકમ મળી કુલ રૂ. ૩.૫૦,૦૦૦/- ઓનલાઈન ટ્રાન્સફર કરી ફરિયાદી તથા સાહેદો સાથે છેતરપીંડી કરી ગુનો કરેલ હોવાનો ગુનો રજી. થયેલ.જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા (I.P.S.) તથા પોરબંદર પોલીસ અધિક્ષકશ્રી ભગીરથસિંહ જાડેજા (I.P.S.) દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા કરેલ સુચના કરવામાં આવેલ. જે સૂચના અનુસંધાને એલ.સી. બી. ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.કે. કાંબરીયા ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના એ. એસ. આઈ. રાજેન્દ્રભાઈ જોષી તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ સહિત પોલીસની સતત તપાસ દરમિયાન ટૂર પેકેજના નામે છેતરપિંડીનો આરોપી અસ્ફાક અકબરશાહ દિવાન (ઉ.વ.૩૩), જે સુરતમાં છુપાઈને રહેતો હતો, તેની હકીકત મળતા ઉપરોકત ગુનામાં લાલશાહી થી ૪ વર્ષથી નાસતા ફરતા આરોપીની મળેલ હકીકત આધારે એ.એસ.આઈ. ઉદયભાઈ વરૂ તથા મુકેશભાઈ માવદીયા તથા હેડ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ ઓડેદરા ને સુરત ખાતે ઉપરોકત આરોપીની તપાસમાં મોકલતા આરોપી સુરત ભરીમાતા રોડ ફુલવાડી વોટર લીલી બિલ્ડીંગ પાસે નરમાવાલા કોટેજ ખાતે થી મળી આવતા આરોપી અસ્ફાક સ/ઓ અકબર શાહ અબ્દુલ શાહ દિવાન ઉ.વ.૩૩ રહે. હાલ સુરત A-26 નરમાવાલા કોટેજ, ભરીમાતા રોડ ફુલવાડી વોટર લીલી બિલ્ડીંગ પાસે સુરતવાળાને ઉપરોકત ગુનાના કામે વધુ પુછપરછ અર્થે અત્રે એલ.સી. બી. ઓફીસ ખાતે લઈ આવી આગળની કાર્યવાહી કરવા માટે કમલાબાગ પો.સ્ટે. સોંપી આપવામાં આવેલ છે.કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓમાં એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે.કાંબરીયા તથાઆસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર બટુક ભાઈ વિંઝુડા, રાજેન્દ્રભાઈ જોષી, રણજીતસિંહ દયાતર, ગોવિંદભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, ઉદયભાઈ વરૂ તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા. હીમાંશુભાઈ મક્કા, કુલદીપસિંહ જાડેજા, લક્ષ્મણ ભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા.હેડ કોન્સ્ટેબલ જગમાલભાઈ ભારવાડીયા વિગેરે રોકાયેલ હતા.

# કણભા પોલીસના હેડ કોન્સ્ટેબલે દારૂ પીને રોફ જમાવ્યો, લારીવાળાને માર મારતા લોકોએ પોલીસકર્મીને લમધાર્યો

### નશામાં ધૂત કોન્સ્ટેબલની કારમાંથી મળી દારૂની બોટલો

• અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય પોલીસકર્મીના એક પછી એક વિવાદ સામે આવી રહ્યા છે. પહેલા બોપલમાં PSI જયેશ કાલોતરાએ અરજદાર સાથે સામાન્ય વાતમાં અભદ્ર શબ્દો બોલી રોફ જમાવ્યો હતો. હવે કણભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપક ડામોરે નશાની હાલતમાં કુહા ગામે ફાસ્ટ ફૂડની લારી પર જઈ ધમાલ મચાવતા ચકચાર મચી ગઈ છે.આ ઘટનામાં લોકોએ નશામાં ધૂત હેડ કોન્સ્ટેબલને માર માર્યો છે. આ દરમિયાન તેની કારમાંથી દારૂની બોટલો પણ મળી આવી છે. મહત્ત્વનું છે કે, આ હેડ કોન્સ્ટેબલ સામે પોલીસે પ્રોહીબિશન અને મારામારીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નશામાં ધૂત કોન્સ્ટેબલની કારમાંથી મળી દારૂની બોટલો આ ઘટના અંગે મળતી માહિતી મુજબ,



અમદાવાદ ગ્રામ્યના કુહા ગામે ગત રાત્રે કણભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ દીપક ડામોરે નશાની હાલતમાં ફાસ્ટ ફૂડની લારી પર જઈને ધમાલ મચાવી મારઝૂડ કરી હતી, જેના વિરોધમાં એકઠા થયેલા ગ્રામજનોએ હેડ કોન્સ્ટેબલને માર માર્યો હતો. આ પછી તેની ગાડીમાંથી દારૂની ભરેલી તથા ખાલી બોટલો મળી આવતા 112 પોલીસને બોલાવી હતી. આ પછી 112ની ટીમે નશામાં ધૂત પોલીસકર્મીને ત્યાંથી રવાના કરી દીધો હતો અને ફરિયાદીને જ પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. જે બાદ મોડી રાત્રે 3:00 વાગ્યા સુધી પોલીસ દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવાને બદલે માત્ર અરજી લઈને સંતોષ મનાયો હતો.

આ ઘટના અંગે કણભા પોલીસ સ્ટેશનના PIએ જણાવ્યું હતું કે, વીડિયોમાં મારામારી કરનાર પોલીસકર્મી 112નો નથી, પરંતુ તે કણભા પોલીસ સ્ટેશનનો છે. તેણે દારૂ પીધો હતો અને ફાસ્ટફૂડવાળાને ત્યાં મારામારી કરી હતી તે વાત સાચી છે, જેના પગલે અમે ગઈકાલે રાત્રે જ તેની સામે ફરિયાદ નોંધીને ગુનો દાખલ કરી દીધો છે. આ પોલીસ કર્મી કણભા પોલીસ સ્ટેશનનો હેડ કોન્સ્ટેબલ દીપક ડામોર છે. અમે તેની સામે પ્રોહીબિશન અને મારામારી કરવાની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે અને હાલમાં તેના વિરુદ્ધ આગળની તપાસ ચાલી રહી છે.'

### NDPSના આરોપીને 12 વર્ષની કેદ

# 8 લાખથી વધુની કિંમતનું 82 ગ્રામ MD ડ્રગ્સ સાથે આરોપીને પોલીસે ઝડપી પાડ્યો હતો

• અમદાવાદ

અમદાવાદના DCB પોલીસ મથકે માર્ચ, 2024માં બાપુનગરના આરોપી સલીમ શેખ અને ડુંગરપુરના એક આરોપી ભરત સામે NDPS એક્ટ અંતર્ગત પોલીસ ફરિયાદ નોધાઈ હતી. ડુંગરપુરનો આરોપી ફરાર છે. ત્યારે આરોપી સલીમ શેખ સામે અમદાવાદ સીટી સેશન્સ કોર્ટ ખાતે આવલી NDPSની વિશેષ અદાલતમાં કેસ ચાલી જતા જજ વી.બી. રાજપૂતે સરકારી વકીલ દિલીપસિંહ.એમ.ઠાકોરની દલીલો, સાહેદો અને પુરાવા તપાસીને આરોપીને 12 વર્ષ કેદની સજા ફટકારી છે.

ડ્રગ તસ્કરોને પકડવા માટે બાતમીદારોનું નેટવર્ક સક્રિય કર્યું કેસને વિગતે જોતા પોલીસે ડ્રગ્સ સંબંધીત ગુનાહોને રોકવા અને ડ્રગ તસ્કરોને પકડવા માટે બાતમીદારોનું નેટવર્ક સક્રિય કર્યું છે. જેમાં પોલીસને બાતમી મળી હતી કે, અજીત મીલ ચાર રસ્તા પાસે સુમેળ કોમ્પલેક્ષની દુકાનમાં આરોપી સલીમ શેખ પાસે એમ.ડી ડ્રગ્સ છે. જેના આધારે પોલીસે ત્યાં તપાસ



કરી હતી. પોલીસ તપાસ દરમિયાન આરોપીના ખિસ્સામાંથી સફેદ રંગનો પાવડર ભરેલી થેલી મળી આવી હતી. જેમાં 82 ગ્રામ જેટલું MD ડ્રગ્સ હતું. જેની બજાર કિંમત 8.25 લાખ જેટલું થવા જતી હતી. આ ડ્રગ્સની સાથે સહઆરોપી સાથે થયેલ બેંક વ્યવહાર પણ પોલીસને હાથે લાગ્યા છે. કોર્ટે આરોપીને સલીમ શેખને કેદ ઉપરાંત 2 લાખ રૂપિયાનો દંડ પણ કર્યો છે.

# વિધાનસભામાં રાજકીય ઘમાસાણની તૈયારી:UCC વિધેયક 24 માર્ચે રજૂ થશે



• ગાંધીનગર

ગુજરાત વિધાનસભા સત્રનો 21મો દિવસ આજે રાજકીય રીતે મહત્વપૂર્ણ છે. સત્રની શરૂઆત પ્રશ્નોત્તરીકાળથી કરવામાં આવશે. આજના દિવસ દરમિયાન ઊર્જા અને પંચાયત વિભાગ સાથે સાથે આરોગ્ય વિભાગના પ્રશ્નો પર વિસ્તૃત ચર્ચા હાથ ધરાશે. ઉપરાંત, બંને વિભાગોના બજેટ અંગે ચર્ચા તથા માંગણીઓ પર પણ સભ્યો વચ્ચે ચર્ચા થશે. આગામી દિવસોમાં મહત્વપૂર્ણ બિલોને ધ્યાનમાં રાખીને સત્ર વધુ ગરમાવવાની સંભાવના છે. આ વચ્ચે, ભાજપ દ્વારા પોતાના તમામ ધારાસભ્યોને મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે. આગામી ત્રણ દિવસ વિધાનસભામાં ફરજિયાત હાજર રહેવા માટે મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષના નામે પત્ર લખવામાં આવ્યો છે. સાથે જ અંતિમ બે દિવસ દરમિયાન વિવિધ 7 મહત્વપૂર્ણ બિલોની ચર્ચા યોજાનાર હોવાથી, તેમાં હાજરી અનિવાર્ય રાખવા સૂચના આપવામાં આવી છે.

### સુપ્રીમ કોર્ટના આદેશને પગલે રખડતાં કૂતરાની સમસ્યા હલ કરવા ગુજરાત સરકાર સક્રિય બની છે

# તલાટી-શિક્ષકોના ઈનકાર બાદ હવે આંગણવાડી બહેનોને રખડતાં કૂતરા ગણવાની કામગીરી થોપાઈ

• અમદાવાદ

સુપ્રીમ કોર્ટના આદેશને પગલે રખડતાં કૂતરાની સમસ્યા હલ કરવા ગુજરાત સરકાર સક્રિય બની છે ત્યારે ફરી રખડતા કૂતરા ગણવાની જવાબદારી આંગણવાડી બહેનોના માથે થોપી દેવાઈ છે. હવે જાહેર સ્થળોએ રખડતાં કૂતરાની ગણતરી કરીને આંગણવાડી બહેનોએ સમગ્ર રિપોર્ટ તૈયાર કરવાનો રહેશે. શાળા, એસટી સ્ટેશન, ધાર્મિક સ્થળો, ગાર્ડનની આસપાસ રખડતાં કૂતરાંઓ ગણવા પડશે

છેલ્લાં કેટલાંય વખતથી આંગણવાડી બહેનો સરકાર સામે લડત લડી રહી છે. તેમનું કહેવું છે કે, પગાર વધારો કરાતો નથી પણ કામનું ભારણ વધી રહ્યું છે. એક પછી એક કામ થોપી દેવામાં



આવી રહ્યું છે. અગાઉ રખડતા કૂતરાઓની ગણતરી કરવાનું કામ તલાટીઓને સોંપાયું હતું પણ હડતાલ પાડવાની ચિમકી આપતાં સરકારે બેકફુટ પર આવવું પડ્યું હતું. આ જ પ્રમાણે, શિક્ષકોને પણ આ કામગીરી સોંપાઈ હતી ત્યારે ભારે વિરોધ થતાં સરકારે પરિપત્ર પરત લેવા મજબૂર થવું પડ્યું હતું.

પગાર વધારાના બદલે કામનું ભારણ વધતા વિરોધ પ્રદર્શન છેલ્લાં ત્રણેક દિવસથી આંગણવાડી બહેનોએ હડતાળ પાડી છે. કામથી અળગા રહીને જિલ્લા મથકોએ વિરોધ પ્રદર્શન કર્યું છે. ગુજરાત આંગણવાડી કર્મચારી મંડળે આક્ષેપ કર્યો છે કે, હવે સરકારે એવું આંગણવાડી બહેનોને રખડતા કૂતરા ગણવાનું કામ સોંપ્યું છે. એવો પરિપત્ર કરાયો છે કે, આંગણવાડી બહેનોએ શાળા, કોલેજો, રેલ્વે સ્ટેશન, એસટી સ્ટેશન, ધાર્મિક સ્થળો, બાગ બગીચા, કમ્યુનિટી હોલ, વારીગૃહ, ગોડાઉન, આઈટીઆઈ જેવા સ્થળોની આસપાસ રખડતાં કૂતરાઓની ગણતરી કરવાની રહેશે. અને તાલુકા પશુચિકિત્સા અધિકારીને રિપોર્ટ સુપરત કરવાનો રહેશે. આમ, સરકારને આંગણવાડી બહેનોને પગાર વધારો આપવો નથી પણ કામનો વધારો કરવો છે. હાઈકોર્ટના આદેશ પછી પણ આંગણવાડી બહેનોનો પગાર વધારો કરાયો નથી ત્યારે હવે વિધાનસભાનો ઘેરાવ કરવા તૈયારીઓ કરવા ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# દહેગામની અહમદપુરા પ્રાથમિક સ્કૂલના બાળકોએ 1 ટન પ્લાસ્ટિક વેસ્ટમાંથી બનાવી બેઠક વ્યવસ્થા

## શાળાના વાર્ષિક કાર્યક્રમમાં સૌથી વધુ કચરો એકઠો કરનાર વિદ્યાર્થીઓની ઓળખ કરી



• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની અહમદપુરા પ્રાથમિક શાળા દ્વારા 'પ્લાસ્ટિક મુક્ત ગામ' અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અંતર્ગત વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ મળીને 1000 કિલોગ્રામથી વધુ પ્લાસ્ટિક કચરો જમા કર્યો હતો. આ એકત્રિત કચરાને મશીનરી પ્લાન્ટમાં મોકલી તેનું રિસાયકલિંગ કરવામાં આવ્યું અને તેમાંથી શાળા માટે બેઠક વ્યવસ્થા (બેન્ચ) તૈયાર કરવામાં આવી છે.

અહમદપુરા ગામે આવેલી પીએમ શ્રી સરકારી પ્રાથમિક શાળાએ પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા માટે એક ચોક્કસ પ્રોજેક્ટ હાથ ધર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત શાળાએ HCL ફાઉન્ડેશન અને CEE સંસ્થાના 'જનરેશન ફોર ક્લાયમેટ એક્શન' (GenCAN) કાર્યક્રમમાં સત્તાવાર નોંધણી કરાવી હતી.

આ યોજનાના ભાગરૂપે ગામને પ્લાસ્ટિકના કચરાથી મુક્ત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને ગ્રામ પંચાયતના સભ્યોએ આખા વર્ષ દરમિયાન વિવિધ સ્તરેથી પ્લાસ્ટિક કચરો એકઠો કર્યો હતો. આ સંગ્રહમાં પીવાના પાણીની બોટલો, સિંગલ યુઝ પ્લાસ્ટિક, ઘરગથ્થુ નકામી વસ્તુઓ અને ઔદ્યોગિક પેકિંગ મટીરીયલનો સમાવેશ થાય છે. આશરે એક ટન જેટલા જથ્થાને એકત્ર કરી તેને નિકાલ માટે તૈયાર કરાયો હતો.

શાળાના વાર્ષિક કાર્યક્રમમાં સૌથી વધુ કચરો એકઠો કરનાર વિદ્યાર્થીઓની ઓળખ કરી તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. એકત્ર થયેલા આ જથ્થાને 'ડોરપ્લાસ્ટ મશીનરી' નામની કંપનીમાં મોકલવામાં આવ્યો હતો. ત્યાં પ્લાસ્ટિકનું પ્રોસેસિંગ કરી તેમાંથી બેન્ચ બનાવવા માટેના જરૂરી પાટિયા તૈયાર કરવામાં આવ્યા હતા.

આ મટીરીયલમાંથી શાળાએ વિદ્યાર્થીઓ માટે બેસવાની બેન્ચ બનાવી છે. આ પ્રક્રિયાના શિક્ષણના ભાગરૂપે વિદ્યાર્થીઓને ફેક્ટરીની મુલાકાતે પણ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમણે પ્લાસ્ટિક રિસાયકલિંગની ટેકનિકલ પદ્ધતિઓ નિહાળી હતી.

પ્લાસ્ટિક વર્ગીકરણ અને પ્રક્રિયાની સમજ અપાઇ આ પ્રોજેક્ટ દરમિયાન વિદ્યાર્થીઓએ પ્લાસ્ટિકના વિવિધ પ્રકારો વિશે માહિતી મેળવી હતી. ફેક્ટરીના નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને રિસાયકલ થઈ શકે તેવા પ્લાસ્ટિક અને જેનો ફરીથી ઉપયોગ શક્ય નથી તેવા નોન-રિસાયકલેબલ પ્લાસ્ટિક વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. આ મુલાકાતનો મુખ્ય હેતુ બાળકોને વેસ્ટ મેનેજમેન્ટની ટેકનિકલ બાબતોથી માહિતગાર કરવાનો અને પર્યાવરણ પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમ કેળવવાનો હતો.


### સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 76141.94 કરોડનાં કામકાજ

# સોનાનો વાયદો રૂ.1.29 લાખ અને ચાંદીનો વાયદો રૂ.1.99 લાખના સ્તર સુધી ગબડ્યા બાદ બંને વાયદા ફરી ઊંચકાયા

## ક્રૂડ તેલનો વાયદો રૂ.758 લપસ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.94835.74 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.589635.46 કરોડનું ટર્નઓવર

• મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.684471.19 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.94835.74 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.589635.46 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.9051.45 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 76141.94 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.140158ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.140525 અને નીચામાં રૂ.129595ના સ્તરને સ્પર્શી, રૂ.144492ના આગલા બંધ સામે રૂ.5443 ઘટી રૂ.139049ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો 8 ગ્રામદીઠ રૂ.4863 ઘટી રૂ.113317 થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો 1 ગ્રામદીઠ રૂ.610 ઘટી રૂ.14194 થયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો 10 ગ્રામદીઠ રૂ.5471 ઘટી રૂ.139126ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો 10 ગ્રામદીઠ રૂ.140726ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.140726 અને નીચામાં રૂ.129500ના મથાળે અથડાઈ, રૂ.145078ના આગલા બંધ સામે રૂ.5931 ઘટી રૂ.139147 થયો હતો. ચાંદીના વાયદાઓમાં




ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.217702ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.223449 અને નીચામાં રૂ.199643ના મથાળે અથડાઈ, રૂ.226772ના આગલા બંધ સામે રૂ.5272 ઘટી રૂ.221500ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.6276 ઘટી રૂ.225472ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.6227 ઘટી રૂ.225777ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 10666.27 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4301ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4301 અને નીચામાં રૂ.4015ના મથાળે અથડાઈ, રૂ.283 ઘટી રૂ.4115 થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.9283ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9620 અને નીચામાં રૂ.8431ના સ્તરને સ્પર્શી, રૂ.9258ના આગલા બંધ સામે રૂ.758 ઘટી રૂ.8500 થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.758 ઘટી રૂ.8501ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.8.4 ઘટી રૂ.279.7ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.8.4 ઘટી રૂ.279.8 થયો હતો.બિનલોહ ધાતુઓમાં રૂ. 7017.94 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.8.1 વધી રૂ.1116.1ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.2.45 વધી રૂ.310.1ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.2.1 ઘટી રૂ.329.2ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો 75 પૈસા વધી રૂ.188.6ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.એનર્જી સેગમેન્ટમાં રૂ. 10666.27 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4301ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4301 અને નીચામાં રૂ.4015ના મથાળે અથડાઈ, રૂ.283 ઘટી રૂ.4115 થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો બેરલદીઠ રૂ.9283ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9620 અને નીચામાં રૂ.8431ના સ્તરને સ્પર્શી, રૂ.9258ના આગલા બંધ સામે રૂ.758 ઘટી રૂ.8500 થયો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.758 ઘટી રૂ.8501ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.8.4 ઘટી રૂ.279.7ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.8.4 ઘટી રૂ.279.8 થયો હતો.કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.992.9ના ભાવે ખૂલી, રૂ.3.4 ઘટી રૂ.1015 થયો હતો. કોટન માર્ચ વાયદો રૂ.80 ઘટી રૂ.26220ના સ્તરે પહોંચ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.2400ના ભાવે ખૂલી, રૂ.48 વધી રૂ.2495ના સ્તરે પહોંચ્યો હતો.


# સુરતની મિલેનિયમ-1 ટેક્સટાઈલ માર્કેટમાં 23 દિવસમાં બીજી વાર આગ

## ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનમાં એકાએક ધુમાડા નીકળતા વેપારીઓના શ્વાસ અધ્ધર, ફાયરની પાંચથી વધુ ગાડીઓએ આગ કાબૂમાં લીધી

• સુરત

સુરત શહેરના ધમધમતા રીંગરોડ વિસ્તારમાં આવેલી જાણીતી મિલેનિયમ-1 ટેક્સટાઇલ માર્કેટમાં આજે અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી કાપડની દુકાનમાં લાગેલી આગને પગલે ધુમાડાના ગોટેગોટા ઉઠતા વેપારીઓ અને ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે, હાલ આગ કાબૂમાં આવી ગઈ છે.

માર્કેટના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી 'કપૂર લહેંગા, શૂટ અને સાડી' નામની દુકાનમાં શોર્ટ સર્કિટ અથવા અન્ય અકસ્માતને કારણે અચાનક આગ લાગી હતી. દુકાનમાં કાપડનો જથ્થો હોવાથી જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ



ધારણ કરી લીધું હતું. આગ લાગતા જ આસપાસના લોકો અને વેપારીઓએ એકઠા થઈને લહેંગા અને શૂટના કિંમતી જથ્થાને બહાર કાઢી બચાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમ એક્શનમાં આવી હતી. નજીકના ત્રણ ફાયર સ્ટેશનની 5થી વધુ ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. નોંધનીય છે કે, બરાબર 23 દિવસ પહેલા પણ આ જ મિલેનિયમ ટેક્સટાઇલ માર્કેટમાં આગ લાગવાની ઘટના બની હતી. વારંવાર બનતી આવી ઘટનાઓને કારણે માર્કેટના વેપારીઓના જીવ અધ્ધર થઈ ગયા છે. માર્કેટમાં સુરક્ષાના સાધનો અને ફાયર સેફ્ટીની અમલવારી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. સદનસીબે, આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી, પરંતુ આર્થિક નુકસાન મોટા પાયે થયું હોવાની આશંકા છે.

# સોશિયલ મીડિયામાં પેટ્રોલની અછતની અફવાએ સુરતમાં હોબાળો મચાવ્યો

## પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી લાઇનો, પોલીસની સ્પીકર લગાવી સ્ટોક ઉપલબ્ધ ને શાંતિ જાળવવા અપીલ

• સુરત

સ્ટોક ફૂલ છે અને પેનિક કરવાની જરૂર નથી. સુરતમાં આજે અચાનક પેટ્રોલ ખૂટી જશે તેવી સોશિયલ મીડિયામાં વહેતી થયેલી એક અફવાએ ભારે હોબાળો મચાવ્યો છે. શહેરના વરાછા, કાપોદ્રા અને હીરાબાગ જેવા ગીચ વિસ્તારોમાં પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. ગભરાટમાં આવેલા લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહીને પેટ્રોલ ડીઝલ ભરાવી રહ્યા હતા, શહેરમાં પેટ્રોલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને અછતની વાતો માત્ર પાયાવિહોણી અફવા છે.હીરાબાગ વિસ્તારમાં આવેલા HPના પેટ્રોલ પંપ પર પણ સવારથી જ અરાજકતા જેવો માહોલ જોવા મળ્યો હતો. લોકો અડધાથી એક કલાક સુધી લાઈનમાં ઉભા રહીને પોતાના વાહનોની ટાંકી ફૂલ કરાવી રહ્યા હતા. લોકોમાં એવો ફાળ ફેલાયો હતો કે આગામી દિવસોમાં સપ્લાય બંધ થઈ જશે, જેના કારણે દરેક વ્યક્તિ વહેલી તકે પેટ્રોલ-ડીઝલ મેળવી લેવા માંગે છે. નાગરિકોને સોશિયલ મીડિયા પર વહેતા થતા ખોટા મેસેજ કે અફવાઓથી દૂર રહેવા અને ગભરાટમાં આવીને બિનજરૂરી લાઈનો ન લગાવવા અપીલ કરવામાં આવી હતી. જેના કારણે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.કાપોદ્રા વિસ્તારમાં આવેલા જિઓના પેટ્રોલ પંપ પર સ્થિતિ એટલી હદે વણસી હતી કે સંચાલકોએ તાત્કાલિક પોલીસની મદદ લેવી પડી હતી. લોકોના ટોળેટોળા ઉમટી પડતા વ્યવસ્થા જાળવવી મુશ્કેલ બની હતી. પેટ્રોલ પંપના માલિક અને પોલીસ અધિકારીઓએ લાઉડસ્પીકર લગાવીને લોકોને શાંતિ જાળવવા વિનંતી કરી હતી. વહીવટી તંત્ર અને પંપ માલિકોએ સ્પષ્ટતા કરી છે કે, શહેરમાં પેટ્રોલનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને અછતની વાતો માત્ર પાયાવિહોણી અફવા છે.હીરાબાગ વિસ્તારમાં આવેલા HPના પેટ્રોલ પંપ પર પણ સવારથી જ અરાજકતા જેવો માહોલ જોવા મળ્યો હતો. લોકો અડધાથી એક કલાક સુધી લાઈનમાં ઉભા રહીને પોતાના વાહનોની ટાંકી ફૂલ કરાવી રહ્યા હતા. લોકોમાં એવો ફાળ ફેલાયો હતો કે આગામી દિવસોમાં સપ્લાય બંધ થઈ જશે, જેના કારણે દરેક વ્યક્તિ વહેલી તકે પેટ્રોલ-ડીઝલ મેળવી લેવા માંગે છે. નાગરિકોને સોશિયલ મીડિયા પર વહેતા થતા ખોટા મેસેજ કે અફવાઓથી દૂર રહેવા અને ગભરાટમાં આવીને બિનજરૂરી લાઈનો ન લગાવવા અપીલ કરવામાં આવી હતી.

## રાશીફળ (તા.24-03-2026)

**મેષ (અ.લ.ઈ)** આજનો દિવસ આનંદદાયક તથા સફળતા આપનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની વાતચીત ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય હાંસલ કરવામાં ભાઈઓનો પણ પૂરતો સહકાર મળશે.

**વૃષભ (બ.વ.ઉ)** વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં ફેરફાર કરવાનું જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમની નજરિયેથી જોવું વધુ યોગ્ય રહેશે.

**મિથુન (ક.છ.ઘ)** મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવન સંબંધિત કેટલીક બદલાવ આવી શકે છે.

**કર્ક (ડ.હ)** કર્ક રાશિના જાતકોને આજે વ્યવસાયમાં લાભ મેળવવાની તક મળશે. પૈસાથી સંબંધિત બાબતોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે.

**સિંહ (મ.ટ)** સિંહ રાશિના લોકોને આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે મતભેદ થઈ શકે છે. અગાઉની કેટલીક ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં કેટલાક ફેરફાર લાવશો.

**કન્યા (પ.ઠ.ણ)** કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ જ સારા કાર્ય લઈને આવશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. પરિવારના સભ્યોમાં પ્રેમ અને તાળમેલ રહેશે.

**તુલા (ર.ત)** તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમારા અટકેલા પૈસા પાછા મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત ખુશખબર મળી શકે છે.

**વૃશ્ચિક (ન.ય.)** વૃશ્ચિક રાશિના લોકો માટે આજનો દિવસ પરેશાનીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.

**ધન (ભ.ધ.ફ.ઢ)** ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત માટે વધુ મહેનત કરશો. જીવનસાથી તમારી કોઈ કઠોર વાતને ગલત સમજી શકે છે.

**મકર (ખ.જ)** આજનો દિવસ તમારા માટે સારો રહેશે. જીવનસાથી સાથે બહાર ફરવા જઈ શકો છો અને બંને સાથે સમય આનંદમાં પસાર થશે.

**કુંભ (ગ.શ.સ.ષ)** આજના દિવસે તમે કોઈ પણ પ્રકારની મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.

**મીન (દ.ચ.ઝ.થ)** મીન રાશિના લોકો માટે આજનો દિવસ આનંદદાયક રહેશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં પાર્ટનર સાથે સમજણ અને નજીકીઓ વધી શકે છે.

# ગાંધીનગર : ગુજરાત ફાર્મસી કાઉન્સિલના બે મહત્વના MoU

## વડાપ્રધાનના આહ્વાન બાદ ફાર્મસી કાઉન્સિલે IPC અને IMA સાથે ઐતિહાસિક સમજૂતી કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 28 ડિસેમ્બર, 2025ના રોજ 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશવાસીઓને 'એન્ટીમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ' (AMR)ના ગંભીર ખતરા અંગે સાવધ કર્યા હતા. આ આહ્વાનને ગંભીરતાથી લઈને જાહેર આરોગ્યની સુરક્ષા કાજે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવામાં આવ્યું છે. રાજ્યભરમાં AMR અંગે વ્યાપક જાગૃતિ લાવવા માટે કાઉન્સિલે ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશન(IPC)અને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) સાથે બે મહત્વના સમજૂતી કરાર(MoU)કર્યા છે. જ્યારે બેક્ટેરિયા, વાયરસ અને ફંગસ જેવા સુક્ષ્મજીવો દવાઓ સામે લડવાની શક્તિ કેળવી લે છે, ત્યારે તેને એન્ટીમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં સામાન્ય રોગોની સારવાર પણ મુશ્કેલ બની જાય છે. આ જોખમને ખાળવા માટે ફાર્મસી કાઉન્સિલ હવે ડોક્ટરો અને ફાર્માસિસ્ટ્સ સાથે મળીને સંયુક્ત અભિયાન ચલાવશે, જેથી ભવિષ્યમાં દવાઓની અસરકારકતા જળવાઈ




રહે. આ સમજૂતી કરારનો મુખ્ય ઉદ્દેશ્ય દવાઓના અવિચારી ઉપયોગને અટકાવવાનો અને એન્ટીબાયોટિક દવાઓ સામે વધતી જતી પ્રતિકારક શક્તિના જોખમો વિશે લોકોને શિક્ષિત કરવાનો છે. આ ઐતિહાસિક ક્ષણે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલના પ્રમુખ ભરત પટેલ, ઉપપ્રમુખ કશ્યપ પટેલ તેમજ ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ઉપપ્રમુખ જશુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત IMA પ્રેસિડેન્ટ ડૉ. અનિલ નાયક અને IPC સેક્રેટરી ડૉ. કલાપની હાજરીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

જ્યારે બેક્ટેરિયા, વાયરસ અને ફંગસ જેવા સુક્ષ્મજીવો દવાઓ સામે લડવાની શક્તિ કેળવી લે છે, ત્યારે તેને એન્ટીમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ કહેવામાં આવે છે. આ સ્થિતિમાં સામાન્ય રોગોની સારવાર પણ મુશ્કેલ બની જાય છે. આ જોખમને ખાળવા માટે ફાર્મસી કાઉન્સિલ હવે ડોક્ટરો અને ફાર્માસિસ્ટ્સ સાથે મળીને સંયુક્ત અભિયાન ચલાવશે, જેથી ભવિષ્યમાં દવાઓની અસરકારકતા જળવાઈ રહે.

|| બેસણું ||



**સ્વ. હરિશંકર મેઘસિંહ વાઘેલા**

તા. ૨૦-૦૩-૨૦૨૬, શુક્રવાર, ચૈત્ર બીજ (ઉ.વર્ષ. ૫૮) (ગામ. અમદાવાદ)

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતા સ્વ. હરિશંકર મેઘસિંહ વાઘેલા નો સ્વર્ગવાસ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગત દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

● બેસણું ●

બેસણું ૨૫-૦૩-૨૦૨૬, બુધવાર ના રોજ સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાક સુધી રાખેલ છે.

લી.
દિવાનસિંહ મેઘસિંહ વાઘેલા (મોટા પપ્પા)
સત્યવીરસિંહ મેઘસિંહ વાઘેલા (કાકા)

રાજન હરિશંકર વાઘેલા (મોટો ભાઈ)
પાર્થ હરિશંકર વાઘેલા (વચે ના ભાઈ)
પ્રતિક હરિશંકર વાઘેલા (નાનો ભાઈ)

ભત્રીજાઃ- રાહુલ વાઘેલા
પૃથ્વીરાજ વાઘેલા
અયાંશ વાઘેલા

સ્થળ
બાપા સીતારામ મેદાન, તીર્થધામ સોસાયટી,
જનતાનગર, રામોલ રોડ, અમદાવાદ.

ગુજરાત સરકાર દ્વારા સત્તાવાર સ્પષ્ટતા

# રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ અફવાઓથી દૂર રહેવા નાગરિકોને અપીલ

ગુજરાતના અમુક શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાઓ વચ્ચે આજે રાજ્ય સરકાર, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન અને પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશન દ્વારા સંયુક્ત નિવેદન આપીને રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાની જાહેર જનતાને મહત્વની ખાતરી આપવામાં આવી છે. આ સંદર્ભે અન્ન, નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મોના ખાંધારે જણાવ્યું હતું કે, રાજ્યના તમામ પેટ્રોલ પંપો પર જરૂરિયાત મુજબનો પેટ્રોલ અને ડીઝલનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવવાની અને પેનિક થવાની જરૂર નથી. આ ઉપરાંત રાજ્યમાં પૂરતો ઈંધણનો 'બફર સ્ટોક' પણ ઉપલબ્ધ છે, જેથી કોઈએ ગભરાવાની કે ખોટી ઉતાવળ કરવાની કોઈ જરૂર નથી.અધિક મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યું હતું કે, અમુક જગ્યાએ પેટ્રોલ અને ડીઝલની અછત હોવાના સમાચાર માત્ર અફવા છે. આ ઉપરાંત જો કોઈ ડીલર પાસે જથ્થો હોવા છતાં જાણીજોઈને પંપ બંધ રાખશે અથવા જનતાને હેરાન કરશે, તો તેની સામે સખત કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન-IOCLના સ્ટેટ નોડલ ઓફિસર અને એક્ઝીક્યુટિવ ડાયરેક્ટર શ્રી સંજીવ બહેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તમામ પેટ્રોલ-ડીઝલના ડેપો અને ટર્મિનલ્સમાં પેટ્રોલ અને ડીઝલની પૂરતી ઈન્વેન્ટરી ઉપલબ્ધ છે. જેથી નાગરિકોએ પેટ્રોલ પંપ પર લાઈનો લગાવવાની જરૂર નથી અને ગમે ત્યારે જોઈએ તેટલું ઈંધણ મળી રહેશે.

ભારતના પેટ્રોલિયમ ડીલર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટે કહ્યું હતું કે, ઓઈલ કંપનીઓએ સપ્લાયના કલાકો વધાર્યા છે અને જથ્થામાં પણ વધારો કર્યો છે. વધુમાં, સોશિયલ મીડિયામાં આવતા ખોટા મેસેજ કે અફવાઓથી દોરાઈને પંપ પર ભીડ ન કરવી જોઈએ. ગુજરાતમાં ઈંધણની કોઈ જ તકલીફ નથી અને ભવિષ્યમાં પણ રહેશે નહીં.

# વડોદરામાં તળાવમાં નહાવા ગયેલા 4 યુવાન ડૂબ્યા, એકનું મોત:બે યુવાનનો બચાવ ને એક ગુમ

• વડોદરા

વડોદરા જિલ્લાના આલમગઢ ગામે ગઈકાલે (22 માર્ચ) ચાર યુવાનો તળાવમાં નહાવા જતા દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં ચાર મિત્રો તળાવમાં ઉતર્યા હતા, ત્યારે અચાનક ઊંડા પાણીમાં જતા બે યુવાનો અમિત સુરેશ તડવી અને શૈલેષ રમણભાઈ સોલંકી ડૂબી ગયા હતા. ફાયર બ્રિગેડની ટીમે શોધખોળ કરતા અમિત તડવીનો સોમવાર સાંજે મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે શૈલેષ સોલંકીનો હજુ સુધી કોઈ પત્તો ન લાગતા ફાયર વિભાગ દ્વારા શોધખોળ કરાઈ રહી છે.ઉલ્લેખનીય છે કે, શૈલેષના મોટાભાઈની તાજેતરમાં સગાઈ થતા આવતા મહિને લગ્ન હતા તે પહેલા જ આ કરુણ ઘટના બનતા પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો.

**આક્ષેપ** સાટા પ્રથામાં બેન-ભાઈના લગ્ન કરેલ હતા પરંતુ ભાઈ નું અકાળે અવસાન થતાં નણંદ એ પુનઃ લગ્ન કર્યા

# માતા-પિતા અને દલાલોએ સાથે મળીને ૧૦ લાખ રૂપિયા લઈને બળજબરીથી દીકરીના બીજા છોકરા સાથે લગ્ન કરાવી દીધા..!

## નરસિંહ દરજી-જાખડી રાજસ્થાન વાળો મુખ્ય દલાલ હોવાનું પીડિત દીકરીએ વિડીઓના માધ્યમથી આક્ષેપ કર્યો છે

• લાખણી

લાખણી તાલુકાના મોરાલ ગામ માંથી એક ચકચારી બનાવ સામે આવ્યો છે જે અંગેની હકીકત એવી છે કે જલ્પાબેન ઉર્ફે પૂજાબેન દરજી જેઓના લગ્ન મોરાલ ગામના ધીરજભાઈ દરજી સાથે આશરે સાત વર્ષ અગાઉ થયેલ છે અને એમને એક સાડા ત્રણ વર્ષ નો દીકરો છે જલ્પાબેન અને એમના ભાઈ રાહુલના લગ્ન સાટામાં કરવામાં આવ્યા હતા પરંતુ જલ્પાબેનના ભાઈ રાહુલ નું આશરે ત્રણ વર્ષ અગાઉ અકાળે અવસાન થતાં નણંદ રિયલબેનના પુનઃલગ્ન થયેલા છે ત્યારે જલ્પાબેન દરજી જ્યારે પણ પોતાના પિતાના ઘરે મળવા જતા ત્યારે પિતા કરશનજી દરજી જલ્પાબેન ને રોકી દેતા અને મોરાલ સાસરે જવાની ના પાડતા હતા પરંતુ જલ્પાબેન પોતાના જીવનમાં એક ભવ ના બે ભવ કરવા માંગતા ન હતા ત્યારે અંદાજે દોઢ મહિના પહેલાં જલ્પાબેન પિતાના ઘરે મળવા ગયા ત્યારે પિતાએ રોકી દીધી અને તારીખ ૦૫/૦૩/૨૦૨૬ ના માતા પિતા એ બાલારામ દર્શન કરવા જવાનું કહીને રિક્ષામાં પાલનપુર થી આગળ કોઈ ગામમાં મંદિરે લઈ ગયા અને ત્યાં પ્લાન મુજબ બીજા માણસો આવ્યા અને જલ્પાબેન ના પિતાએ અને એ લોકોએ અંગત ચર્ચાઓ કરી પછી બીજા કોઈ છોકરા સાથે ફોટા પડાવેલ અને ફોટા પડાવ્યા પછી મને જે બીજા લોકો ગાડી લઈને આવ્યા હતા એમાં બેસવા કહ્યું અને મારા માતા પિતા રીક્ષા લઈને બીજા ગામ આવ્યા એ ગામનું નામ મલાણા તા.પાલનપુર હતું પછી ત્યાંથી મને મૂકીને મારા માતા પિતા રવાના થઈ ગયેલ એટલે હું રોવા લાગી ત્યારબાદ મારી પાસેનો ફોન મલાણા ગામના કપિલ પ્રવિણભાઈ દરજીએ લઈ લીધો અને મને કહેવા લાગ્યા કે અમે તારા બાપ ને દશ લાખ રૂપિયા આપીને તને લાવી છે એટલે હવે અહીં તારે અમારી મરજી પ્રમાણે રહેવું પડશે એમ કહી મને એક રૂમમાં બેસાડી દીધી અને સાંજે કપિલ એ રૂમમાં આવ્યો અને મારી સાથે અડપલાં કરવા લાગ્યો તો મેં ના પાડી તો બળજબરીથી મારી સાથે બળાત્કાર કર્યો ત્યારે એ રોવા લાગી તો કપિલે કહ્યું કે રોવાથી કશું નહીં થાય તું મને છોડીને ક્યાંય નહીં જઈ શકે એટલે હું ડરની મારી ત્યાં પડી રહી અને સવારના મેં કપિલના પિતા અને માતા તથા બન્ને બહેનોને જાણ કરી



તો એ લોકોએ મને ધમકાવી કહ્યું કે નખરાં કર્યા વગર પડી રહેજે તારા બાપને દશ લાખ રૂપિયા આપ્યા છે એટલે ક્યાંય આડા અવળી થવાની કોશિશ કરીશ તો હાડકાં ભાગી નાખીશું અને તારા બાપે તો અમને છૂટ આપી છે કે ભાગી જવાની કોશિશ કરે તો જીવતી સળગાવી દેજો અને એને ક્યાંય જવા દેતા નહિ એવી ધમકી આપી એટલે ગભરાઈ ગઈ અને મારો ફોન પણ લઈ લીધો હતો અને કપિલ અને તેના પરિવારે મારી પાસે કોરા કાગળો પર સહી કરાવી લીધી અને પછી રોજેરોજ કપિલ દરજી મારી સાથે બળજબરીથી બળાત્કાર કરતો હતો પછી મેં એમનો વિશ્વાસ જીતીને મને તક મળી એટલે તરત જ મેં મારા પતિ ધીરજ ને કોલ કર્યો એટલે એણે કહ્યું કે તારા પિતા એ એવું કહ્યું છે કે જલ્પા ને હવે મોરાલ જવું નથી એટલે એમણે છૂટું કર્યું છે હું તને લેવા બીજા ગામમાં ન આવી શકું પરંતુ તારે આવવું હોય તો પોલીસ ને જાણ કરી સમાજને જાણ કરીને આવી જા એટલે પછી જલ્પા એ આગથળા પોલીસ સ્ટેશનમાં આવીને પોતાની આપવીતી લેખિતમાં આપી ત્યારબાદ પોલીસે જલ્પાને ધીરજ દરજી મોરાલ વાળાઓના ઘરે મુકવાની વ્યવસ્થા કરી હતી આ સિવાય પણ જલ્પા એ કહ્યું છે કે મારા પિતા અને દલાલો સાથે મળીને મારુ અપહરણ કરી શકે છે અથવા તો સામાજિક રીતે મારા પતિ ને દબાવી શકે છે જેમાં કેટલાક સમાજના કહેવાતા આગેવાનો સાથે મળીને ષડયંત્ર રચી શકે એમ છે ત્યારે બનાવ સામે આવતાં હાહાકાર મચી જવા પામી છે અને એક પિતા એ એક સંતાનની માતા ને ૧૦ લાખ રૂપિયા ની લાલચમાં દીકરીને બળજબરીથી બીજા છોકરા સાથે લગ્ન કરાવી દેવા કેટલા અંશે યોગ્ય છે હવે પોલીસે તપાસ હાથ ધરી છે એટલે પોલીસ તપાસ બાદ સત્ય સામે આવશે.

સુરતમાં સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ કરશે સરપ્રાઈઝ ચેકિંગ

# નંબર-1નો તાજ જાળવી રાખવા કમિશનરી એમ નાગરાજને કમર કસી, બ્રિજોને રંગરોગાન કરવાની કામગીરી શરૂ

**સ્વચ્છ શહેર** વરાછા, કતારગામ, અઠવા અને રાંદેરમાં વહેલી સવારથી જ સરપ્રાઈઝ ચેકિંગ

• સુરત

સુરત હવે વૈશ્વિક સ્તરે સ્વચ્છ શહેર તરીકે પોતાની આગવી ઓળખ મજબૂત કરી રહ્યું છે. વર્ષ 2023થી સ્વચ્છતા સર્વેક્ષણમાં સતત પ્રથમ ક્રમાંકે આવતું સુરત શહેર આ વખતે પણ પોતાની હેટ્રિક જાળવી રાખવા માટે સજ્જ થયું છે. મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનના નેતૃત્વ હેઠળ સુરત મહાનગરપાલિકાએ 'સ્વચ્છતા સર્વેક્ષણોમાં પ્રથમ આવવા કમર કસી છે. શહેરના ખૂણે-ખૂણે સફાઈ અભિયાન અને સુશોભનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, કારણ કે કેન્દ્રીય સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ ગમે ત્યારે શહેરમાં ત્રાટકી શકે છે.

સ્વચ્છતાના આ મહાકુંભમાં કોઈ પણ પ્રકારની કચાશ ન રહી જાય તે માટે ખુદ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજન મેદાનમાં ઉતર્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી કમિશનર દ્વારા શહેરના વિવિધ ઝોન જેમ કે વરાછા, કતારગામ, અઠવા અને રાંદેરમાં વહેલી સવારથી જ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. કમિશનરની આ મુલાકાતો માત્ર મુખ્ય માર્ગો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેઓ આંતરિક ગલીઓ, જાહેર શૌચાલયો, કચરાના ડેપો અને ટ્રાન્સફર સ્ટેશનોની પણ ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે. જે વિસ્તારોમાં સફાઈમાં બેદરકારી જોવા મળે છે ત્યાં સ્થળ પર જ અધિકારીઓને ખખડાવીને તાત્કાલિક કામગીરી સુધારવા



આદેશો આપવામાં આવી રહ્યા છે.

સુરત બ્રિજ સિટી તરીકે ઓળખાય છે, અને આ બ્રિજો શહેરની સુંદરતામાં વધારો કરે તે માટે પાલિકાએ વિશેષ આયોજન કર્યું છે. હાલમાં શહેરના બ્રિજો પર રંગ-રોગાનની કામગીરી ચાલી રહી છે. બ્રિજોની નીચેના ભાગમાં થતું દબાણ દૂર કરી ત્યાં પેવર બ્લોક નાખવા અથવા આકર્ષક પેઈન્ટિંગ્સ બનાવવાનું કામ પૂરજોશમાં છે.

સ્વચ્છતા સર્વેક્ષણની પ્રક્રિયા અત્યંત કડક અને પારદર્શક હોય છે. દિલ્હીથી આવતી ટીમ ક્યારે આવશે અને કયા વિસ્તારની મુલાકાત લેશે, તેની જાણ સ્થાનિક પાલિકાના ઉચ્ચ અધિકારીઓને પણ હોતી નથી. આ ટીમ સામાન્ય નાગરિકો બનીને શહેરમાં ફરે છે, હોટલો, રેસ્ટોરન્ટ્સ, બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળોની મુલાકાત લે છે. ગયા વર્ષે પણ આ જ સમયગાળા દરમિયાન ટીમે સુરતની મુલાકાત લીધી હતી અને નાગરિકોના ફીડબેક (અભિપ્રાય) લીધા હતા. આ વર્ષે પણ ટીમ ગમે ત્યારે આવી શકે છે, તેથી પાલિકાના દરેક કર્મચારી અને સફાઈ કામદારો સુરતને સુઘડ બનાવવા કમર કસી રહ્યા છે.

ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન શહેરના 100% ઘરોમાંથી કચરો એકઠો કરવામાં આવે છે વર્ષ 2024-25માં સુરતને સ્વચ્છતા પ્રીમિયર લીગમાં સ્થાન મળ્યું છે, જે દર્શાવે છે કે સુરતમાં સ્વચ્છતા હવે માત્ર સરકારી કામ નથી, પરંતુ એક જન-આંદોલન બની ગયું છે. પાલિકા દ્વારા શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ, રહેણાંક સોસાયટીઓ અને વિવિધ NGO ને આ અભિયાનમાં જોડવામાં આવ્યા છે. સુરત પાલિકા કચરાના નિકાલ માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન શહેરના 100% ઘરોમાંથી કચરો એકઠો કરવામાં આવે છે. ભીનો અને સૂકો કચરો અલગ કરવાની પ્રક્રિયા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

# RBI-અમદાવાદ દ્વારા ગુજરાતની સહકારી બેંકો માટે 'સાયબર સંબંધિત છેતરપિંડીનો સામનો કરવો' વિષય પર દ્વિતીય કાર્યશાળાનું આયોજન

## જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો અને રાજ્ય સહકારી બેંકના અધિકારીઓ સહભાગી થયા

ભારતીય રિઝર્વ બેંકે તેના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ સાથેના તેના નિરીક્ષણીય અને વિકાસલક્ષી એવા નિરંતર સંકલન તેમ જ જોડાણના ભાગરૂપે આજે અમદાવાદ ખાતે સાયબર સંબંધિત છેતરપિંડીની ઘટનાઓ અને તે વિષયક વધતી જતી નવી નવી તરકીબો વિશે જાગૃતિ લાવવા માટે 'સાયબર સંબંધિત છેતરપિંડીઓનો સામનો કરવો' વિષય પર એક કાર્યશાળાનું આયોજન કર્યું. સાયબર સંબંધિત છેતરપિંડીઓ મુદ્દે નિયંત્રણ હેઠળની સંસ્થાઓમાં જાગૃતિ લાવવા માટેની વર્તમાન શૃંખલાના ભાગરૂપે અગાઉ ગત ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ ૧૦૦ નાની શહેરી સહકારી બેંકો માટે આવી પ્રથમ કાર્યશાળા આયોજીત કરવામાં આવી હતી. આ બીજી કાર્યશાળામાં ગુજરાતભરમાં કાર્યરત એવી ૯૪ શહેરી સહકારી બેંકો, જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો અને રાજ્ય સહકારી બેંકના મુખ્ય કાર્યકારી અધિકારીઓ, વરિષ્ઠ સંચાલકગણ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી વિભાગના વડાઓએ ભાગ લીધો.આ કાર્યશાળા સાયબર છેતરપિંડીના જોખમનો સામનો કરવામાં સલામત ડિજિટલ ચુકવણીની પ્રથાને (ઈકોસિસ્ટમને) પ્રોત્સાહન



આપવા માટે હિતધારકો સાથે સતત સંકલન સાધવાના ભારતીય રિઝર્વ બેંકના પ્રયાસોના એક ભાગ સમાન છે.

આ પ્રસંગે તજજ્ઞ વક્તા તરીકે ભારતીય રિઝર્વ બેંકના જનરલ મેનેજર શ્રી વિજય રૈના અને ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ફોર એક્સેલન્સના પોલીસ અધિક્ષક શ્રી સંજય કુમાર કેશવાલાએ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યશાળામાં એક મજબૂત કાર્યપ્રથા તેમ જ નિરીક્ષણીય વ્યવસ્થા, કડક આંતરિક નિયંત્રણો, સુચારુ પ્રક્રિયાઓ અને સાયબર સંબંધિત છેતરપિંડીઓને નિવારવા તેમ જ તેના જોખમને નિયંત્રિત કરવા માટે અદ્યતન તકનીકોના ઉપયોગના મહત્વ પર ભાર મુકવામાં આવ્યો. ભારતીય રિઝર્વ બેંકના વક્તાઓએ સાયબર સંબંધિત નાણાકીય છેતરપિંડીઓની ઘટનાઓમાં તાજેતરમાં જોવા મળેલ વૃદ્ધિ, એમાં પણ ખાસ કરીને 'ડિજિટલ ધરપકડ' ની ઘટનાઓ, પર ભાર મુકવા ઉપરાંત બેંકો દ્વારા નવા ગ્રાહકોની નોંધણીની પ્રક્રિયા દરમિયાન ગ્રાહકની જરૂરી તેમ જ પૂરતી તપાસ (ડ્યુ ડિલિજન્સ) કરવી અને તેના વ્યવહારો પર સતત દેખરેખ રાખવી જરૂરી હોવાની અગત્યતા પર પણ ભાર મૂક્યો. વધુમાં, ભારતીય રિઝર્વ બેંકે શહેરી સહકારી બેંકોના વરિષ્ઠ નેતૃત્વને તેમની સંસ્થાઓમાં સાયબર સંબંધિત સ્થિતિસ્થાપકતાને એક મુખ્ય વ્યૂહાત્મક ઉપાય તરીકે અગ્રિમતા આપવા તેમ જ અપનાવવા આહ્વાન કર્યું.

# સાજીદે અભિષેક ગુપ્તાના નામે હોટલમાં એન્ટ્રી મેળવી

## અભયકુમાર શર્માએ AI ની મદદથી આરોપીનું આધાર કાર્ડ બનાવ્યું, ધો.12ની સગીરા દુષ્કર્મ કેસમાં પોલીસનો ચોંકાવનારો ખુલાસો

• સુરત

સુરતના ઈચ્છાપોરમાં ધોરણ 12ની વિદ્યાર્થિનીને સોશ્યલ મીડિયા થકી ફસાવી દુષ્કર્મ ગુજારવાના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસે મુખ્ય આરોપી મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ પઠાણ સહિત તેના 4 સાગરીતોની ધરપકડ કરી છે. જેમાં અભયકુમાર શર્મા નામના શખ્સે AI એપની મદદથી આરોપીનું નામ બદલી 'અભિષેક ગુપ્તા' કરી નકલી આધારકાર્ડ બનાવ્યું હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ મામલે પોક્સો અને આઈટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરતના ઈચ્છાપોરમાં રહેતી અને ધોરણ 12માં અભ્યાસ કરતી 16 વર્ષીય સગીરાને મૂળ બિહારના અને હાલ સુરતમાં રહેતા મોહમ્મદ સાજીદ ઉર્ફે અહદ પઠાણે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી પોતાની જાળમાં ફસાવી હતી. આરોપીએ સગીરાને પ્રેમની વાતોમાં ભોળવી વિશ્વાસ જીત્યો હતો. યુપીની વતની એવી આ કિશોરી આરોપીની બદદાનતથી અજાણ હતી. સોશિયલ મીડિયાના માધ્યમથી શરૂ થયેલી આ વાતચીત અંતે એક ગંભીર ગુનામાં પરિણમી હતી. પોલીસ તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે આરોપીને મદદ કરવામાં તેના મિત્ર અભયકુમાર પ્રદીપ શર્માની મુખ્ય ભૂમિકા હતી. અભયકુમાર શર્માએ પોતાના મોબાઈલમાં રહેલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ્લિકેશનનો ઉપયોગ કરીને મોહમ્મદ સાજીદના આધારકાર્ડમાં છેડછાડ કરી હતી. તેણે મુસ્લિમ નામ હટાવીને 'અભિષેક ગુપ્તા' જેવું હિન્દુ નામ એડિટ કરી આપ્યું હતું. આ નકલી ઓળખપત્રનો ઉપયોગ કરીને આરોપીએ હોટેલમાં એન્ટ્રી મેળવી હતી અને સગીરાની ઉંમર પણ ખોટી રીતે વધારીને દર્શાવી હતી. નકલી આધારકાર્ડમાં 'અભિષેક ગુપ્તા' નામનો ઉપયોગ કરી આરોપી મોહમ્મદ સાજીદ સગીરાને સુરતની એક હોટેલમાં લઈ ગયો હતો.

# વડોદરા મહાનગરપાલિકાની મતદારયાદી જાહેર:શહેરમાં 12 લાખ મતદારો નોંધાયો, 6.12 લાખ પુરુષ અને 5.95 લાખ મહિલા વોટર્સ

• વડોદરા

વડોદરા મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીઓની તૈયારીઓના ભાગરૂપે શહેરના તમામ 19 વોર્ડની વિભાગવાર મુસદ્દારૂપ મતદારયાદીઓ તા. 23 માર્ચ 2026ના રોજ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. પાલિકા તંત્ર દ્વારા આ યાદીઓ વડોદરા મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતેની ઈલેક્શન શાખા, તમામ વહીવટી વોર્ડ કચેરીઓ, કલેક્ટર કચેરી તેમજ મ્યુનિસિપલ સેક્રેટરી શાખા જેવા વિવિધ જાહેર સ્થળોએ નાગરિકોના અવલોકન માટે મૂકવામાં આવી છે.આ પ્રસિદ્ધ કરવામાં આવેલી નવીનતમ આંકડાકીય માહિતી અનુસાર, વડોદરાના કુલ 19 વોર્ડમાં મતદાન મથકો એટલે કે બૂથની સંખ્યા 1131 નોંધાઈ છે. શહેરના કુલ નોંધાયેલા 12,08,021 મતદારોમાં 6,12,825 પુરુષ મતદારો અને 5,95,099 મહિલા મતદારોનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય મતદારોની સંખ્યા 97 અને સર્વિસ મતદારોની સંખ્યા 400 જેટલી છે. આ મતદારો આગામી સમયમાં મહાનગરપાલિકાની ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. નોંધપાત્ર બાબત એ છે કે, સને 2021ની સરખામણીમાં આ વખતે આંકડાઓમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. અગાઉની સરખામણીએ મતદાન મથકોની સંખ્યામાં 164નો ઘટાડો થયો છે, તેમજ કુલ મતદારોની સંખ્યામાં 2,38,191 જેટલો જંગી ઘટાડો નોંધાયો છે.

પત્નીના વિરહમાં વૃદ્ધે તાપી નદીમાં ઝંપલાવ્યું

# સિંગણપોર-ડભોલી કોઝવે પાસેથી લાશ મળી, કોઈને પણ કહ્યાં વગર ઘરેથી નીકળી ગયા'તા

• સુરત

સુરત શહેરના વેડરોડ વિસ્તારમાં રહેતા એક 70 વર્ષીય વૃદ્ધે પોતાની જીવનલીલા સંકેલી લેતા ચકચાર મચી ગઈ છે. પત્નીના અવસાન બાદ એકલતા અને વિરહથી પીડાતા વૃદ્ધે તાપી નદીમાં કૂદીને આપઘાત કરી લીધો હતો. સવારે સિંગણપોર-ડભોલી કોઝવે પાસેથી તેમનો મૃતદેહ મળી આવતા ચોકબજાર પોલીસે તપાસ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ સુરતના વેડરોડ પર આવેલી લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા શંકરભાઈ બાબુભાઈ બારાપાત્રે (ઉં.વ. 70) નિવૃત્ત જીવન ગાળતા હતાં. રાત્રે આશરે ૯:00 વાગ્યાની આસપાસ તેઓ પરિવારમાં કોઈને પણ કહ્યા વગર



ઘરેથી નીકળી ગયા હતાં. મોડી રાત સુધી તેઓ પરત ન ફરતા પરિવારે શોધખોળ આદરી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો.પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, શંકરભાઈને સંતાનમાં ત્રણ પુત્રીઓ અને બે પુત્રો છે. થોડા સમય પૂર્વે જ તેમના ધર્મપત્નીનું અવસાન થયું હતું. જીવનભરનો સાથ છૂટી જતાં શંકરભાઈ માનસિક રીતે ભાંગી પડ્યા હતા અને સતત હતાશામાં રહેતા હતાં. પત્નીના વિરહને તેઓ સહન ન કરી શકતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.સવારે તાપી નદીના કોઝવે પાસે એક વૃદ્ધનો મૃતદેહ તરતો હોવાની જાણ સ્થાનિકોએ પોલીસને કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી ચોકબજાર પોલીસે ફાયર બ્રિગેડની મદદથી મૃતદેહને બહાર કાઢ્યો હતો. તપાસ દરમિયાન મૃતકની પાસેથી તેમનું આધારકાર્ડ મળી આવ્યું હતું, જેના આધારે તેમની ઓળખ શંકરભાઈ બારાપાત્રે તરીકે થઈ હતી. પોલીસે તાત્કાલિક તેમના પરિવારજનોનો સંપર્ક કરી લાશને પોસ્ટમોર્ટમ અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડી હતી.ચોકબજાર પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પત્નીના વિરહમાં વૃદ્ધે આ અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ છે, તેમ છતાં અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

પેટ્રોલ-ડીઝલ

સરકારે કહ્યું- 'તમામ પંપ પર પેટ્રોલ મળી રહે તે માટે તૈયારી',

# અમદાવાદમાં અછતની અફવા રાજ્યમાં ફેલાઈ, અન્ય શહેરોમાં પણ લાંબી લાઈનો

## અમદાવાદ સહિતના શહેરોમાં સવારના સમયે કેટલાક પેટ્રોલપંપ બંધ જોવા મળ્યા હતા જેના કારણે પેટ્રોલ મળતું બંધ થઈ જશે તેવા ડરના કારણે વાહનચાલકો પેટ્રોલ પંપ પર પહોંચવા લાગ્યા હતા

• અમદાવાદ

અમદાવાદ સહિતના શહેરોમાં સવારના સમયે કેટલાક પેટ્રોલપંપ બંધ જોવા મળ્યા હતા. જેના કારણે પેટ્રોલ મળતું બંધ થઈ જશે તેવા ડરના કારણે વાહનચાલકો પેટ્રોલ પંપ પર પહોંચવા લાગ્યા હતા. સાંજ પડતા જ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના શહેરોના પેટ્રોલ પંપ પર લાંબી કતારો લાગતા ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા.સ્થિતિ બગડવા લાગતા સરકાર પણ એકશનમાં આવી છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોકોને અફવામાં ન દોરાવવા અપીલ કરી છે. રાજ્યમાં તમામ પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો મળતો રહે તે માટે સરકાર વ્યવસ્થા કરી રહી હોવાની વાત કરી છે. સંઘવીએ કહ્યું કે, લોકોએ અફવામાં આવી પેટ્રોલ પંપ પર લાઈનો લગાવવાની જરુર નથી. અમદાવાદ પેટ્રોલ પંપ એસોસિએશનના પ્રમુખ અરવિંદ ઠક્કરે પણ વાહનચાલકોને અપીલ કરતા કહ્યું છે કે,લોકો અફવામાં દોરાય નહીં. તમામ પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલનો જથ્થો મળતો રહેવાનો છે.

પેટ્રોલ-ડીઝલ સહિતનું ઈંધણ ખૂટી પડ્યું હોવાના મેસેજ, ફોટા અથવા રીલ વાયરલ કરનાર સામે અમદાવાદ સાઈબર ક્રાઈમ બ્રાન્ચ કડક કાર્યવાહી કરશે. આવા ભ્રામક સંદેશાઓથી ગભરાટ ફેલાતો હોવાથી જવાબદારો સામે ફરિયાદ નોંધાઈ કાનૂની પગલાં લેવામાં આવશે, તેવી ચેતવણી સિનિયર અધિકારીઓએ આપી છે. શહેરીજનોને પણ આવી હરકત કરનારના મેસેજ વાયરલ નહિ કરવા તાકીદ કરાઈ છે.

વડોદરામાં પેટ્રોલ અને ડીઝલની અછતની અફવા બાદ લોકોમાં પેનિક જોવા મળી રહ્યો છે. શહેરના અનેક પેટ્રોલ પંપ પર વાહનચાલકોની લાંબી કતારો લાગી ગઈ છે. જોકે FGPDA ના પ્રમુખ મેહુલ પટેલે સ્પષ્ટ કહ્યું છે કે લોકો ગભરાય નહીં, દેશમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

ખાડી દેશોમાં ચાલી રહેલી યુદ્ધ જેવી પરિસ્થિતિ બાદ પહેલા LPG અને હવે પેટ્રોલ-ડીઝલ અંગે અછતની અફવાઓ ફેલાઈ છે. જેના કારણે લોકો મોટી સંખ્યામાં પેટ્રોલ ભરાવવા દોડી રહ્યા છે. મેહુલ પટેલે જણાવ્યું કે સરકાર પાસે લગભગ 70 દિવસ ચાલે તેટલો જથ્થો ઉપલબ્ધ છે. કેટલાક ખાનગી પેટ્રોલ પંપ પર લોજિસ્ટિક સમસ્યાના કારણે સપ્લાય મોડો થયો છે. ખાસ કરીને જામનગરથી આવતી સપ્લાયમાં સમય લાગતા અછત જેવી સ્થિતિ દેખાઈ. પરંતુ ટૂંક સમયમાં પુરવઠો સામાન્ય થશે અને લોકોને અફવાઓથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી છે. મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે પર વડોદરા પાસે જામ્બુવા બ્રિજ નજીક ઈન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપ પર વાહન ચાલકોએ પેટ્રોલ પુરાવવા માટે લાંબી લાંબી લાઈનો લગાવી છે.




સુરતમાં રત્નકલાકારો કારખાનેથી છૂટતા જ પેટ્રોલ પંપ પર પેટ્રોલ ભરાવવા પહોંચ્યા વરાછા રોડ પર હીરાબાગ ખાતે આવેલા પેટ્રોલ પંપ ખાતે હાલ મોટી સંખ્યામાં કારખાનેથી છુટ્યા બાદ રત્ન કલાકારો સીધા જ પેટ્રોલ પંપ ખાતે પહોંચી ગયા છે. ભારે ભીડના કારણે પેટ્રોલ પંપના સંચાલકો દ્વારા પણ ભીડને કાબુ કરવી શક્ય નથી.

અફવાઓ વચ્ચે સરકારનું સ્પષ્ટીકરણ: ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલની કોઈ અછત નહીં ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે ફેલાયેલી અફવાઓ વચ્ચે નાગરિક પુરવઠા નિગમના અધિક મુખ્ય સચિવ મોનાખંધારે સ્પષ્ટ જણાવ્યું છે કે, રાજ્યના તમામ પેટ્રોલ પંપ પર પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગેરસમજના કારણે લાઈનો લગાડવાની કોઈ જરૂર નથી. Indian Oil Corporationના નોડલ ઓફિસર સંજય મહેરાએ પણ જણાવ્યું કે રાજ્યમાં સપ્લાય નિયમિત છે અને કોઈ અછત નથી. તેમણે ચેતવણી આપી કે, સ્ટોક હોવા છતાં જો કોઈ ડીલર પેટ્રોલ-ડીઝલ આપવા ઈન્કાર કરશે તો તેના સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પેટ્રોલ ડીઝલ એસોસિએશનના પ્રમુખે પણ સંયુક્ત નિવેદનમાં કહ્યું કે અમદાવાદ સહિત કેટલીક જગ્યાએ ગેરસમજના કારણે લાઈનો લાગી છે, પરંતુ સરકાર દ્વારા પૂરતો જથ્થો આપવામાં આવી રહ્યો છે અને તમામ ડીલરોને જરૂરિયાત મુજબ સપ્લાય મળી રહે છે. વડોદરામાં સાંજ સાંજ પડતા પડતા તમામ વિસ્તારોમાં પેટ્રોલ પુરાવવા માટે વાહન ચાલકોએ પેટ્રોલ પંપો ઉપર લાંબી લાંબી લાઈનો લગાવી છે. વડસર બ્રિજ પાસે તો પેટ્રોલ પુરાવવા લાંબી લાઈન લાગતા ટ્રાફિક જામ થઈ ગયો છે. લોકો પોતાના વાહનોની ટાંકી ફુલ કરાવી રહ્યા છે. અમદાવાદમાં પેટ્રોલ પંપ પર ભીડ ઘટાડવા સંચાલકોએ પ્રયાસ હાથ ધર્યા પેટ્રોલ પુરાવા માટે લોકોની ભીડ ન થાય તેના માટે થઈને પેટ્રોલ પંપ ના સંચાલક દ્વારા ધીમે ધીમે લોકોના વાહનોને પેટ્રોલ પંપ ઉપર લઈ અને પેટ્રોલ આપી રહ્યા છે. જૂનાગઢના કાળવા ચોક વિસ્તારમાં પેટ્રોલ પંપ પર વાહનચાલકોની લાંબી લાઈનો લાગી સોરઠીયાવાડી સર્કલ પાસે 80 ફૂટ રોડ ઉપર નાયરા મહાદેવ પેટ્રોલ પંપના સંચાલક સચિન પટેલે જણાવ્યું હતું કે, મારે દર બે દિવસે પેટ્રોલ અને ડીઝલનો 20,000 લિટરનો જથ્થો આવે છે. જોકે શોર્ટ સપ્લાયને કારણે પેટ્રોલનું વેચાણ બંધ છે. હાલ અહીં ડીઝલનું વેચાણ ચાલુ છે. જોકે આવતીકાલે પેટ્રોલનો જથ્થો આવી જતા વેચાણ શરૂ થઈ જશે લોકોએ કોઈ પણ જાતની અફવામાં આવવાની જરૂર નથી. હીરાબાગ વિસ્તારમાં એચપીના પેટ્રોલ પંપ પર લાંબી લાંબી લાઈનો લાગી છે. મોટી સંખ્યામાં લોકો પેટ્રોલ પંપ પર એકઠા થયા છે. પેટ્રોલ પૂરું થઈ જવાની અફવાને લઈને લોકો એક સાથે પેટ્રોલ પંપ પર ઉમટી પડ્યા છે. અડધો કલાક કલાકથી લોકો પેટ્રોલ પુરાવવા માટે વાહન લઈને લાઈનમાં ઊભા રહેલા જોવા મળી રહ્યા છે. પેટ્રોલ પૂરું થઈ જવાની આફવાને લઈને લોકોમાં ડરનો માહોલ ફેલાયો છે. સુરત નિવાસી અધિક કલેકટર અને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિજય રબારીએ જણાવ્યું હતું કે,હાલની પરિસ્થિતિ જોતાં જે રીતે આદરણીય ડેપ્યુટી સીએમ સાહેબે જે રીતે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું એ મુજબ સુરત શહેર અને સુરત જિલ્લામાં આવી કોઈ અછત ઊભી થઈ નથી. મેઈન ડિસ્ટ્રીબ્યુટર અને કંપની વચ્ચે જે ક્રેડિટ કરાવવા પૈસા બાબતનો મુદ્દો છે એના લીધે લોકો સોશિયલ મીડિયાના આધારે ખોટા પેનિક થાય છે અને ખોટી અફવાના આધારે જે લાઇનો લગાવે છે એવું કશું કરવાની જરૂર નથી.

પેટ્રોલ પંપ પર વાહનચાલકોએ ટાંકી ફૂલ કરાવી

# 'પેટ્રોલ નહીં મળે, નહીં મળે'ની અફવાથી ભરમાઈને પેટ્રોલ પંપની બહાર લાંબી લાઈનો લગાવી ટ્રાફિકજામ સર્જ્યો

સર્જ્યો — વાહન ચાલક મહિલા જેનિશાએ જણાવ્યું હતું કે, હવે પેટ્રોલ તો પુરાવવું જ પડે ને

• વડોદરા

વડોદરા શહેરોમાં આજે સવારના સમયે કેટલાક પેટ્રોલપંપ બંધ જોવા મળ્યા હતા. જેના કારણે પેટ્રોલ મળતું બંધ થઈ જશે તેવા ડરના કારણે વાહનચાલકો પેટ્રોલ પંપ પર પહોંચવા લાગ્યા હતા અને પેટ્રોલ પુરાવવા માટે દોડધામ કરી મુકી છે. સાંજ પડતા જ વડોદરા શહેરના પેટ્રોલ પંપો પર લાંબી લાંબી કતારો લાગતા ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

વડોદરામાં સાંજ પડતા તમામ વિસ્તારોમાં પેટ્રોલ પુરાવવા માટે વાહનચાલકોએ પેટ્રોલ પંપો પર લાંબી-લાંબી લાઈનો લગાવી છે. વડસર બ્રિજ પાસે તો પેટ્રોલ પુરાવવા લાંબી લાઈન લાગતા ટ્રાફિક જામ થઈ ગયો છે. લોકો પોતાના વાહનોની ટાંકી ફુલ કરાવી રહ્યા છે. લોકોમાં પેટ્રોલ પૂરી થઈ જવાની



અફવાને લઈને ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે અને લોકો પોતાના વાહનોની ટાંકીઓ ફૂલ કરાવી રહ્યા છે.

વાહન ચાલક મહિલા જેનિશાએ જણાવ્યું હતું કે, હવે પેટ્રોલ તો પુરાવવું જ પડે ને. ગાડી વાપરવી હોય અને અચાનક કંઈ ઈમરજન્સી આવી જાય, તો એના માટે આપણે પહેલેથી જ તૈયારી રાખવી પડે. મેં ટાંકી ફૂલ કરાવી દીધી છે. જો એકદમ ઈમરજન્સી આવે અને આપણી પાસે ફૂલ ટાંકી હોય તો એ આપણા માટે જ કામ લાગે, બસ એ જ કારણથી અત્યારે પેટ્રોલ પુરાવી લીધું છે. ગભરાટમાં ન આવવું જોઈએ, એ ખોટું છે. પેટ્રોલ તો મળવાનું જ છે. પણ આ તો કેવું છે કે 'નહીં મળે, નહીં મળે' એમ સમજીને બધા લાઈનમાં ઊભા રહી ગયા છે અને પેટ્રોલ પુરાવવા દોડી આવ્યા છે. વાહન ચાલક ઋત્વિક પટેલે જણાવ્યું હતું કે, મોદીજી જે રીતે પગલાં લઈ રહ્યા છે, તે યોગ્ય છે. અગાઉ કોરોના કાળમાં પણ આપણે આ રીતે જ લડત આપી હતી, એટલે અત્યારથી જ સાવચેતી રાખવી એ આપણા સૌના હિતમાં છે. આપણે સરકારને પૂરેપૂરો સહકાર આપવો જોઈએ.અન્ય વાહન ચાલકે જણાવ્યું હતું કે, યુદ્ધની અસરો ખરેખર ખૂબ જ ગંભીર છે. જોકે, જે બે દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે તેની સાથે આપણો સીધો કોઈ લેવાદેવા નથી છતાં તેની અસર આપણા દેશ પર પણ જોવા મળી રહી છે, જે ખરેખર વિચારવા જેવી બાબત છે. આપણે માત્ર એટલું જ પેટ્રોલ લેવું જોઈએ જેટલી આપણને જરૂર હોય. જો આપણે બધું જ પેટ્રોલ લઈ લઈએ તો બીજા લોકોને તકલીફ પડી શકે છે. એટલે આપણે પેનિક થવાની કોઈ જરૂર નથી.વાહન ચાલક સંજયભાઈએ જણાવ્યું હતું કે, મેં એવી વાતો સાંભળી છે કે પેટ્રોલ ખૂટી જશે અને પેટ્રોલની અછત સર્જાશે એટલે મેં વિચાર્યું કે પેટ્રોલ ભરાવી લઉં, તેથી હું અત્યારે અહીં લાઈનમાં ઊભો રહ્યો છું. પેટ્રોલ વગર તો કેવી રીતે ચાલશે? અમારા રોજિંદા જીવનમાં અને અવરજવરમાં તેનાથી બહુ મોટી તકલીફ પડશે. સરકારે આ બાબતે અગાઉથી જ કોઈ વ્યવસ્થા કરવી જોઈએ અથવા કોઈ બીજો વિકલ્પ વિચારવો જોઈએ.

# 'ગુજરાત યુનિવર્સિટીની ભરતી પ્રક્રિયામાં લાગવગ-ગોઠવણ એ જ લાયકાત':ચોક્કસ ઉમેદવારોને પસંદ કરાતા હોવાનો NSUIનો આક્ષેપ

## કુલપતિએ કહ્યું- એક ઉમેદવાર હશે તો પણ પરીક્ષા લઈ પસંદગી કરાશે

• અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં ખાલી પડેલી જગ્યા પર શરૂ કરવામાં આવેલી ભરતી પ્રક્રિયાને લઈને વિવાદ સર્જાયો છે. વિવિધ પોસ્ટની ફાઈનલ યાદીમાં એક બે નામોની જ પસંદગીથી વિવાદ થયો છે. NSUI દ્વારા સીધી ભરતીમાં મળતિયાઓને ગોઠવવા ખેલ થયાના આક્ષેપ કરવામાં આવ્યા છે. VCના PA માટે આવેલી 33 અરજીમાંથી બે જ માન્ય રખાઈ છે. જ્યારે રજિસ્ટ્રારના PA માટે આવેલી 33 અરજીમાંથી માત્ર એક જ અરજી માન્ય રખાઈ છે.

યુનિવર્સિટી એન્જિનિયર માટે આવેલી 7માંથી માત્ર એક અરજીને જ લાયક ગણવામાં આવી છે. ફિઝિકલ એજ્યુકેશન ડાયરેક્ટર માટે આવેલી 12 અરજીમાંથી માત્ર એક જ અરજી માન્ય રખાઈ છે. કુલપતિએ દાવો કર્યો છે કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ ગોઠવણ કરવામાં આવી નથી. 'ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં લાગવગ અને ગોઠવણ એ જ લાયકાત'

ગુજરાત યુનિવર્સિટીમાં ખાલી પડેલી જગ્યા પર ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. રજિસ્ટ્રારથી લઈને 36 પ્રકારના વિવિધ પદો માટે 130 જગ્યાઓ માટે ચાલી રહેલી ભરતીમાં લાગવગ અને ગોઠવણ થઈ હોવાનો NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. NSUI દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં લાગવગ અને ગોઠવણ એ જ લાયકાત છે. મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરે તેવી NSUI દ્વારા માગ કરવામાં આવી છે. જો પારદર્શિતા સુનિશ્ચિત કરવામા નહીં આવે તો કાયદાકીય કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.NSUIનો આક્ષેપ છે કે, ગુજરાત યુનિવર્સિટીમાં ભરતી પ્રક્રિયામાં મોટાપાયે ગોલમાલ, ગેરરીતિ અને લાયકાતના ધોરણે માત્ર લાગવગથી ભરતી કરવામાં આવી રહી છે. જે લોકોને ગેરલાયક ઠેરવ્યા છે તેમને કોઈપણ પ્રકારના કારણ આપવામાં આવ્યા ન હોવાનો NSUIએ દાવો કર્યો છે. મળતિયાઓને સેટ કરવા માટે અન્ય ઉમેદવારોને ગેરલાયક ઠેરવી ગોઠવણ કરવામાં આવતા ભરતી પ્રક્રિયા સામે સવાલ ઊભા થયા છે. આ અંગે NSUIના પૂર્વ રાષ્ટ્રીય સંયોજક ભાવિક સોલંકીએ જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટી દ્વારા અગાઉ 3 વર્ષ પહેલા જાહેર કરેલ ભરતી પ્રકિયા લાંબા વિવાદ બાદ નવેસરથી ડિસેમ્બર-2025માં રજીસ્ટારથી લઈને 36 પ્રકારના વિવિધ પદો માટે 130 જગ્યાઓ અંગે જાહેર કરેલ ભરતી પ્રકિયા સામે મોટાપાયે વિવાદ થાય અને લાગતા વળગતાને અગાઉથી જ 'ગોઠવી' દેવાના હોય તે રીતે કાર્યવાહી ચાલી રહી હોય તેવી માહિતી ગુજરાત યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ પરથી સ્પષ્ટ જાહેર થાય છે. મહત્વના પદો પર એક પદ પર ચોક્કસ એક જ ઉમેદવારને માન્ય કરીને ભરતી પ્રકિયા માત્ર દેખાવ પૂરતી હોય તેવી ગોઠવણ કોઈપણ સમજી શકે તેમ છે.ગુજરાત યુનિવર્સિટીના સત્તાધિશોને સમગ્ર રાજ્યમાંથી મહત્વના પદો માટે કોઈ લાયકાતવાળો ઉમેદવાર મળતો નથી કે પછી ગોઠવણમાં મુશ્કેલી હોય તેવું જણાય છે. પી એ ટુ રજીસ્ટારના 33 ઉમેદવારોમાંથી 1 જ, પી એ ટુ વી.સી માટે 33 ઉમેદવારોમાંથી માત્ર 2 જ, ફીઝીકલ એજ્યુકેશન ડાયરેક્ટર માટે 12 ઉમેદવારોમાંથી માત્ર 1 જ અને યુનિવર્સિટી એન્જિનિયર માટે 7 ઉમેદવારોમાંથી માત્ર 1 જ લાયકાત ધરાવતા હોય તે કેટલે અંશે સત્ય હોય શકે?

# ગુજરાતમાં વારંવાર વીજડૂલના દિવસો હવે ભૂતકાળ બનશે

## વીજળીની અછત લગભગ શૂન્ય, ઝીરો પાવર ડેફિસિટ રાજ્ય તરીકે ઊભર્યું

• અમદાવાદ

પહેલાં આપણે જોતાં હતા કે ગુજરાતના ગામડાંઓમાં તો ઠીક પરંતુ શહેરોમાં પણ વારંવાર વીજળી ડૂલ થઈ જવાના કિસ્સાંઓ બનતા હતા. તેનું કારણ એ હતું કે ગુજરાતની પ્રજાને જરૂરિયાત પ્રમાણેનો વીજ પુરવઠો ઉપલબ્ધ થતો ન હતો. પરંતુ તાજેતરમાં જ લોકસભામાં પાવર મંત્રી શ્રીપાદ નાઈકે રજૂ કરેલાં આકડાં જોઈએ તો ગુજરાતમાં એપ્રિલથી ડિસેમ્બર મહિનામાં 2025ના વર્ષમાં જરૂરિયાત મુજબનો 1,18,066 MU વીજ પુરવઠો પૂરો પાડવામાં ગુજરાત 100% સફળ રાજ્ય બન્યું છે. જેના કારણે પ્રજાનો વીજળી ડૂલ થવાની સમસ્યાથી છૂટકારો થયો હતો. આમ તો દેશમાં આવા ઘણાં રાજ્યો હશે જ્યાં આ ઝંઝટમાંથી પ્રજાને મુક્તિ મળી છે પરંતુ પશ્ચિમના રાજ્યોમાં વસ્તીની દ્રષ્ટિએ વાત કરીએ તો તેમાં ગુજરાત અને રાજસ્થાને પણ 100% વીજ પુરવઠો પૂરો પાડ્યો હોવાથી ત્યાં પણ પ્રજાને વીજળી ડૂલ થવાની સમસ્યાથી છૂટકારો થયો હતો.આમ તો 2024નું વર્ષ તો ઠીક પરંતુ માર્ચ-2025 સુધી જરૂરિયાત પ્રમાણેનો વીજ પુરવઠો ઉપલબ્ધ નહીં થવાથી ગુજરાતમાં ક્યાંક ક્યાંક પાવર કટ થવાની સમસ્યા હતી. 2025ના વર્ષમાં ગુજરાતે પૂરતા પ્રમાણમાં વીજ પુરવઠો જનરેટ કર્યો હોવાથી સમસ્યાનો નિકાલ થયો હતો.ગુજરાત ભારતમાં વીજ ઉત્પાદન અને વપરાશમાં અગ્રેસર છે અને હવે ઝીરો પાવર ડેફિસિટ રાજ્ય તરીકે ઊભર્યું છે એટલે કે રાજ્યમાં વીજળીની અછત લગભગ શૂન્ય થઈ ગઈ છે. નવીનીકરણીય ઊર્જા હોય કે પરંપરાગત વીજ ઉત્પાદન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે વીજ ઉત્પાદન ક્ષમતામાં સતત વધારો કર્યો છે.રાજ્ય સરકારે સૌર અને આધુનિક ટેક્નોલોજી અને સચોટ આયોજન દ્વારા વીજળીનું કાર્યક્ષમ સંચાલનપવન ઊર્જા જેવા પ્રોજેક્ટ્સને વિશેષ પ્રોત્સાહન આપવાની સાથે નવા પાવર પ્લાન્ટ્સની સ્થાપના કરી છે અને ટ્રાન્સમિશન તથા ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને વધુ સુદ્રઢ બનાવ્યું છે. કરવામાં આવ્યું છે.

# સુરતની ગ્લોબલ માર્કેટમાં યુવક બેભાન મળ્યો, શેઠે ગળું દબાવ્યાનો આક્ષેપ:ગર્ભવતી પત્ની-એક સંતાન નિરાધાર

• સુરત

સુરત શહેરના લીંબાયત વિસ્તારમાં રહેતા અને ગ્લોબલ માર્કેટમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા યુવકને તેના શેઠ દ્વારા જ ઉપાડના બાકી નીકળતા પૈસા માટે ગળું દબાવીને હત્યા કર્યાનો ગંભીર આક્ષેપ પરિવારજનો દ્વારા કરવામાં આવ્યો છે. વરાછા પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે સ્મીમેર હોસ્પિટમ ખસેડવામા આવ્યો, ત્યારે પોસ્ટમાર્ટમ રૂમ પર હાજર પરિવારજનોએ ફોરેન્સિક પોસ્ટમાર્ટમની માગ કરી હતી. આ સાથે જ શેઠે અગાઉ પણ ધમકી આપી હોવાની મૃતકની પત્નીએ આક્ષેપ કરી ન્યાયની માગ કરી છે. મળતી માહિતી મુજબ, લીંબાયત ખાતે આવેલ મહાપ્રભુનગરમાં રહેતા એનુલ કુરબાનમિયાં અંસારી (ઉં.વ.30 )2 માર્ચની સાંજે 4.30એ ગ્લોબલ માર્કેટના પહેલા માળે આવેલી દુકાન નંબર 2586 ખાતે બેભાન હાલતમાં મળી આવ્યો હતો. જે બાદ તેને સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામા આવતા ફરજ પરના તબીબોએ તપાસીને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ વરાછા પોલીસ દ્વારા જરૂરી કાર્યવાહી કરી મૃતદેહ પોસ્ટમાર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો.આજે 3 માર્ચે સવારે મૃતક એનૂલના પિતરાઈ ભાઈ મહોમદ રમજાન અંસારી સહિત પરિવારજનો પોસ્ટમાર્ટમ રૂમ પર ભેગા થયા હતા. અહીં મહોમદ રમજાન અંસારીએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, દુકાનના શેઠ અંકિતભાઈએ જ એનૂલનું ગળું દબાવીને તેની હત્યા કરી છે. 60 હજાર માટે માંગણી કરી શેઠે ગઈકાલે તેની પત્નીને ફોન કરીને ધમકાવતા કહ્યું હતું કે, પૈસે નહીં દીયે તો તુમ્હારે આદમી કો માર દેંગે. પત્ની શકીલા ખાતુનએ શેઠને આજજી કરી હતી કે, હમણાં રમજાન માસનો તહેવાર ચાલી રહ્યો છે.

ગ્રાહકના સ્વાંગમાં ચાર મહિલાઓ દુકાનમાં ઘૂસી, સોનાની ચુની-કડી લઈ ફરાર

# મહિલા ગેંગે જ્વેલર્સની નજર ચૂકવી સોનાના દાગીના સેરવી લીધા

• અમદાવાદ

અમદાવાદના જ્વેલર્સની દુકાનોમાં ગ્રાહકના સ્વાંગમાં જઈને સોનાના દાગીનાની ચોરી કરતી બે મહિલાઓને નરોડા પોલીસે ઝડપી પાડી છે. ધરપકડ કરાયેલી બંને મહિલાઓ કૌટુંબિક બહેનો છે. બંને મહિલાઓની સાથે અન્ય બે મહિલાઓ પણ ગ્રાહક બની જ્વેલર્સની દુકાનોમાં પ્રવેશતી અને દુકાનદાર સોનાના દાગીના બતાવે ત્યારે તેમને વાતોમાં રાખી અથવા અન્ય બહાને નજર ચૂકવી દાગીના ચોરી કરતા હતા. નરોડા પોલીસે સોનાની ચુનીઓ અને કડી સહિત રૂપિયા 80 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

શહેરના નરોડા વિસ્તારમાં આવેલા જે.જે જ્વેલર્સ નામની દુકાનમાં 24 ફેબ્રુઆરીના રોજ ત્રણેક વાગ્યાની આસપાસ ચાર જેટલી મહિલાઓ એક બાળક સાથે દુકાનમાં આવી હતી. જેમાં સૌ પ્રથમ બે મહિલાઓ આવી હતી અને બાદમાં અન્ય બે મહિલાઓ આવી હતી. જે.જે જ્વેલર્સમાં હાજર દુકાન માલિકની દીકરીએ બહેનોને કાનમાં પહેરવાની બુટ્ટી અને ચુની બધું બતાવ્યું હતું.

ત્યાર બાદ અલગ અલગ વસ્તુ બતાવવાનું કહ્યું અને કારીગર પાસે પાણી મંગાવ્યું હતું. આ દરમિયાન બીજા ગ્રાહક આવતા દુકાનદાર તેમને પણ વસ્તુ બતાવવા હતા, ત્યારે ચારેય મહિલાઓ તમારે વાર લાગશે કહી નીકળી ગઈ હતી. જોકે, દુકાનદારની દીકરીએ ચુનીઓના પેકેટની જ્યારે તપાસ કરી તો તેમાંથી કેટલીક કડી અને ચુની જોવા મળી નહોતી. ચારેય મહિલાઓ નજર ચૂકવીને ચોરી કરી જતી રહી હતી. જ્વેલર્સના માલિક દ્વારા નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. નરોડા પોલીસે જ્વેલર્સની દુકાનમાં લાગેલા સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા અને તેના આધારે શહેરના એસ.જી.હાઈવે પર થલતેજના પેલેડિયમ મોલ પાસે બ્રિજ નીચે રહેતી કોયલ દેવીપુજક અને ગીતા દેવીપુજક નામની બે મહિલાઓની ધરપકડ કરી હતી.નરોડા પાલીસ સ્ટેશનના પીઆઈ પી.વી. ગોહિલે જણાવ્યું હતું કે, જ્વેલર્સની દુકાનમાં ચોરી કરવા માટે ચાર મહિલાઓ આવી હતી. જેમાં સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થઈ હતી. જેના આધારે બે મહિલાઓની ધરપકડ કરાઈ છે. અન્ય બે મહિલાઓ ગર્ભવતી હોવાને કારણે તેમને નોટિસ આપી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

હાલ બે આરોપી મહિલાઓની ધરપકડ કરી તેમની પાસેથી ચોરીના મુદ્દામાલમાં ગયેલી સોનાની ચુનીઓ અને કડી વગેરે કબજે કરવામાં આવ્યું છે. આરોપી મહિલાઓ જ્વેલર્સ ની દુકાનમાં ગ્રાહકોના સ્વાંગમાં જઈ વાતોમાં રાખીને સોનાના દાગીનાની ચોરી કરી છે. બે મહિલાઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# સાહિબઝાદા ફરહાન ICC પ્લેયર ઓફ ધ મંથ બન્યા:જેક્સ અને શલ્કવિકને પાછળ છોડ્યા

### વુમન્સ કેટેગરીમાં ભારતીય બોલર અરુંધતિને મળ્યો એવોર્ડ




પાકિસ્તાની ઓપનર સાહિબઝાદા ફરહાનને ICC દ્વારા ફેબ્રુઆરી મહિનાનો પ્લેયર ઓફ ધ મંથ પસંદ કરવામાં આવ્યો છે. તેણે આ રેસમાં ઈંગ્લેન્ડના વિલ જેક્સ અને અમેરિકાના શેડલી વેન શાલ્કવિકને પાછળ છોડ્યા. જ્યારે, વુમન્સ કેટેગરીમાં આ એવોર્ડ ભારતની સીમ બોલર અરુંધતિ રેડ્ડીને મળ્યો. તેણે પાકિસ્તાનની ફાતિમા સના અને શ્રીલંકાની હર્ષિતા સમરવિક્રમાને પાછળ છોડ્યા. T20 વર્લ્ડ કપ 2026માં સાહિબઝાદા ફરહાને શાનદાર પ્રદર્શન કર્યું, જેના કારણે તેને ફેબ્રુઆરી માટે પ્લેયર ઓફ ધ મંથનો એવોર્ડ મળ્યો. તેણે 7 મેચમાં 2 સદી ફટકારીને 383 રન બનાવ્યા. તે એક એડિશનમાં T20 વર્લ્ડ કપમાં 2 સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બન્યો. આ ઉપરાંત સાહિબઝાદાએ વિરાટ કોહલીનો એક T20 વર્લ્ડ કપ એડિશનમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પણ તોડ્યો.અરુંધતી રેડ્ડીએ કહ્યું, ICC પ્લેયર ઑફ ધ મંથ તરીકે પસંદ થવું મારા માટે ખૂબ મોટું સન્માન છે. મને ખુશી છે કે હું ઑસ્ટ્રેલિયામાં ટી-20 સિરીઝ જીતવામાં મારી ટીમ માટે યોગદાન આપી શકી. ઑસ્ટ્રેલિયાને તેના ઘરમાં હરાવવું સહેલું નથી હોતું, તેથી આ એવોર્ડ મારા માટે વધુ ખાસ છે. તેમણે આગળ કહ્યું, આ જીતથી અમારી ટીમનો આત્મવિશ્વાસ ઘણો વધ્યો છે. હવે અમે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં યોજાનાર ICC વુમન્સ ટી-20 વર્લ્ડ કપની તૈયારી કરી રહ્યા છીએ. અમારી ટીમ સંતુલિત છે અને મને વિશ્વાસ છે કે અમે આ ટૂર્નામેન્ટમાં મજબૂત પ્રદર્શન કરીશું.ભારતીય વુમન્સ ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયા જઈને ઓસ્ટ્રેલિયા વુમન્સ ટીમને ટી-20 સિરીઝમાં 2-1થી હરાવી જીત નોંધાવી. તે સિરીઝમાં અરુંધતિ રેડ્ડીએ સારી બોલિંગ કરી. તે સિરીઝમાં લીડિંગ વિકેટ ટેકર રહી. તેમણે 7.25ની ઈકોનોમીથી બોલિંગ કરતા 8 વિકેટ લીધી. સાહિબઝાદા ફરહાને કહ્યું, ICC એવોર્ડ જીતવો મારા માટે એક અદ્ભુત અનુભવ છે, ખાસ કરીને વર્લ્ડ કપ જેવા મોટા મંચ પર કરવામાં આવેલા પ્રદર્શન માટે. આ ટુર્નામેન્ટ મારા માટે યાદગાર રહી અને હું તેને હંમેશા સાચવી રાખીશ. આગળ આવનારી સિરીઝ અને ટુર્નામેન્ટમાં પણ હું મારા આ જ ફોર્મને જાળવી રાખવા માગું છું. હું મારા સાથી ખેલાડીઓનો તેમના સતત સમર્થન અને મારા પર વિશ્વાસ રાખવા બદલ હૃદયપૂર્વક આભારી છું, કારણ કે તેમના વિના આ શક્ય નહોતું.અરુંધતી રેડ્ડીએ કહ્યું, ICC પ્લેયર ઑફ ધ મંથ તરીકે પસંદ થવું મારા માટે ખૂબ મોટું સન્માન છે. મને ખુશી છે કે હું ઑસ્ટ્રેલિયામાં ટી-20 સિરીઝ જીતવામાં મારી ટીમ માટે યોગદાન આપી શકી. ઑસ્ટ્રેલિયાને તેના ઘરમાં હરાવવું સહેલું નથી હોતું, તેથી આ એવોર્ડ મારા માટે વધુ ખાસ છે. તેમણે આગળ કહ્યું, આ જીતથી અમારી ટીમનો આત્મવિશ્વાસ ઘણો વધ્યો છે. હવે અમે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં યોજાનાર ICC વુમન્સ ટી-20 વર્લ્ડ કપની તૈયારી કરી રહ્યા છીએ. અમારી ટીમ સંતુલિત છે અને મને વિશ્વાસ છે કે અમે આ ટૂર્નામેન્ટમાં મજબૂત પ્રદર્શન કરીશું.

ટુર્નામેન્ટ

### હાર વચ્ચે હતાશ દેખાયા, કહ્યું- હવે વધુ સહન થતું નથી, હું ઘરે જઈ રહ્યો છું

# અલ્કારાઝ મિયામી ઓપનમાંથી બહાર :સેબેસ્ટિયન કોર્ડાએ હરાવ્યો

### વર્તમાન ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ ટુર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં હારીને બહાર થઈ ગયા છે

મિયામી ઓપનમાં રવિવારે મોટો અપસેટ જોવા મળ્યો. વર્તમાન ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ ટુર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં હારીને બહાર થઈ ગયા છે. તેમને અમેરિકાના સેબેસ્ટિયન કોર્ડાએ ત્રણ સેટના કડક મુકાબલામાં 6-3, 5-7, 6-4થી હરાવ્યા. મેચ 2 કલાક 19 મિનિટ ચાલી. કાર્લોસ અલ્કારાઝ, જેમણે જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપન જીતીને કારકિર્દી ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કર્યું, આ સિઝનમાં અત્યાર સુધી 19 મેચ રમી ચૂક્યા છે, જેમાં તેમણે 17 જીત અને 2 હાર નોંધાવી છે. ઈન્ડિયન વેલ્સમાં પણ તેમની સફર સેમિફાઈનલમાં સમાપ્ત થઈ, જ્યાં તેમને ડેનિયલ મેદવેદેવ સામે હારનો સામનો કરવો પડ્યો. આ સતત બીજું વર્ષ છે જ્યારે અલ્કારાઝને મિયામીમાં શરૂઆતના રાઉન્ડમાં જ બહાર થવું પડ્યું છે. ગયા વર્ષે પણ તેમને બીજા રાઉન્ડમાં ડેવિડ ગોફિને હરાવીને ચોંકાવ્યા હતા. કાર્લોસ અલ્કારાઝે વર્ષનો પહેલો ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન જીત્યો હતો.

હાર્ડ રોક સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અલ્કારાઝ પોતાની લયમાં જોવા મળ્યો ન હતો. માનસિક મજબૂતી માટે જાણીતો અલ્કારાઝ




મેચ દરમિયાન ખૂબ જ નિરાશ દેખાયો. પહેલા સેટમાં 3-6થી પાછળ રહ્યા બાદ અને બીજા સેટની શરૂઆતમાં સર્વિસ તૂટ્યા પછી તેણે પોતાના બોક્સ (કોચિંગ ટીમ) તરફ ચીસો પાડીને કહ્યું, 'હવે મારાથી વધુ સહન થતું નથી. હું ઘરે જઈ રહ્યો છું... હું હવે વધુ સહન કરી શકતો નથી.' તેના આ વર્તનથી ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા, કારણ કે તે સામાન્ય રીતે મેદાન પર શાંત અને હસતો જોવા મળે છે.

બીજા સેટમાં એક સમયે કોર્ડા 5-4થી આગળ હતા અને મેચ માટે સર્વ કરી રહ્યા હતા. અહીં અલ્કારાઝે વાપસી કરવાનો પ્રયાસ કર્યો અને સતત પાંચ ગેમ જીતીને સ્કોર બરાબર કરી દીધો. જોકે, આ દરમિયાન પણ તેમના ચહેરા પર તે પરિચિત ચમક અને જીતનો ઉત્સાહ ગાયબ હતો. નિર્ણાયક સેટ (ત્રીજા સેટ)માં 25 વર્ષીય કોર્ડાએ પોતાનો સંયમ જાળવી રાખ્યો અને 2 કલાક 19 મિનિટ સુધી ચાલેલા આ મુકાબલાને 6-4થી પોતાના નામે કરી લીધો.

સેબેસ્ટિયન કોર્ડા હાલમાં એટીપી રેન્કિંગમાં 36મા સ્થાને છે. ગયા વર્ષે ડેવિડ ગોફિન (ત્યારે 55મી રેન્ક) પછી કોર્ડા સૌથી ઓછી રેન્કિંગ ધરાવતા ખેલાડી બની ગયા છે જેમણે અલ્કારાઝને આ ટુર્નામેન્ટમાં હરાવ્યા છે. આ હાર સાથે જ મિયામી ઓપનમાં અલ્કારાઝનો ખરાબ રેકોર્ડ ચાલુ રહ્યો. મેચ પછી પોતાની હાર સ્વીકારતા અલ્કારાઝે કહ્યું, 'સ્પષ્ટપણે આ એક મુશ્કેલ મેચ હતી. મને લાગે છે કે આજે કોર્ડાએ શાનદાર રમત બતાવી. મેચમાં ઘણી એવી તકો આવી જ્યાં સ્કોર ઘણો નજીક હતો, પરંતુ હું તે તકોનો ફાયદો ઉઠાવી શક્યો નહીં. તે પરિસ્થિતિઓમાં કોર્ડા મારા કરતાં વધુ સારા સાબિત થયા.

### ભારતીય મહિલાઓમાં ક્રિકેટનો ક્રેઝ વધ્યોઃ યુપીમાં 10% મહિલાઓ ક્રિકેટ રમી રહી છે

# 2020ની સરખામણીમાં ભાગીદારી બમણી, 15-24 વર્ષની 16% છોકરીઓ રમી રહી છે

### ભારતીય મહિલા ક્રિકેટ ટીમની તાજેતરની સફળતાઓનો પણ પ્રભાવ જોવા મળી રહ્યો છે

ભારતમાં મહિલાઓ વચ્ચે ક્રિકેટ રમવાની સંખ્યા ઝડપથી વધી છે. એક નવા સરવે મુજબ 2020 પછી 14 રાજ્યોમાં મહિલાઓની ભાગીદારી બમણી થઈ ગઈ છે.બીબીસી અને કલેક્ટિવ ન્યૂઝરૂમથી કરેલા આ સરવેમાં 10 હજારથી વધુ મહિલાઓને સામેલ કરવામાં આવી હતી. તેમાં જાણવા મળ્યું કે 2020માં જ્યાં માત્ર 5% મહિલાઓએ ક્રિકેટ રમવાની વાત કહી હતી, હવે આ આંકડો વધીને 10% થઈ ગયો છે.યુવા મહિલાઓમાં વૃદ્ધિ વધુ ઝડપી છે. 15 થી 24 વર્ષની 16% છોકરીઓ ક્રિકેટ રમે છે, જ્યારે 2020માં આ આંકડો 6% હતો. આ જ ઉંમર વર્ગની દર ચારમાંથી એક છોકરીએ રમતને કારકિર્દી વિકલ્પ તરીકે વિચારવાની વાત પણ કહી છે. સરવેમાં એ પણ જણાવવામાં આવ્યું કે બેડમિન્ટનમાં પણ મહિલાઓની ભાગીદારી વધી છે, ખાસ કરીને પંજાબ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં. જોકે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા સંબંધિત




ચિંતાઓ હજુ પણ એક મોટી અડચણ છે. જે મહિલાઓ કોઈ રમત નથી રમતી, તેમાંથી 13% એ સુરક્ષાને કારણ જણાવ્યું. ભારતે 2 નવેમ્બરે સાઉથ આફ્રિકાને 52 રનથી હરાવીને વિમેન્સ વર્લ્ડકપમાં પોતાનો પ્રથમ ખિતાબ જીત્યો હતો. આખી ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરનાર દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી.

રિપોર્ટ અનુસાર, ભારતીય મહિલા ક્રિકેટ ટીમની તાજેતરની સફળતાઓનો પણ પ્રભાવ જોવા મળી રહ્યો છે. ટીમે તાજેતરમાં જ પોતાનો પ્રથમ વન-ડે વર્લ્ડ કપ જીત્યો અને ઓસ્ટ્રેલિયાને ત્રણ મેચની T20 સિરીઝમાં હરાવ્યું.

સરવેમાં એ પણ સામે આવ્યું કે મહિલાઓ વચ્ચે ક્રિકેટ હવે પરંપરાગત રમત કબડ્ડીથી ઘણું આગળ નીકળી ગયું છે. 2020માં બંને રમતો વચ્ચેનો તફાવત ઓછો હતો, પરંતુ હવે ક્રિકેટ આગળ છે.મોટાભાગના રાજ્યોમાં મહિલાઓની ભાગીદારી વધી છે. ઉત્તર પ્રદેશમાં તો આ આંકડો 1% થી વધીને 10% સુધી પહોંચી ગયો છે. સાથે જ પુરુષ અને મહિલા ખેલાડીઓ વચ્ચેનો તફાવત પણ ઓછો થયો છે. હવે દરેક એક મહિલા ખેલાડી પર ત્રણ પુરુષ ખેલાડી છે, જ્યારે 2020 માં આ ગુણોત્તર એકની સરખામણીમાં પાંચ હતો.

કારકિર્દી તરીકે રમતને જોતી 15-24 વર્ષની 26% છોકરીઓ છે, જે 2020માં 16% હતી. તમિલનાડુમાં આ આંકડો 27%, મધ્ય પ્રદેશ અને મેઘાલયમાં 19-19% નોંધવામાં આવ્યો.

સરવેમાં એ પણ જણાવવામાં આવ્યું કે બેડમિન્ટનમાં પણ મહિલાઓની ભાગીદારી વધી છે, ખાસ કરીને પંજાબ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણામાં. જોકે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા સંબંધિત ચિંતાઓ હજુ પણ એક મોટી અડચણ છે. જે મહિલાઓ કોઈ રમત નથી રમતી, તેમાંથી 13% એ સુરક્ષાને કારણ જણાવ્યું. ભારતે 2 નવેમ્બરે સાઉથ આફ્રિકાને 52 રનથી હરાવીને વિમેન્સ વર્લ્ડકપમાં પોતાનો પ્રથમ ખિતાબ જીત્યો હતો. આખી ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરનાર દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી.

# બાંગ્લાદેશ IPL પ્રતિબંધ પર સમીક્ષા કરશે:ખેલ મંત્રીએ કહ્યું-સ્થિતિને સમજ્યા પછી તેના પર નિર્ણય લેશે

બાંગ્લાદેશમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના પ્રસારણ પર લાગેલા પ્રતિબંધની સમીક્ષા ટૂંક સમયમાં થઈ શકે છે. યુવા અને રમતગમત રાજ્ય મંત્રી અમીનુલ હકે 'ક્રિકબઝ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે તેઓ એ વાતની પણ તપાસ કરશે કે દુનિયાની સૌથી મોટી ટી-20 લીગ IPLના પ્રસારણ પર બાંગ્લાદેશમાં પ્રતિબંધ શા માટે લગાવવામાં આવ્યો છે. તેઓ પરિસ્થિતિને સમજ્યા પછી તેના પર ફરીથી નિર્ણય લેશે. તે જ સમયે, સુરક્ષા ચિંતાઓના આધારે ખેલાડીઓના PSL માં રમવા અંગેનો અંતિમ નિર્ણય બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના રિપોર્ટ પછી જ લેવામાં આવશે. પ્રોફેસર યુનુસના નેતૃત્વ હેઠળની અગાઉની વચગાળાની સરકારે સુરક્ષા કારણો ટાંકીને ટી-20 વર્લ્ડ કપમાં ભાગ લીધો ન હતો. આ સાથે જ બાંગ્લાદેશમાં IPLના પ્રસારણ પર પણ રોક લગાવી દેવામાં આવી હતી. રિપોર્ટ્સ અનુસાર, આ નિર્ણય તે વિવાદ પછી લેવામાં આવ્યો હતો, જ્યારે મુસ્તફિઝુર રહેમાનને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) માંથી હટાવવામાં આવ્યો હતો. જોકે, વર્તમાન યુવા અને ખેલ રાજ્ય મંત્રી અમીનુલ હકે કહ્યું છે કે રમતગમતને રાજકારણથી અલગ રાખવી જોઈએ.




તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બાંગ્લાદેશ ભારત સાથે સારા અને મૈત્રીપૂર્ણ સંબંધો ઈચ્છે છે. અમીનુલ હકે જણાવ્યું હતું કે ઈદની રજાઓ પછી ક્રિકેટ બોર્ડ સાથે બેઠક કરવામાં આવશે, જેમાં IPL પર લાગેલા પ્રતિબંધના કારણોની સમીક્ષા થશે અને આગળનો નિર્ણય લેવામાં આવશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે રમતગમતનું રાજકીયકરણ ન થવું જોઈએ અને બંને દેશો વચ્ચેના રમતગમતના સંબંધો સામાન્ય રહેવા જોઈએ. ખેલ મંત્રીએ કહ્યું કે ખેલાડીઓને પાકિસ્તાન મોકલતા પહેલા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ને સરકાર પાસેથી પરવાનગી લેવી પડશે. તેમણે કહ્યું, 'જો સુરક્ષાને લઈને કોઈ ખતરો હશે, તો અમારા ખેલાડીઓ ચોક્કસપણે નહીં જાય. પહેલા બોર્ડ અમને આ વિશે જાણકારી આપશે, પછી અમે અમારી રાષ્ટ્રીય એજન્સીઓની તપાસના આધારે સત્તાવાર નિર્ણય લઈશું.'

# PAK ક્રિકેટરને ખરીદવા પર કાવ્યા મારન ટ્રોલ થઈ:અબરાર અહેમદને વિદેશી લીગમાં અંદાજે 2.34 કરોડમાં ખરીદ્યો

લંડનમાં ધ હન્ડ્રેડ (The Hundred 2026) ઓક્શનમાં સનરાઈઝર્સ લીડ્સે પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને 1.90 લાખ પાઉન્ડ (અંદાજે 2.34 કરોડ રૂપિયા)માં ખરીદ્યો છે. ત્યારે ઈન્ડિયન ફેન્સે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતા કાવ્યા મારનને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી. વિવાદ વધતા BCCIનું નિવેદન પણ આવી ગયું છે. લંડનમાં ધ હન્ડ્રેડની પહેલી મેન્સ પ્લેયર્સના ઓક્શન બાદ મોટો વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને કાવ્યા મારનની માલિકીની ફ્રેન્ચાઈઝી સનરાઈઝર્સ લીડ્સે ખરીદી લીધો, જેના પછી સોશિયલ મીડિયા પર ભારતીય ફેન્સનો ગુસ્સો ફાટી નીકળ્યો છે. આ ફ્રેન્ચાઈઝીની કમાન બિઝનેસમેન કલાનિધિ મારનના સન ગ્રુપ પાસે છે અને ટીમની CEO તેમની પુત્રી કાવ્યા મારન છે. IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદની CEO પણ કાવ્યા જ છે. પાકિસ્તાની ખેલાડીને ખરીદવાના નિર્ણય બાદ સોશિયલ મીડિયા પર કાવ્યા મારનને નિશાના પર લેવામાં આવી અને સોશિયલ મીડિયા પર તેમની જોરદાર આલોચના થઈ.2.34 કરોડમાં ટીમમાં સામેલ થયેલા અબરાર પાકિસ્તાનના લેગ સ્પિનર અબરાર અહેમદની બેઝ પ્રાઈસ આશરે 92.5 લાખ રૂપિયા હતી, પરંતુ ઓક્શનમાં તેને ખરીદવા માટે સનરાઈઝર્સ લીડ્સ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે લાંબી બોલી લાગી. છેવટે સનરાઈઝર્સે 190,000 (લગભગ 2.34 કરોડ રૂપિયા)માં તેને પોતાની ટીમમાં સામેલ કર્યો. અબરાર અહેમદ આ રીતે કોઈ ભારતીય માલિકીની ટીમ માટે 'ધ હન્ડ્રેડ'માં રમનારા પ્રથમ પાકિસ્તાની ખેલાડી બન્યો છે.વિવાદ વધ્યા પછી BCCIએ પણ આ મામલે પ્રતિક્રિયા આપી છે. BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ સ્પષ્ટ કહ્યું કે આ મામલો બોર્ડના અધિકારક્ષેત્રમાં આવતો નથી. તેમણે કહ્યું- 'આ અમારા અધિકારક્ષેત્રમાં નથી.

# નવજોત સિંહ સિદ્ધુએ દીકરા-દીકરીને ઘર આપ્યા



• પટિયાળા

પંજાબ કોંગ્રેસના નેતા અને પૂર્વ ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધુએ પોતાના ઘરોની વહેંચણી કરી દીધી છે. તેમણે અમૃતસર સ્થિત મકાન પોતાની દીકરી રાબિયાને અને પટિયાલા સ્થિત પૈતૃક મકાન પુત્ર કરણને આપ્યું છે. આ સંબંધમાં તેમણે એક પોસ્ટ પણ શેર કરી.પોસ્ટની સાથે તેમણે અમૃતસરના ઘરમાં ગૃહ પ્રવેશના ફોટા પણ શેર કર્યા. આની સાથે તેમણે લખ્યું કે રાજકારણમાંથી પૈસા લીધા વિના તેમણે પોતાની મહેનતથી આ ઘર બનાવ્યું છે. માતા પાર્વતીની કૃપાથી તેમને આ બધું મળ્યું.

### ફ્રેન્ચાઈઝીએ IPL 2026 પહેલાં સાઈન કર્યો, T20 વર્લ્ડકપમાં 13 વિકેટ લીધી

# મુસ્તફિઝુરની જગ્યાએ ઝિમ્બાબ્વેનો બ્લેસિંગ મુઝરબાની KKRની ટીમમાં સામેલ કર્યો

કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ IPL-2026 પહેલા ઝિમ્બાબ્વેના ફાસ્ટ બોલર બ્લેસિંગ મુઝરબાનીને પોતાની ટીમમાં સામેલ કર્યો છે. ફ્રેન્ચાઈઝીએ શુક્રવારે આ માહિતી આપી.29 વર્ષના આ ફાસ્ટ બોલરે T20 વર્લ્ડ કપમાં ઝિમ્બાબ્વે તરફથી 13 વિકેટ ઝડપી હતી. તે પોતાની ટીમનો ટૉપ વિકેટ ટેકર્સ રહ્યો છે. ઝિમ્બાબ્વેની ટીમ સુપર-8 સ્ટેજ સુધી પહોંચી હતી. તેની બોલિંગ એવરેજ લગભગ 21ની છે. આ ફોર્મેટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 4 વિકેટે 17 રન છે.બ્લેસિંગ મુઝરબાની પ્રથમ વખત ભારતીય લીગની કોઈ મેચમાં ભાગ લેશે. તેણે અત્યાર સુધી IPLની કોઈ પણ મેચ રમી નથી. તેમને ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ છેલ્લી કેટલીક મેચ માટે પોતાની સાથે




જોડ્યો હતો, પરંતુ તેને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું ન હતું. મુઝરબાનીને લુંગી એન્ગિડીની જગ્યાએ ટીમમાં સામેલ કર્યો હતો. એન્ગિડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલને કારણે છેલ્લી મેચ માટે ઉપલબ્ધ નહોતો.6 ફૂટ 8 ઈંચ લાંબા આ રાઈટ આર્મ ફાસ્ટ બોલરના આવવાથી કોલકાતાનો પેસર બોલિંગ એટેક મજબૂત થશે. તેને T20માં તેની બાઉન્સ અને વિકેટ લેવા માટે ઓળખવામાં આવે છે. મુઝરબાની પોતાની ઊંચાઈ અને ઝડપી ગતિને કારણે એક્સ્ટ્રા બાઉન્સ મેળવે છે, જેનાથી બેટર્સ માટે તેને રમવું પડકારજનક બની જાય છે.ઝિમ્બાબ્વેના આ ઝડપી બોલર પાસે T20 ઈન્ટરનેશનલનો સારો અનુભવ છે. તેણે 89 T20 ઈન્ટરનેશનલ મેચોમાં 106 વિકેટ ઝડપી છે. તેની બોલિંગ એવરેજ લગભગ 21ની છે. આ ફોર્મેટમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન 4 વિકેટે 17 રન છે.બ્લેસિંગ મુઝરબાની પ્રથમ વખત ભારતીય લીગની કોઈ મેચમાં ભાગ લેશે. તેણે અત્યાર સુધી IPLની કોઈ પણ મેચ રમી નથી. તેમને ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ છેલ્લી કેટલીક મેચ માટે પોતાની સાથે જોડ્યો હતો, પરંતુ તેને પ્લેઈંગ-11માં સ્થાન મળ્યું ન હતું. મુઝરબાનીને લુંગી એન્ગિડીની જગ્યાએ ટીમમાં સામેલ કર્યો હતો. એન્ગિડી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલને કારણે છેલ્લી મેચ માટે ઉપલબ્ધ નહોતો.

## ‘ધુરંધર’બોક્સઓફિસ પર ‘કિંગ ઓફ લ્યારી’નું રાજ, 4 દિ’માં 750 કરોડની રેકોર્ડબ્રેક કમાણી

# ‘ધુરંધર’માં રણવીરનો ’ઘોસ્ટ લુક’:મેકઅપની મહેનતનો BTS વીડિયો વાઈરલ

### રણવીર સિંહના ’ઘોસ્ટ’ લુકની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. સેલિબ્રિટી મેકઅપ આર્ટિસ્ટ પ્રીતિશીલ સિંહે સોશિયલ મીડિયા પર એક બિહાઈન્ડ-ધ-સીન (BTS) વીડિયો શેર કર્યો છે

આદિત્ય ધરની ફિલ્મ ‘ધુરંધર: ધ રિવેન્જ’ બોક્સ ઓફિસ પર સતત રેકોર્ડ બનાવી રહી છે. હવે ફિલ્મના કલેક્શનની સાથે-સાથે હવે રણવીર સિંહના ’ઘોસ્ટ’ લુકની પણ ખૂબ ચર્ચા થઈ રહી છે. સેલિબ્રિટી મેકઅપ આર્ટિસ્ટ પ્રીતિશીલ સિંહે સોશિયલ મીડિયા પર એક બિહાઈન્ડ-ધ-સીન (BTS) વીડિયો શેર કર્યો છે. તેમાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે રણવીર સિંહને ફિલ્મના ડરામણા ’ઘોસ્ટ બોર્ન ઓફ શેડોઝ’ લુકમાં બદલવામાં આવ્યો. આ વીડિયો જોઈને ફેન્સ આશ્ચર્યચકિત છે, કારણ કે અત્યાર સુધી લોકો તેને કમ્પ્યુટર ગ્રાફિક્સ (VFX)નો કમાલ માની રહ્યા હતા. ગઈકાલે રવિવાર આ ફિલ્મે ફક્ત ભારતમાં 114.85 કરોડની કમાણી કરી હતી. ફિલ્મે શાહરુખ ખાનની ‘પઠાણ’ અને ‘RRR’ દ્વારા અગાઉના સપ્તાહના બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખ્યા છે. શાહરુખ ખાનની ‘પઠાણ’ એ પાંચ દિવસના વિસ્તૃત સપ્તાહના અંતે 287 કરોડની કમાણી કરી હતી. ‘ધુરંધર 2’ એ હવે ‘બાહુબલી 2’ (591 કરોડ), ‘કલ્કી 2898 AD’ (500 કરોડ) અને ‘RRR’ (470 કરોડ) દ્વારા સ્થાપિત શરૂઆતના સપ્તાહના રેકોર્ડને વટાવી દીધો છે. તે હવે ભારતીય સિનેમા ઈતિહાસમાં બીજા ક્રમે સૌથી વધુ શરૂઆતના સપ્તાહના અંતે ઉભરી આવી છે, જે ફક્ત ‘પુષ્પા 2’ (762 કરોડ) પછી છે. માત્ર ત્રણ દિવસમાં, ’ધૂરંધર 2’ એ ’બોર્ડર 2’ (470 કરોડ) ને પાછળ છોડીને 2026ની સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની. રવિવારના કલેક્શન પછી, તેણે ’ગદર 2’ (691 કરોડ) અને ’સલાર’ (690 કરોડ)ની આજીવન કમાણીને પણ વટાવી દીધી છે.


રણવીર સિંહની ફિલ્મ ’ધુરંધર 2’ સત્તાવાર રીતે 19 માર્ચે રિલીઝ થઈ હતી, જ્યારે તેના પેઈડ પ્રિવ્યૂ શો એક દિવસ પહેલા 18 માર્ચથી જ શરૂ થઈ ગયા હતા. ફિલ્મની હાલની ગતિને જોતાં, વેપાર નિષ્ણાતો માને છે કે તે આરામથી 1000 કરોડનો આંકડો પાર કરશે. જો ફિલ્મ સોમવારે પણ તેની મજબૂત પકડ જાળવી રાખે છે, તો તે 2000 કરોડના આંકને સ્પર્શનાર બીજી હિન્દી ફિલ્મ બની શકે છે.મેકઅપ આર્ટિસ્ટ પ્રીતિશીલ સિંહે ઈન્સ્ટાગ્રામ પર જે વીડિયો શેર કર્યો છે, તેમાં રણવીર સિંહ ખૂબ જ શાંતિથી બેઠેલા જોવા મળી રહ્યા છે. આર્ટિસ્ટ્સની એક



આખી ટીમ ખૂબ જ બારીકાઈથી તેમના ચહેરા પર પેઈન્ટ કરી રહી છે અને એક-એક લેયર ઉમેરીને તેમને ડરામણો લુક આપી રહી છે. પ્રીતિશીલે વીડિયોના કેપ્શનમાં લખ્યું, ‘જ્યારે તમારું મગજ થાકી જાય છે, તો ભ્રમ તેને જૂઠાણાના રંગોમાં રંગી દે છે જેના પર તમે વિશ્વાસ કરવા માંગો છો. રણવીર સિંહને ’ઘોસ્ટ બોર્ન ઓફ શેડોઝ’માં બદલતી વખતે.’ વીડિયો વાઈરલ થયા પછી, સોશિયલ મીડિયા યુઝર્સ પોતાની પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. ઘણા લોકોએ માન્યું કે તેમને લાગ્યું હતું કે ફિલ્મમાં રણવીરનો આ ચહેરો સંપૂર્ણપણે VFX અથવા AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ની મદદથી બનાવવામાં આવ્યો છે. એક યુઝરે કમેન્ટ કરી, ‘ઓહ! મને લાગ્યું હતું કે આ VFX હતું.’ જ્યારે બીજાએ લખ્યું, ‘મને લાગ્યું કે આ CGI છે.’ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા મોટા સિતારાઓએ પણ ફિલ્મ અને ડિરેક્ટર આદિત્ય ધરની પ્રશંસા કરી છે. કંગના રનૌતે આદિત્યને ’સુપરસ્ટાર ફિલ્મમેકર’ ગણાવતા કહ્યું કે તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક મોટો બદલાવ લઈને આવ્યા છે. કંગનાએ તેમની સરખામણી સ્ટીવન સ્પીલબર્ગ અને ક્રિસ્ટોફર નોલન જેવા દિગ્ગજો સાથે કરી. જ્યારે ’બાહુબલી’ ફેમ ડિરેક્ટર એસ.એસ. રાજામૌલીએ કહ્યું કે આદિત્ય ધરે આ ફિલ્મ સાથે કમાલ કરી દીધો છે. રાકેશ રોશને તો તેને ’ફિલ્મ મેકિંગના નવા યુગ’ની શરૂઆત ગણાવી છે.રણવીર સિંહની ફિલ્મ ‘ધુરંધર: ધ રીવેન્જ’એ ફક્ત ચાર દિવસમાં વિશ્વભરમાં 750 કરોડની કમાણી કરી છે. ગઈકાલે રવિવાર આ ફિલ્મે ફક્ત ભારતમાં 114.85 કરોડની કમાણી કરી હતી. ફિલ્મે શાહરુખ ખાનની ‘પઠાણ’ અને ‘RRR’ દ્વારા અગાઉના સપ્તાહના બોક્સ ઓફિસ રેકોર્ડ તોડી નાખ્યા છે. શાહરુખ ખાનની ‘પઠાણ’ એ પાંચ દિવસના વિસ્તૃત સપ્તાહના અંતે 287 કરોડની કમાણી કરી હતી. ‘ધુરંધર 2’ એ હવે ‘બાહુબલી 2’ (591 કરોડ), ‘કલ્કી 2898 AD’ (500 કરોડ) અને ‘RRR’ (470 કરોડ) દ્વારા સ્થાપિત શરૂઆતના સપ્તાહના રેકોર્ડને વટાવી દીધો છે. તે હવે ભારતીય સિનેમા ઈતિહાસમાં બીજા ક્રમે સૌથી વધુ શરૂઆતના સપ્તાહના અંતે ઉભરી આવી છે, જે ફક્ત ‘પુષ્પા 2’ (762 કરોડ) પછી છે. માત્ર ત્રણ દિવસમાં, ’ધૂરંધર 2’ એ ’બોર્ડર 2’ (470 કરોડ) ને પાછળ છોડીને 2026ની સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની. રવિવારના કલેક્શન પછી, તેણે ’ગદર 2’ (691 કરોડ) અને ’સલાર’ (690 કરોડ)ની આજીવન કમાણીને પણ વટાવી દીધી છે.રણવીર સિંહની ફિલ્મ ’ધુરંધર 2’ સત્તાવાર રીતે 19 માર્ચે રિલીઝ થઈ હતી, જ્યારે તેના પેઈડ પ્રિવ્યૂ શો એક દિવસ પહેલા 18 માર્ચથી જ શરૂ થઈ ગયા હતા. ફિલ્મની હાલની ગતિને જોતાં, વેપાર નિષ્ણાતો માને છે કે તે આરામથી 1000 કરોડનો આંકડો પાર કરશે. જો ફિલ્મ સોમવારે પણ તેની મજબૂત પકડ જાળવી રાખે છે, તો તે 2000 કરોડના આંકને સ્પર્શનાર બીજી હિન્દી ફિલ્મ બની શકે છે.

## કંગના રનૌત ચંબલમાં ડાકુઓના ગન પોઈન્ટ પર આવી

# ‘12th ફેલ’ છોકરી બોલિવૂડની ‘ક્વીન’ બની ગઈ કંગના રનૌત



વર્ષ 2005 હતું જ્યારે 18-19 વર્ષની એક છોકરી, મુંબઈમાં હિરોઈન બનવાનું સપનું લઈને આવી હતી, ઓડિશન દ્વારા કામ શોધી રહી હતી. એક દિવસ, જ્યારે તે કોફીની એક એડ માટે ગઈ, ત્યારે કેટલીક છોકરીઓ ફિલ્મ ‘ગેંગસ્ટર’ના ઓડિશન માટે મહેશ ભટ્ટની ઓફિસે જઈ રહી હતી. તે પણ તેની સાથે ગઈ અને ઓડિશન આપી દીધું. પહેલા તો તેને તે રોલ ન મળ્યો, પરંતુ જ્યારે પસંદ કરાયેલી એક્ટ્રેસનો સંપર્ક ન થઈ શક્યો, ત્યારે તેને મેકર્સનો અચાનક ફોન આવ્યો અને પૂછ્યું, ‘પાસપોર્ટ છે? જો નથી, તો એક અઠવાડિયામાં બનાવી લો, ફિલ્મ મળી શકે છે.’ આ પછી તેને ફિલ્મ મળી અને તેની ફિલ્મ ‘ગેંગસ્ટર’ સુપરહિટ સાબિત થઈ અને તે રાતોરાત સ્ટાર બની ગઈ. વાત કરી રહ્યા છીએ કંગના રનૌતની. આજે એ જ કંગના 40 વર્ષની થઈ ચૂકી છે. તેના જન્મદિવસના ખાસ અવસરે જાણો તેની જીદ, સંઘર્ષ અને સફળતાના રસપ્રદ કિસ્સાઓ-કંગનાનો જન્મ 23 માર્ચ 1986ના રોજ હિમાચલ પ્રદેશના મંડી જિલ્લાના ભાંભલા (હવે સુરજપુર)માં એક રાજપૂત પરિવારમાં થયો હતો. તેમની માતા આશા રનૌત એક સ્કૂલ ટીચર છે, જ્યારે પિતા અમરદીપ રનૌત એક બિઝનેસમેન છે. સંયુક્ત પરિવારમાં ઉછરેલી કંગના બાળપણથી જ જીદ્દી અને વિદ્રોહી સ્વભાવની હતી અને સમાજમાં છોકરીઓ પ્રત્યેના ભેદભાવ પર સવાલ ઉઠાવતી હતી. કંગનાના માતા-પિતા તેમને ડોક્ટર બનાવવા માંગતા હતા અને તેણે ચંદીગઢની DAV સ્કૂલમાં મેડિકલનો અભ્યાસ પણ શરૂ કર્યો હતો. જોકે, 12મા ધોરણમાં કેમેસ્ટ્રીના ટેસ્ટમાં નાપાસ થવા અને મોડેલિંગ/એક્ટિંગમાં રુચિને કારણે તેણે અભ્યાસ છોડી દીધો. માત્ર 16 વર્ષની ઉંમરે કંગના પોતાની ઓળખ બનાવવા દિલ્હી આવી ગઈ. અહીં તેણે મોડેલિંગથી શરૂઆત કરી, પછી અભિનય તરફ વળી અને અસ્મિતા થિયેટર ગ્રુપમાં ડિરેક્ટર અરવિંદ ગૌરના માર્ગદર્શન હેઠળ અભિનય શીખી અને નાટકોમાં ભાગ લીધો. પછી અરવિંદ ગૌરની જ સલાહ પર ફિલ્મોમાં નસીબ અજમાવવા માટે કંગના મુંબઈ પહોંચી ગઈ. મુંબઈ પહોંચ્યા પછી કંગનાને ઘણી વાર ફક્ત બ્રેડ અને અથાણું ખાઈને દિવસો પસાર કરવા પડ્યા. વર્ષ 2006માં કંગનાએ ફિલ્મ ગેંગસ્ટરથી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. પહેલી ફિલ્મ ગેંગસ્ટર મળવા અંગે કંગનાએ ટીવી શો ‘આપ કી અદાલત’માં જણાવ્યું હતું કે એક દિવસ તે કોફીની એક એડનું ઓડિશન આપવા ગઈ હતી, ત્યારે તેણે જોયું કે કેટલીક છોકરીઓ મહેશ ભટ્ટની ઓફિસ ફિલ્મ ગેંગસ્ટરના ઓડિશન માટે જઈ રહી છે. જેના પછી કંગના પણ ઓડિશન આપવા માટે ચાલી ગઈ. ઓડિશન પછી ફિલ્મના મેકર્સે તેને બોલાવ્યા અને કંગનાના વખાણ તો કર્યા, પણ કહ્યું કે તે આ રોલ માટે ઘણી નાની છે, કારણ કે પાત્ર એક બાળકની માતાનું હતું. આ પછી તે સમયે આ રોલ માટે એક્ટ્રેસ ચિત્રાંગદા સિંહની પસંદગી કરવામાં આવી. ફિલ્મ ‘ગેંગસ્ટર’માં કંગનાએ સિમરન નામની મહિલાની મુખ્ય ભૂમિકા ભજવી હતી. પણ કિસ્મતને કંઈક બીજું જ મંજૂર હતું. શૂટિંગના બરાબર એક અઠવાડિયા પહેલા અચાનક કેટલીક અંગત કારણોસર ચિત્રાંગદાએ મેકર્સનો ફોન ઉપાડવાનું બંધ કરી દીધું. આ પછી કંગનાને ફોન આવ્યો અને પૂછવામાં આવ્યું કે શું તેની પાસે પાસપોર્ટ છે? કંગના પાસે પાસપોર્ટ નહોતો, પણ તેને કહેવામાં આવ્યું કે એક અઠવાડિયામાં બનાવી લો, તો તેને ફિલ્મ મળી શકે છે.ત્યારબાદ કંગનાએ તેના પિતાની મદદથી માત્ર 2 દિવસમાં પાસપોર્ટ બનાવ્યો અને આ રીતે તેને આ ફિલ્મ મળી. આ ફિલ્મમાં તેના અભિનયની ખૂબ પ્રશંસા કરવામાં આવી અને તેને બેસ્ટ ફીમેલ ડેબ્યુ માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યો.

## સુપ્રીમ કોર્ટે ઈલૈયારાજાનો કેસ બોમ્બે હાઈકોર્ટમાં ટ્રાન્સફર કર્યો

# સોની સાથેના કોપીરાઈટ વિવાદમાં મહત્ત્વપૂર્ણ આદેશ, વિરોધાભાસ ટાળવા નિર્ણય લેવાયો



સંગીત જગતના દિગ્ગજ ડો. ઈલૈયારાજાના કોપીરાઈટ વિવાદ સાથે સંકળાયેલો એક મહત્વપૂર્ણ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચી ગયો છે. સર્વોચ્ચ અદાલતે સોની એન્ટરટેઈનમેન્ટ ઈન્ડિયા દ્વારા દાખલ કરાયેલી ટ્રાન્સફર અરજીને માન્ય રાખીને ઈલૈયારાજા સાથે ચાલી રહેલા કોપીરાઈટ મુકદ્દમાને મદ્રાસ ઉચ્ચ ન્યાયાલયમાંથી બોમ્બે ઉચ્ચ ન્યાયાલયમાં ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો છે. ’હિન્દુસ્તાન ટાઈમ્સ’ના અહેવાલ મુજબ, આ મામલો બે અલગ-અલગ કેસ વચ્ચેના ટકરાવ તરીકે ઉભરી આવ્યો છે. જાન્યુઆરી 2022માં સોની મ્યુઝિકે બોમ્બે હાઈકોર્ટમાં એક સિવિલ કેસ દાખલ કર્યો હતો, જેમાં તેમણે ઈલૈયારાજાને 536 સંગીત રચનાઓનો ગેરકાયદેસર ઉપયોગ બંધ કરવા માટે કાયમી રોકની માંગ કરી હતી. સોનીનો દાવો છે કે, તેણે ઓરિએન્ટલ રેકોર્ડ્સ અને ઈકો રેકોર્ડિંગ્સ પાસેથી અધિકારો ખરીદી લીધા છે અને તેથી તેની પાસે આ ગીતોના કોપીરાઈટ છે.તેનાથી વિપરીત, સપ્ટેમ્બર 2025માં ઈલૈયારાજાએ મદ્રાસ હાઈકોર્ટમાં એક સમાન કેસ દાખલ કર્યો, જેમાં સોની વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવી અને તેમના અધિકારોને પડકારવામાં આવ્યા. આ અધિકાર વિવાદનો ઉદ્દેશ્ય એ નક્કી કરવાનો છે કે, ખરેખર આ રચનાઓનો કાનૂની માલિક કોણ છે, સંગીતકાર પોતે કે કોઈ ત્રીજી કંપની. સોની વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટમાં દલીલ કરી કે, ’મદ્રાસમાં દાખલ કરાયેલો ઈલૈયારાજાનો કેસ બોમ્બેમાં અગાઉ દાખલ કરાયેલા કેસથી અલગ નથી અને તેનાથી બંને અદાલતો અલગ-અલગ ચુકાદા આપી શકે છે, જેનાથી જટિલતા અને કાનૂની વિરોધાભાસ ઊભો થઈ શકે છે.’ઈલૈયારાજા વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે બોમ્બે હાઈકોર્ટના ન્યાયિક અધિકારક્ષેત્ર પર પ્રશ્ન ઉઠાવતા દલીલ કરી કે, ’મદ્રાસમાં કેસ હોવો જોઈએ કારણ કે તેનાથી બંને પક્ષોના દાવા ન્યાયી રીતે સાંભળી શકાય છે.’ બેન્ચના ન્યાયમૂર્તિ સંજય કુમાર અને ન્યાયમૂર્તિ વિનોદ કે ચંદ્રને આખરે સોનીની અરજી મંજૂર કરતા કહ્યું કે, ’આવા બંને કેસોને એક જ અદાલતમાં સુનાવણી માટે ટ્રાન્સફર કરવા જરૂરી છે, જેથી કોઈપણ વિરોધાભાસી નિર્ણયથી બચી શકાય. આ આદેશ હેઠળ હવે વિવાદ બોમ્બે હાઈકોર્ટમાં ચાલુ રહેશે.’ આ નિર્ણય સંગીતકાર અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રી વચ્ચે કોપીરાઈટના અધિકારો સંબંધિત વધતી કાનૂની લડાઈઓમાં એક મહત્વપૂર્ણ તબક્કો માનવામાં આવી રહ્યો છે. ઈલૈયારાજાએ એક દાયકાથી વધુ સમયથી પોતાના સંગીતના અધિકારોના રક્ષણ માટે ઘણા મુકદ્દમા લડ્યા છે, અને સુપ્રીમ કોર્ટનું આ પગલું હવે આગળની કાનૂની પ્રક્રિયાને એક જ દિશામાં સામાન્ય કરવાનો પ્રયાસ છે.

## ગીતને શેર કરનાર સામે પોલીસ કાર્યવાહી કરાશે

# ધરપકડ પર રોક લાગ્યા બાદ પણ બાદશાહની મુશ્કેલી યથાવત:’ટટીરી’ ગીતના 857 રીલ્સ અને વીડિયો હટાવાયા



બોલિવૂડ સિંગર-રેપર બાદશાહની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લઈ રહી નથી. તેના કથિત રીતે વાંધાજનક ગીત ’ટટીરી’ને યુટ્યુબ પરથી હટાવ્યા બાદ હવે હરિયાણાની પંચકુલા પોલીસે તમામ ડિજિટલ પ્લેટફોર્મ્સ પરથી ગીત સંબંધિત કુલ 857 લિંક્સ હટાવી દીધી છે, જેમાં 154 યુટ્યુબ વીડિયો અને 703 ઈન્સ્ટાગ્રામ રીલ્સનો સમાવેશ થાય છે. આ સાથે પોલીસ એવા લોકોની પણ ઓળખ કરી રહી છે, જે હજુ પણ તેને શેર કરી રહ્યા છે. પોલીસે તમામ પ્લેટફોર્મ્સને નોટિસ જારી કરીને ગીતના તમામ વર્ઝન- રી-અપલોડ, શોર્ટ વીડિયો અને અન્ય સ્વરૂપોને હટાવવાનો નિર્દેશ પણ આપ્યો છે. હરિયાણાના DGP અજય સિંઘલે કહ્યું કે, રાજ્યમાં મહિલાઓ અને સગીરોની ગરિમા વિરુદ્ધ કોઈપણ પ્રકારનું વાંધાજનક કન્ટેન્ટ સહન કરવામાં આવશે નહીં અને ’ટટીરી’ જેવા કિસ્સાઓમાં કડક કાનૂની કાર્યવાહી ચાલુ રહેશે. તેમણે આજે એક પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું કે, ડિજિટલ પ્લેટફોર્મ્સ પર દેખરેખને વધુ મજબૂત કરવામાં આવી છે, જેથી કોઈપણ વાંધાજનક બાબતોને દૂર કરી શકાય અને કાયદાનું પાલન સુનિશ્ચિત કરી શકાય.એડિશનલ પોલીસ મહાનિર્દેશક અને પંચકુલાના કમિશનર શિબાસ કવિરાજે રીલ બનાવનારાઓને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, જે કોઈ આ ગીત પર રીલ, શોર્ટ કે અન્ય વીડિયો બનાવીને શેર કરશે, તેની સામે કેસ નોંધીને કાર્યવાહી કરવામાં આવશે.આ ઉપરાંત, આવું કરનારાઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સને બ્લોક અથવા બેન પણ કરી શકાય છે. તેમજ, વારંવાર ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કલમો હેઠળ કેસ નોંધીને ધરપકડ પણ કરી શકાય છે. બાદશાહે ગીત પર વિવાદ બાદ માફી માંગી હતી. તેણે કહ્યું હતું કે, ’મેં કોઈ મહિલા માટે કોઈ ખોટા શબ્દોનો ઉપયોગ કર્યો નથી અને જો કંઈ ખોટું લાગ્યું હોય, તો હરિયાણાનો દીકરો સમજીને માફ કરી દો.’

વાસ્તવમાં, બાદશાહનું ’ટટીરી’ ગીત 1 માર્ચે રિલીઝ થયું હતું. ગીત રિલીઝ થતાની સાથે જ ગીતના શબ્દો અને વિદ્યાર્થિનીઓના દ્રશ્યોને લઈને અનેક સામાજિક સંગઠનોએ વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ હરિયાણા મહિલા આયોગ અને બાળ સંરક્ષણ આયોગે આ મામલે સંજ્ઞાન લીધું હતું.

## રણબીર કપૂર પ્રતિષ્ઠિત આરકે સ્ટુડિયો ફરી શરૂ કરશે?

# કરીના કપૂરની ચર્ચાઓ પર સ્પષ્ટતા, કહ્યું- ’વારસાને આગળ વધારવાની જવાબદારી નવી પેઢીના હાથમાં છે’



બોલિવૂડના દિગ્ગજ એક્ટર રાજ કપૂરે બનાવેલો આરકે સ્ટુડિયો ફરી શરૂ થવાનો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું હતું. તાજેતરમાં કરીના કપૂર ખાને આ ચર્ચાઓ પર સ્પષ્ટતા આપી છે. કરીનાએ ચર્ચાઓને નકારી કાઢતા સ્પષ્ટપણે કહ્યું છે કે, લિજેન્ડરી આરકે સ્ટુડિયોને ફરીથી શરૂ કરવાની કોઈ યોજના હજુ સુધી નક્કી થઈ નથી. આ ચર્ચા માત્ર અફવા છે અને હાલમાં આવી કોઈ યોજના નથી. ’હિન્દુસ્તાન ટાઈમ્સ’ના અહેવાલ મુજબ કરીનાએ કહ્યું કે, તેમના પરિવારમાં થોડા સમય પહેલા આ વાત ચર્ચામાં આવી હતી, પરંતુ બધાએ તરત જ માની લીધું કે, આ થઈ રહ્યું નથી. તેણે કહ્યું કે, ’લોકો ખરેખર આરકે સ્ટુડિયોને ફરીથી જોવાની ઈચ્છા રાખે છે, પરંતુ હાલમાં આવો કોઈ પ્રસ્તાવ ફાઈનલ થયો નથી.’ કરીનાએ પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું કે, આ વારસાને આગળ વધારવાની જવાબદારી હવે નવી પેઢીના હાથમાં છે. તેણે ખાસ કરીને પોતાના કઝિન અને એક્ટર રણબીર કપૂર અને બહેન કરિશ્મા કપૂરનું નામ લેતા સૂચવ્યું કે, કદાચ તેઓ આ પ્રતિષ્ઠિત બ્રાન્ડને આગળ વધારવા વિશે વિચારી શકે છે.

કરીનાએ જણાવ્યું કે, આરકે સ્ટુડિયો તેના હૃદયની ખૂબ નજીક છે કારણ કે તે તેમના દાદા રાજ કપૂર દ્વારા 1948માં સ્થાપિત કરવામાં આવ્યો હતો અને ભારતીય સિનેમાનો એક પ્રતિષ્ઠિત વારસો રહ્યો છે. પરંતુ તેણે દલીલ કરી કે, આજના સમયમાં તેને ફરીથી શરૂ કરવું સરળ કામ નથી.ખરેખર, છેલ્લા કેટલાક દિવસોથી એવા સમાચાર હતા કે, રણબીર કપૂર ફરીથી આરકે સ્ટુડિયો શરૂ કરવાનો છે. તેણે અંધેરી વિસ્તારમાં આરકે સ્ટુડિયો માટે પાંચ માળની ઈમારત ખરીદી છે. આ ઈમારત કનકિયા વોલ સ્ટ્રીટ કોમર્શિયલ બિલ્ડિંગમાં 20 વર્ષની લીઝ પર લેવામાં આવી છે.જેમાં ફરીથી આરકે સ્ટુડિયો બનાવવામાં આવશે, જેમાં એક આર્ટ સ્ટુડિયો, મેકઅપ રૂમ, સ્ક્રીનિંગ રૂમ અને મંદિર હશે. જ્યારે એક ફ્લોર મ્યુઝિક અને એડિટિંગ માટે પણ રાખવામાં આવ્યો છે. આ વખતે સ્ટુડિયોનું સંચાલન આખો પરિવાર સાથે મળીને કરશે. દિગ્ગજ એક્ટર અને ફિલ્મ મેકર રાજ કપૂરે 1948માં મુંબઈના ચેમ્બુરમાં આરકે સ્ટુડિયો બનાવ્યો હતો. આ સ્ટુડિયોમાં ’બરસાત’, ’આવારા’, ’મેરા નામ જોકર’, ’બોબી’, ’સત્યમ શિવમ સુંદરમ’, ’પ્રેમ રોગ’, ’રામ તેરી ગંગા મૈલી’ જેવી આઈકોનિક ફિલ્મો બનાવવામાં આવી હતી. જોકે, બાદમાં 2019માં કપૂર પરિવારે 180 કરોડમાં સ્ટુડિયોને વેચી નાખ્યો હતો. સ્ક્રીનિંગ રૂમ અને મંદિર હશે. જ્યારે એક ફ્લોર મ્યુઝિક અને એડિટિંગ માટે પણ રાખવામાં આવ્યો છે. આ વખતે સ્ટુડિયોનું સંચાલન આખો પરિવાર સાથે મળીને કરશે. દિગ્ગજ એક્ટર અને ફિલ્મ મેકર રાજ કપૂરે 1948માં મુંબઈના ચેમ્બુરમાં આરકે સ્ટુડિયો બનાવ્યો હતો. આ સ્ટુડિયોમાં ’બરસાત’, ’આવારા’, ’મેરા નામ જોકર’, ’બોબી’, ’સત્યમ શિવમ સુંદરમ’, ’પ્રેમ રોગ’, ’રામ તેરી ગંગા મૈલી’ જેવી આઈકોનિક ફિલ્મો બનાવવામાં આવી હતી. જોકે, બાદમાં 2019માં કપૂર પરિવારે 180 કરોડમાં સ્ટુડિયોને વેચી નાખ્યો હતો.